॥ वेधवास्तु प्रभाकर ॥

VEDHVASTU-PRABHAKAR



सम्पादक

स्थपति प्रभाशंकर ओघडभाइ सोमपुरा

शिल्पविशारद-पालीताणा (सौराष्ट्र)

॥ श्री विश्वकर्मणे नमः ॥

॥ वेधवास्तु प्रभाकर ॥

VEDHAVASTU-PRABHAKAR



संपादक स्थपति
प्रभाशंकर ओघडभाइ
शिल्पविशारद
पालीताणा (सौराष्ट्र)

वि. सं. २०२१ * सने १९६५

शिल्प स्थापत्य कला साहित्य प्रकाशन
श्री बलवंतराय प्र. सोमपुरा एवं भ्राताओ

— ग्रन्थ प्राप्तिस्थान —

स्थपति प्रभाशंकर ओ. सोमपुरा, शिल्पविशारद
गोराबाडी, शिल्प निवास—पालीताणा (सौराष्ट्र)

Sthapati Prabhashanker O. Sompura
Goravadi, PALITANA (Saurashtra)

श्री बलवंतराय प्र. सोमपुरा
३, पथीक सोसायटी
सरदार पटेल कोलोनी
अहमदाबाद नं. १३

Shri Balvantrai P. Sompura
3, Pathik Society,
Sardar Patel Colony
AHMEDABAD-13

एन. एम. त्रिपाठी एन्ड कुं.
प्रिन्सेसस्ट्रीट, बंबई-२

सरस्वती पुस्तक भंडार
रतनपोल हाथीखाना
अहमदाबाद

गुर्जर ग्रंथ रत्न कार्यालय
गांधी रोड, अहमदाबाद

श्री चौखम्बा संस्कृत सीरीज ओफिस
गोविंद मंदिर लेन पो. बो. नं. ८.
वाराणसी-१

Munshiram Manoharlal
P. B. No. 1165, Nai Sarak
DELHE-6

यह ग्रंथका प्रत्येक विभाग एवं चित्राकृति आदि प्लान डीझाइन संपादकके स्वाधीन है।


प्रथमावृत्ति 1st Edition

प्रत १००० हिन्दी गुजराती संयुक्त अनुवाद तथा मूल

Price Rs. ~~10~~/- 20/- Twenty
excluding postage.

मूल्य रु. ~~दस~~ 20/- Twenty
पोस्टेज पृथक्


મુદ્રક : દુદાભાઈ ગોવિંદભાઈ ધામેલિયા, પ્રેમભકિત મુદ્રણાલય-પાલીતાણા-સૌરાષ્ટ્ર




१ ग्रन्थ संपादक श्री प्रभाशंकरजी. २ स्व राष्ट्रपति श्री राजेन्द्रप्रसादजी
३ ना० महाराजा जामसाहेब.



१ ना० महाराजा जामसाहेब. २ उत्तर प्रदेशका गवर्नर श्री मुनशीजी.
३ मद्रास और बंबइका गवर्नर श्री प्रकाशजी.
३ ग्रन्थ संपादक श्री प्रभाशंकरजी.



श्री सोमनाथजीका
सन्मुख दृश्य



श्री सोमनाथजाका
प्रवेश भाग

नामदार महाराजा जामसाहब सर दिग्विजयसिंहजी बहादुर ग्रन्थके बारेमें अपनी शुभाशिष भेजते हुए लिखते है :—

शिल्पशास्त्रके प्राचीन संस्कृत ग्रंथ लोगोंकी भाषामें अनुवाद होकर और गहरे मर्मोंके साथ प्रसिद्ध होवे तो ज्ञानकी रखवाली होती है। असे प्रकाशनकी जरुरत तो थी। श्री प्रभाशंकरभाइ स्थपति द्वारा तैयार किये गये शिल्प ग्रंथको देखकर बडी प्रसन्नता हुइ। शिल्पविशारद श्री प्रभाशंकरभाइके कुलमें परंपरागत रितिसे शिल्पविज्ञानकी रखवाली होती रही हैं। असे कौशल्यवान स्थपतिके हाथों श्री सोमनाथजी महाप्रासादका नवनिर्माण हुआ है यह बडे गौरवकी बात है। असे शिल्पशास्त्रके निष्णातोके ज्ञानका लाभ उठाना भारतके लिये भी गौरवकी बात है। श्री प्रभाशंकरभाइ शिल्पशास्त्रके गहरे मर्मोंकी सुझबूझ रखते है।

अपनी सरकार विद्या और कलाके असे ज्ञाताओंकी कद्र नियमानुसार करती आयी हैं। हम चाहते हैं कि हमारी सरकार असे स्थायी कलाके निष्णातको पद्वी प्रदानसे विभूषित करें और उनकी विशेषतया कद्र करें।

जामनगर ता. १९-११-६०

—✽—

उत्तरप्रदेशके भूतपूर्व गवर्नर भारतीय विद्याभवन बम्बइके कुलपति श्री कन्हैयालाल मुन्शीजी अिस ग्रन्थके बारेमें अपने पुरोवचन लिख भेजते है कि:—

भारतके पास कमसे कम बीस शताब्दी पुरानी अपनी शिल्प स्थापत्यकी एक अपनी निजी परंपरा है। अिसकी समृद्धि और सिद्धी व्यक्त हुइ हो वैसे प्रकाशन अीनेगीने हैं। अिसमें अप्रकाशित साहित्य भी बहुत ही बाकी पडा है। भारतके कुछेक प्रदेशोमें स्थपति लोगोंके पास शिल्प साहित्यके हस्तलिखित ग्रन्थ हैं। प्रस्तुत ग्रंथ असे एक संग्रहके फलस्वरुप है। असे एक हस्तलिखित ग्रन्थका उद्धार एक कौशल्यवान प्राचीन परंपराके पालक स्थपतिके हाथों ग्रंथके स्वरुपमें हुआ है।

श्री प्रभाशंकरभाइका जन्म एक असे सोमपुरा कुलमें हुआ है जो कुल प्राचीन शिल्प स्थापत्यकी परंपराकी रखवाली करनेके पेशेमें मशहूर है। वे सोमनाथजी आदि जैसे महाप्रासादोंके निर्माण करनेवाले और

कौशल्यवान ख्यातनाम स्थपति तो है ही। शिल्प पुस्तकके संपादनसे वे वास्तुशास्त्रके भी निष्णात-ज्ञाता है वैसा भी प्रतित होता है।

श्री सोमपुराने मामुली स्कूली तालीम पाइ है। फिर भी अपने स्वप्रयत्नोसे उन्होंने शिल्प स्थापत्यका आमूल अभ्यास किया है। अिसके लिये वे धन्यवादके पात्र ठहरते हैं। कला और विद्या दोनोंका अैसा अच्छा समन्वय, क्रियात्मक ज्ञानके साधक अैसे स्थपतिही प्राचीन भारतकी समृद्ध परंपराको नया जीवन दे रहे है।

बम्बई ता. १०-१०-६०

—✻—

एशियाके सुप्रसिद्ध पुरातत्त्वज्ञ, बनारस हिन्दु युनीवर्सीटीके कला और स्थापत्य विभागके अध्यापक डो. वासुदेवशरण अग्रवालजी ग्रंथ संपादक और उनकी कलाको सराहते हुए लिखते हैं:—

श्री प्रभाशंकरजी सोमपुरा स्थपति मंदिर निर्माणके प्रख्यात और प्रकृष्ट अनुभवी हैं। अैसे विद्वान अल्प देखे जाते हैं। श्री सोमनाथजीके मध्यकालीन भग्न मंदिर पर वास्तुशास्त्रके नियमानुसार नव निर्माण उन्होंने किया है। उनमें प्राचीन वास्तु विद्याचार्योंके कौशल्यके नवसंस्कार देखकर प्रसन्नता होती है। मेरी इच्छा कबसे एक अैसे व्यक्तिके दर्शन करनेकी थी। वही इच्छा नइ दिल्ही में करीब पंद्रह साल पहले श्री प्रभाशंकरभाइके परिचय से पूर्ण हुअी। वे शास्त्रीय ज्ञानके साथ क्रिया कौशल्यके सच्चे ज्ञाता हैं। मुझे विश्वास है कि शिल्प स्थापत्य कलाके अैसे ग्रंथके प्रकाशनसे समस्त वास्तुशास्त्रके सुस्पष्ट अध्ययनका एक नया द्वार खुलेगा। अिस बातके लिये समाज स्थपति प्रभाशंकरजीका अत्यंत अनुग्रहित है।

—✻—

भारत सरकारके 'टेम्पल सर्वे प्रोजेक्ट' के सुप्रीन्टेन्डन्ट श्री कृष्णदेवजी ग्रन्थके बारेमें अपनी प्रशस्ति अिस प्रकार लिखते है:—

पश्चिम भारतके परंपरागत शिल्पशास्त्रके महान ज्ञाता श्री प्रभाशंकरजी सोमपुरासे सुन्दर और सचित्र अनुवाद सह प्रकाशित किया गया शिल्प ग्रंथ उत्तम है। मंदिर स्थापत्यकी रचना पद्धतिके विशाल ज्ञानको सक्रिय अनुभव

के साथ मिलाकर उन्होंने अिस विषय गहरी सुझबुझ बताअी है। यह एक अद्भुत बात है। उनका यह प्रयत्न संशोधन क्षेत्रकी एक आदर्श कृति है।

भोपाल केम्प ता. १२–१०–६०

—✻—

द्वारका ज्योतिपीठके जगद्गुरु श्री शंकराचार्यजी महाराजके शुभाशीर्वाद और शुभ संदेश :—


शिल्प–स्थापत्य–कला विशारद, शिल्पप्रवर श्री प्रभाशंकर ओ. सोमपुरा का ग्रन्थका प्रकाशन–कार्य बडी प्रसंशाका पात्र है। शिल्प स्थापत्य कलाके ग्रंथ क्षीण होते जा रहे हैं। राज्याश्रय से रहित होकर शिल्पि-लोग आज अन्य व्यवसायमें जा रहे हैं। अिस तरह अिस देशमें विद्या और कलाका ह्रास होता जा रहा है। अैसे जमानेमें प्रसिद्ध ज्योतिर्लिंग श्री सोमनाथजीके महाप्रासादकी आश्चर्यजनक और असाधारण रचनामें कौशल्यवान शिल्पज्ञ महोदय श्री प्रभाशंकरभाइने अपनी कलाका जो निर्माण किया है यह एक आनंदका विषय है।

—✻—

पूज्य जैनाचार्य श्रीमद् विजयोदयसूरिश्वरजी महाराजके शुभाशिर्वाद :—

शिल्पशास्त्री श्री प्रभाशंकरभाइ शिल्पविशारदसे किया गया ग्रंथ संपादनका कार्य शिल्प स्थापत्यके कार्योमें उपकारक हो। जैन आगमोमें शिल्प विषयक संदर्भ मिलते है। यह ग्रंथ शिल्पज्ञान उपर कलश समान है। आर्य साहित्य–ग्रंथोंका सर्जन संस्कृत भाषामें हुआ है। शिल्प विशारद स्थपति श्री प्रभाशंकर ओघडभाइ सोमपुराने बहुत से भव्य जिन-मंदिरें और पर जिनालय, कलामय उपाश्रय, धर्मशालायें, ज्ञानशाला ए आदि धार्मिक स्थापत्यका सर्जन किया है। करीब चालीस सालसे अनवरत वे अिस विषयमें हमारे परिचयमें आये हैं। उनके सुपुत्र श्री बलवंतराय स्थपति भी पीछले पंद्रह वर्षो से हमारे परिचयमें रहे हैं। हमारे आशिर्वाद हैं कि आर्य स्थापत्य और सद्धर्मके आदर्शोको अपना कर आपकी प्रगति हो।

—✻—



श्री उदयेश्वर मंदिरका मंडोवर—उदयपुर (माळवा)

પ્રસ્તાવના

જગતમાં પ્રત્યેક પ્રાણીને શીત, તાપ અને વર્ષાની પ્રાકૃર્તિક અગવડો સામે રક્ષાની આવશ્યકતા પ્રારંભમાં સમજાઇ. આથીજ વાસ્તુ વિદ્યાનો પ્રારંભ સ્થૂળ રૂપે આદિકાળથી થયેલો ગણી શકાય. પૃથ્વીપર વસનારા પ્રાણી જીવો ભૂમિ ખોદીને કે કોતરોમાં કરેલા દર અને પક્ષીઓએ વૃક્ષ પર બાંધેલા માળાની માફક માનવીએ ઘાસની પર્ણકુટી બનાવી અગર પર્વતોની ગુફાઓની શોધ કરી તેમાં વાસ કર્યો. આમ માનવ વિકાસના પ્રારંભ પછી સામુહિક વાસનું ગ્રામ્ય સ્વરૂપ અને પછી નગર રૂપ થયેલ જોઇ શકાય છે. માનવ સભ્યતાના વિકાસ સાથેજ શિલ્પનો વિકાસ ક્રમશઃ થતો ગયો.

"વસ" ધાતુ પરથી વાસ્તુ. વાસ્તુના અર્થમાં ભવન, રાજપ્રાસાદો, દેવપ્રાસાદો, સામાન્ય ગૃહો. જળાશયો, નગર, દુર્ગ, દેશમાર્ગ, વિશ્રામસ્થાન આદિ સમવિષ્ઠ થાય છે. ભારતીય વાસ્તુ વિદ્યાનો પ્રારંભ ઘણો પ્રાચીન છે. વેદો-બ્રાહ્મણ ગ્રંથો-રામાયણ, મહાભારત, બૌધ ગ્રંથો અને જૈનઆગમો, સંહિતાઓ આદિમાં વાસ્તુ વિદ્યાના ઉલ્લેખો મળે છે.

स्थापत्यवेदो विश्वकर्मादि शिल्पशास्त्रं अथर्ववेदस्योपवेदः ॥

સ્થાપત્ય વાસ્તુવિદ્યા એ અથર્વવેદનો ઉપવેદ છે અથર્વવેદના સૂકતોમાં સ્થાપત્ય કલા વિશે ઘણું કહ્યું છે.

પ્રાચીન આર્યયુગમાં તે સાદા રૂપમાં અલ્પજીવી પદાર્થોથી થવા લાગી. કાષ્ટ, ઇષ્ટિકા અને પાષાણ પછી ધાતુ આદિ વાસ્તુ દ્રવ્યોનો વપરાશ ક્રમે ક્રમે થતો ગયો અને રામાયણ અને મહાભારત જેવા ઐતિહાસિક મહા કાવ્યોમાં દેવાલયો, રાજમહાલયો અને સામાન્ય ગૃહોના વિવિધ વર્ણનોને શાબ્દિક ચિત્રો આપેલા છે. માનવ વિકાસની સાથે શિલ્પવિદ્યાનો પણ વિકાસ થતો ગયો.

વદિક, જૈન કે બૌધ સંપ્રદાયની ગુફાઓ કોતરવા પછી પાષાણનાં દેવાલયોના બાંધકામોની પ્રથા શરૂ થઇ હોય તેમ માનવાને કારણ મળે છે.

દેશના જુદા જુદા ભાગોમાં ગુફાઓ કોતરી શકાય તેવી ગિરિમાળાઓ છે. ત્યાં પ્રથમ સાદા રૂપમાં કોતરાવા લાગી. પાછળથી તે અલંકૃત થવા લાગી. કેટલીક ગુફાઓની છત કાષ્ટની પ્રતિકૃતિ રૂપે છે તેથી તે કળા કાષ્ટ પરથી પાષાણમાં ઉતરાવી હોય તેમ લાગે છે.

આવી કળામય ગુફાઓની છત અને દીવાલો પર પૌરાણિક ધાર્મિક પ્રસંગો અને સુંદર મૂર્તિઓ કોતરાયેલ છે. તેના દર્શન કરતાં જગતના કળા વાંચ્છુઓનું મસ્તક ભારતના શિલ્પીઓ પ્રતિ નમે છે. શિલ્પીઓએ જડ પાષાણને સજીવરૂપ આપી પુરાણના કાવ્યને હુબહુ પ્રદર્શિત કર્યું છે. તેમાં દર્શન કરી ગુણજ્ઞ પ્રેક્ષકો શિલ્પીની સર્જન શકિતની પ્રશંસા કરતાં ધરાતા નથી. અહીં ટાંકણાના શિલ્પ વડે શિલ્પીઓ અમરકૃતિ સર્જી ગયા છે. અખંડ પહાડોમાંથી કોતરેલ ઈલોરાના કૈલાસ મંદિરની ભવ્ય કળામય વિશાળ પ્રાસાદની રચના શિલ્પીઓની અદ્ભૂત કળા ચાતુર્યનો અજોડ નમૂનો છે.

કોઈપણ દેશની સંસ્કૃતિનું મૂલ્ય તેના પ્રાચીન સ્થાપત્ય અને સાહિત્ય પરથી અંકાય છે. વિદ્યા કળા તો દેશનું અમોલું ધન છે. શિલ્પ સ્થાપત્ય માનવ જીવનનું અત્યંત ઉપયોગી મર્મભર્યું અંગ છે. આ કળા હૃદય તેમજ ચક્ષુ બન્નેને આકર્ષે છે. શિલ્પ સૌંદર્ય એ માત્ર તરંગ નથી પણ હૃદયનો સભર ભાવ છે. જગતમાં ભારતનું સ્થાપત્ય ઉત્તમ કોટિનું દેશને ગૌરવ લેવા સરખું છે.

ભારતમાં સર્વ સાહિત્યનો પ્રારંભ ધર્મ બુદ્ધિથી પ્રેરાઇને થયેલ છે. શિલ્પશાસ્ત્ર પણ ધર્મ ભાવના સાથે સંકળાયેલું છે. જેની બુદ્ધિપૂર્વકની રચના પ્રાચીન ઋષિમુનિઓએ કરેલી છે.

ભારતીય વાસ્તુવિદ્યાનો પ્રારંભ કાળ ઘણો પ્રાચીન છે. વેદો, બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, પુરાણો, જૈન આગમો, બૌધગ્રંથો, સંહિતાઓ અને સ્મૃતિગ્રંથોમાં વાસ્તુવિદ્યાના ઉલ્લેખો મળે છે.

શિલ્પ સ્થાપત્યની પ્રાસાદ રચના ભારતની આધ્યાત્મિક વિચારધારામાંથી ઉદ્ભવી છે. પુનર્જન્મના સિદ્ધાંત મુજબ જીવ પ્રાણી વિકાસ સાધતો અનેક કોટીની યોનીઓમાં જન્મતાં જન્મતાં આખરે બ્રહ્મમાં વિલીન થાય છે. આ સિદ્ધાંત દેવમંદિરના શિખર શંકુ આકારે યોજ્યો છે. ધર્મ પ્રવૃત્તિથીજ ધાર્મિક સ્થાપત્ય ભારતમાં ઠેર ઠેર ઉભાં થયાં. તે દ્વારાજ શિલ્પી વર્ગને

ઉત્તેજન પણ મળ્યું. પ્રાચીનકાળમાં શિલ્પીઓને બ્રહ્માના પુત્ર માની પૂજન થતું. એશિયા ખંડમાં જાપાનમાં બૌધધર્મનો પ્રચાર થતાં તે દેશની રાજમાતાએ પ્રજામાં સહર્ષ ઢંઢેરા દ્વારા ઇચ્છા પ્રદર્શિત કરેલી કે “ મારા રાજ્યના નગરો અને ઉદ્યાનોમાં શિલ્પીઓના ટાંકણાનો ગુંજારવ સદા થતો રહે.”

શુક્રાચાર્યે કળા અને વિદ્યા વિશે બહુ સુંદર સ્પષ્ટતા કરી છે. વિદ્યા અનંત છે અને કળાની ગણત્રી થઈ શકતી નથી પરંતુ સામાન્ય રીતે વિદ્યા બત્રીશ છે અને કળા ચોસઠ પ્રકારની કહી છે. આગળ જતાં તેઓ વિદ્યા અને કળાની સામાન્ય વ્યાખ્યા આપતાં કહે છે.

यद्‌यत्स्याद वाचिकं सम्यकर्म विद्याभिसंज्ञकम् ।
शक्तो मुकोपि यत्कतुं कलासंज्ञंतु तत्स्मृतम् ॥

જે કાર્ય વાણીથી થઇ શકે તેને વિદ્યા કહે છે અને મુંગો પણ જે કાર્ય કરી શકે તે “કળા”. શિલ્પ, ચિત્ર, નૃત્ય આદિ મૂક ભાવે થઇ શકે છે તેથી તે દરેકને કળા કહી છે.

કળાના પ્રકાર વિષે જુદા જુદા આચાર્યોએ જુદી જુદી સંખ્યા કહી છે– શુક્રાચાર્યે અને લલિત વિસ્તારમાં તેમજ કામસૂત્રમાં અને શ્રીમદ્ ભાગવતમાં–કળ ૬૪ પ્રકારની કહી છે. સમુદ્રપાળે જૈનસૂત્રમાં ૭૨ કળા વર્ણવી છે. યશોધરે કામશાસ્ત્રમાં કળા ૬૪ કહી છે પરંતુ તેમાં અવાન્તર ભેદે ૫૧૨ કળાના ભેદ પાડેલા છે.

સૂત્રધાર, શિલ્પી, સવર્ણકાર, કંસકાર (કંસારા), ચિત્રકાર, માલાકાર (માળી), લોહકાર, શંખકાર (શંખના આભૂષણો બનાવનાર), કુંભકાર કુલિન્દ્રકાર, (વણકર)–આમ કળામાં વિવિધ હુન્નરો સમાવ્યા છે. નૃત્ય, ગીત અને વાદિત્ર એ સર્વ કળા છે. હુન્નરકળાના જ્ઞાતાના જૂથ પ્રમાણે તેઓની જ્ઞાતિઓ બંધાઇ–મહાભારતમાં વિશ્વકર્માને હજારો શિલ્પના સૃષ્ટા કહ્યા છે.

વાસ્તુશાસ્ત્રના મહાન પ્રણેતા ઋષિમુનિઓ હતા. તેઓ અરણ્યના શાંત વાતાવરણમાં રહી અનેક શાસ્રો અને વિદ્યા અને કળાના જીજ્ઞાસુઓને પોતાના આશ્રમમાં રાખીને વિદ્યા દાન કરતા. મત્સ્યપુરાણકારે તેવા અઢાર આચાર્યોના નામો આપેલ છે. ભૃગુ, અગ્નિ, વશિષ્ટ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજિત, વિશાલાક્ષ, પુરંદર, બ્રહ્મા, કુમાર, નંદીશ, શૌનક, ગર્ગ, વાસુદેવ, અનિરૂદ્ધ, શુક અને બૃહસ્પતિ.

અગ્નિપુરાણ અ. ૩૯ માં લોકાખ્યાયિકામાં તંત્ર ગ્રંથ કર્તાના ૨૫ નામો આપેલ છે. માનસારમાં બત્રીશ શિલ્પાચાર્યના નામ આપેલા છે જોકે આ ગ્રંથોમાં કેટલાક નામોની પુનરૂકિત થઈ જાય છે તેમાં શિલ્પનો પણ વિષય હશે. એ રીતે ૧૮+૨૫+૩૨=૭૫ માંથી ખરા વિશ્વકર્માપ્રકાશમાં કહ્યું છે કે:-

इतिप्रोक्त वास्तुशास्त्र पूर्वंगर्गायधियते ।
गर्गैत्पराशरः प्राप्तस्तस्याप्राप्तोबृहद्रथ
ब्रहद्रथद्विश्वकर्मा प्राप्तवान वास्तुशास्त्रकम् ॥

મહર્ષિ ગર્ગ મુનિ વાસ્તુશાસ્ત્રના મહાબુદ્ધિમાન જ્ઞાતા હતા તેમાંથી પરાશર મુનિને પ્રાપ્ત થયું. તેમાંથી બ્રહદ્રથને પ્રાપ્ત થયું. બ્રહદ્રથ મુનિથી વિશ્વકર્માને વાસ્તુશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત થયું. તેમણે જગત હિતને સારૂં પ્રવર્તાવ્યું. આ ક્રમ પાછલા યુગના વિશ્વકર્માનો હોય. કારણકે મૂળ તો આદિ વિશ્વકર્માજ શિલ્પશાસ્ત્રના પ્રણેતા ગણવામાં આવે છે. એક સ્થળેથી વાસ્તુશાસ્ત્રના જ્ઞાતા-ઓની નોંધ મળેલ છે: તેમાં શૌનક, રાવણ, રામ, પરશુરામ, હરિ, ગાલવ, ગૌતમ, ગોભિલ, (અને વિશ્વકર્માના ચાર શિષ્યોમાં) જયવિજય, સિદ્ધાર્થ, અપરાજિત, વૈક્ષયાચાર્ય, ગચ્છવૈક્ષ, મયપુત્ર, કાર્તિકેય અને ચ્યવન–આમ જણાવેલ છે.

માનસારમાં બત્રીશ શિલ્પાચાર્યોના નામો આપેલા છે. બૃહદ્સંહિતામાં મનુ, પરાશર, કાશ્યપ, ભારદ્વાજ, પ્રહલાદ, અગસ્ત્ય, માર્કંડેયના નામો આપેલાં છે. તે ઉપરાંત ગર્ગ, મય અને નગ્નજીત અને વસિષ્ઠના પ્રમાણો પોતાના ગ્રંથના અવતરણ રેફરન્સ આપેલ છે. કમભાગ્યે ત્રણેક આચાર્યો સિવાય કોઇ આચાર્યોનો એક સળંગ ગ્રંથ હજુ ઉપલબ્ધ થયો નથી.

શ્રી વિશ્વકર્મા અને તેના શિષ્યોના સંવાદ રૂપ ગ્રંથો અપરાજીતપૃચ્છા, જયપૃચ્છા, નારદ અને વિશ્વકર્માના સંવાદ રૂપ. ક્ષીરાર્ણવ અને વૃક્ષાર્ણવ ગ્રંથો છે. જ્ઞાનપ્રકાશ, દીપાર્ણવ, જ્ઞાનરત્નકોશ, વિશ્વકર્મપ્રકાશ, વાસ્તુવિદ્યા જ્ઞાનસાર, અપરાજિત વાસ્તુશાસ્ત્રકારિકા, રત્નતિલક– આ ગ્રંથો સિવાય દશમી સદીમાં વિરોચન લક્ષણ સમુચ્ચય. માળવામાં ભોજદેવનાકાળમાં સમરાંકણ સૂત્રધાર, કાષ્ટશિલ્પ વિષય, શ્રી મલ્લદેવે "પરિમાણ મંજરી" તેરમી સદીમાં ઠક્કુર ફેરૂએ વાસ્તુસાર માગધીમાં રચેલો છે.

મંડન નામનો સૂત્રધાર સોળમી સદીમાં થયેલ તેના પિતા ગુજરાત પાટણના ભારદ્વાજ ગોત્રના હતા. તેઓ મેવાડના રાણાકુંભાના નિમંત્રણથી ગુજરાતમાંથી મેવાડમાં વસેલા. તે વિદ્વાનના કાળમાં શિલ્પગ્રંથો અસ્તવ્યસ્થ અને ઘણા અશુદ્ધ થયેલા તેનો પુનરૂદ્ધાર વિદ્વાન મંડને કરીને તેણે નવા ગ્રંથોની રચના કરી. પ્રાસાદમંડન, રૂપમંડન, વાસ્તુમંડન, રાજવલ્લભ, દેવતા મૂર્તિ પ્રકરણ, રૂપાવતાર વગેરે શિલ્પગ્રંથોની સુંદર રચનાઓ કરી. તેના પરિવારમાં ગોવિંદે "કલાનિધિ" અને "ઉદ્ધાર દોરણી", મંડનના કનિષ્ઠબંધુ માધજીએ "વાસ્તુમંજરી", મંડનના બે પુત્રો ગોવિંદ અને ઇશર, અને ઇશરનો પુત્ર છીતા થયો. સૂત્રધાર રાજસિંહે "વાસ્તુશાસ્ત્ર", સૂ. સુખાનંદે 'સુખાનંદ-વાસ્તુ", પં. વસુદેવે "વાસ્તુપ્રદીપ", "સચ્છિલ્પ તંત્ર", સૂ. વીરપાલે "પ્રાસાદ-તિલક" રચ્યાં.

આમ પશ્ચિમ ઉત્તર ભારતના વિદ્વાનોના ગ્રંથો વર્તમાનમાં પ્રાપ્ત થાય છે. પૂર્વ ભારતમાં ઓરિસ્સામાં શિલ્પના ગ્રંથો છે તેમાં શિલ્પસાહિત્ય મળે છે. તે સંસ્કૃત, પ્રાકૃત, લોક ભાષા મીશ્રમાં ગ્રંથો છે.

દ્રવિડ ગ્રંથોમાં ભયમતમ, માનસાર, કાશ્યશિલ્પ આદિ ગ્રંથો છે. સોળમી સદીમાં શ્રીકુમારે શિલ્પરત્ન ગ્રંથની રચના કરી. મહાયાલય ચંદ્રિકા, વિશ્વકર્મા વગેરે પ્રાપ્ત થાય છે.

પુરાતત્ત્વવિદો ગ્રંથોની ભાષાપરથી આ ગ્રંથો બારમી સદી પછીના કાળના રચાયેલા કલ્પે છે તે વિવાદાસ્પદ છે. બૃહદ્સંહિતા બીજી કે છઠ્ઠી સદીની કહેવાય છે. શુકનીતિ તેની પછીના કાળની છે. લક્ષાત્સમુચ્ચય દશમી સદીનો રચના કાળ જણાય છે. પ્રાચીન રૂઢીના શિલ્પોને ઘાટના વિકાસને અંતે આ ગ્રંથો લખાયા હોય. ગ્રંથોમાં દર્શાવેલા ચાર વિભાગના ઘાટથી ગુપ્તકાળના અને તે પહેલાં અને પછીના કાળના સ્થાપત્યોના ઘાટમાં ભિન્નતા છે તેથી આપણે અનુમાન કરી શકીએ છીએ કે કાળના ગ્રંથોનો કાંતો નાશ થયો અને દશમીથી બારમી સદી પછી સ્થાપત્યના નિયમો રૂઢ થયા પછી આ ગ્રંથોની રચના થઇ હોય.

વાસ્તુશાસ્ત્ર અને શિલ્પ સ્થાપત્યની વ્યાખ્યાની સ્પષ્ટતાના અભાવે તે ત્રણેનું યથાર્થ સ્વરૂપ સમજનો ભાષા પ્રયોગ કરવામાં લોકો મીશ્ર અર્થ કરે છે. વાસ્તુશાસ્ત્ર એ સર્વના બહોળા અર્થમાં છે. તેમાં અંતર્ગત સ્થાપત્ય અને સ્થાપત્યનું અંતર્ગત શિલ્પ છે.

૧. વાસ્તુશાસ્ત્ર-દેશ, પથ, નગર, દુર્ગ, જળાશય, રાજપ્રાસાદ, દેવપ્રાસાદ, સામાન્ય જ્ઞાન, શિશજ્ઞાન, ભૂમિપરીક્ષા એ સર્વ વિદ્યાનું શાસ્ત્ર એ વાસ્તુશાસ્ત્ર.

૨. સ્થાપત્ય-નગર, દુર્ગ, જળાશય, રાજપ્રાસાદ વગેરે વિશાળ બાંધકામ સ્થાપત્ય.

૩. શિલ્પ-દુર્ગનાં દ્વાર, રાજભવન, દેવપ્રાસાદ, જળાશયો આદિ સ્થાપત્યોના સુશોભન, અલંકરણ, મૂર્તિ-પ્રતિમા, ગોખ, જરૂખા આદિ અલંકૃત ભાગ તે શિલ્પ.

શિલ્પીઓના કર્તવ્યની પ્રશંસા- ભારતના શિલ્પીઓએ પુરાણના પ્રસંગોને પાષાણમાં સજીવ કોતર્યા છે. તેમનાં ટાંકણાની સર્જનશક્તિ પ્રશંસાને પાત્ર છે. જડપાષાણને વાચા આપનારા આવા કુશળ શિલ્પીઓ પણ કવિજ છે. તેઓ ભારે ધન્યવાદને પાત્ર છે. અલબત્ત કલા કોઈ ધર્મ કે જાતિની નથી. એ તો સમગ્ર માનવસમાજની છે. ભારતીય શિલ્પીઓએ આ કળાદ્વારા સ્વર્ગ-વૈકુંઠને પૃથ્વી પર ઉતાર્યું છે. સ્થાપત્ય કળા પ્રત્યે આજે રાજકર્તા સરકાર બેદરકાર બની છે એ દેશનું દુર્ભાગ્ય સૂચવે છે.

જડ પાષાણમાં પ્રેમ, શૌર્ય, હાસ્ય, કરુણા કે કોમળભાવ મૂર્તિમંત કરવો બહુ કઠીન છે. ચિત્રકાર તો રંગ રેખાથી તે દર્શાવી શકે છે, જ્યારે શિલ્પી રંગની મદદ વિનાજ પાષાણમાં ભાવ સર્જન કરે છે તેમાં તેની અપૂર્વ શક્તિ રહેલી છે. ભારતીય કળાએ તો જગતના શિલ્પ સ્થાપત્યમાં ઘણો કિંમતી ફાળો આપ્યો છે.

ભારતીય શિલ્પ સ્થાપત્ય પર વિધર્મીઓના સાતસો વર્ષના પ્રહાર પછી પણ શિલ્પીઓએ કળાને જીવતી રાખી છે. પાશ્ચાત્ય શિલ્પીઓ તાદશ્યતાનું નિરૂપણ અનુકરણ કરે છે, ત્યારે ભારતીય શિલ્પીઓએ પોતાની કૃતિમાં ભાવના રેડવાનું કઠીન કાર્ય કર્યું છે.

અનેક કવિઓ સ્ત્રીની પ્રકૃતિ વિકૃતિના ગુણોનાં ગાન ગાય છે. તેનાં સૌંદર્યનું પાન કરાવનાર ભવભૂતિ અને કાળીદાસ જેવા મહાન કવિઓએ તેનાં રૂપ અને ગુણોની શાશ્વત ગાથા ગાઇ છે. તેની પ્રકૃતિથી રીઝેલા ભારતીય શિલ્પીઓએ સ્ત્રી સૌંદર્યને માતૃત્વભાવે પ્રદર્શિત કર્યું છે, જ્યારે પાશ્ચાત્ય શિલ્પીઓએ વાસનાના ફળ રૂપે તેને કંડારી છે.

ભારતીય શિલ્પીઓએ ભારતીય જીવન દર્શન અને સંસ્કૃતિને પોતાનુ સર્વોત્તમ લક્ષ માનીને રાષ્ટ્રના પવિત્ર સ્થાનો પસંદ કરીને ત્યાં પોતાનું જીવન વીતાવીને વિશ્વની શિલ્પકળાના ઇતિહાસમાં અદ્વિતીય વિશાળ ભવનોના નિર્માણ કર્યાં છે, જે જોતાંજ સૌ કોઇ આશ્ચર્યમુગ્ધ બને છે.

ભારતીય શિલ્પીઓએ પહાડોમાંથી દીર્ઘકાય શિલાઓ ખોદી કાઢીને ભૂખ અને તરસની પણ પરવા કર્યા વગર પોતાના ધર્મની મહત્તમ ભાવના રાષ્ટ્રના ચરણોમાં ધરી છે. જનતા જનાર્દન અને ધર્મ સંસ્કૃતિના પ્રતીકનું પ્રસ્થાપન કર્યું છે. જનતાએ પણ શંખનાદ વડે પોતાના શિલ્પકારની અક્ષય કીર્તિને ચતુર્દિશ ફેલાવી છે. જગતે આવા શિલ્પીઓની અજબ સ્થાપત્ય કળાના કારણે ભારતને અજરઅમર પદે સ્થાપેલ છે. આવા પુણ્યવાન શિલ્પીઓને કોટિ કોટિ ધન્યવાદ ઘટે છે.

શિલ્પના આદ્યપ્રણેતા વિશ્વકર્માની ઉત્પત્તિ વિશે પૃથક પૃથક મતો છે. તેમાં પુરાણોમાં દક્ષપ્રજાપતિની ૬૦ કન્યાઓમાંથી દસ કન્યાઓ "ધર્મ" ના વેરે પરણાવી તેમાંની 'વસુ" નામની કન્યાથી અષ્ટ વસુ થયા. તેમાંના કનિષ્ઠ પુત્ર પ્રભાસ થયા. તેઓએ મહર્ષિ ભૃગુની બહેન સાથે પાણિગ્રહણ કર્યું તેનાથી વિશ્વકર્મા થયા. આમ પુરાણોમાં ઉલ્લેખ છે.

માનસર ગ્રંથમાં વિશ્વકર્મા સત્યયુગમાં મૃગશીર્ષમાં બ્રહ્મકુળમાં થયેલા. વિશ્વકર્મપુરાણના આધારે વર્તમાનમાં શિલ્પીઓ મહા શુદ ૧૩ ના રોજે તેમનો જન્મોત્સવ શિલ્પી વર્ગ ઉજવે છે.

સૂત્રસંતાન અપરાજિત ગ્રંથમાં શ્રી વિશ્વકર્માના ચાર માનસપુત્રો (૧) જય (૨) વિજય (૩) સિદ્ધાર્થ અને (૪) અપરાજિત કહ્યા છે. અન્યમાં મય અને ત્વષ્ટા નામ પણ આપેલાં છે.

પદ્મપુરાણ ભૂખંડમાં વિશ્વકર્માનાં પાંચ મુખથી પાંચ શિલ્પીઓ ઉત્પન્ન થયા તેમ પદ્મપુરાણના ભૂખંડમાં કહેલ છે. તે વિરાટ વિશ્વકર્મ કહ્યા છે તે પંચાનનો અને પંચાલાદિ પૂજે છે.

સૂત્રસંતાન ગ્રંથમાં ચારે માનસ પુત્રોને વિશ્વકર્માએ જ્ઞાન આપ્યાનું જણાવે છે.

૧. જયને હેમવંત પાછળ એક ગુફાશ્રમના રમ્ય સ્થાને શ્રી વિશ્વકર્માએ વાસ્તુશાસ્ત્ર સંબંધનું જ્ઞાન આપ્યું. તેની ચોવીશ હજાર (ગ્રંથ) શ્લોક પ્રમાણની ગ્રંથાકારે રચના થઇ.

૨. વિજયને હેમકૂટ મહાશૈલી ઉપર સો યોજન ઊંચે વિરૂપાખ્યાશ્રમે શ્રી વિશ્વકર્માએ નૃત્ય, ગીત, વાદિત્ર, રાગ, તાલ, લાસ્ય-હાસ્ય, તાંડવ, સપ્ત સ્વર, છ રાગ, છત્રીશ રાગીણી વિષયનું જ્ઞાન આપ્યું તે બારહજાર શ્લોક પ્રમાણ ગ્રંથની રચના થઈ. તે ભરતના નામે ઓળખાયું.

૩. સિદ્ધાર્થને મંદાર પર્વત સુખાસીનથી શ્રી વિશ્વકર્માએ તાલુ કંઠસ્વર શાસ્ત્ર, ગણિત, જ્યોતિષ, વ્યાકરણ, અલંકાર સહિત છંદ તથા તેને મુકિત માર્ગનું રહસ્ય પણ આપ્યું.

૪. અપરાજિતને પણ વાસ્તુવિદ્યાનું જ્ઞાન જયના જેવું આપેલ લિંગ પ્રતિમા, પીઠ, રાજગૃહો, નગર, દુર્ગ, પ્રતોલી માર્ગ, ગોપુર, જળાશયો આદિ વાસ્તુશાસ્ત્રનું રહસ્ય આપ્યું અને તે દસહજાર શ્લોક પ્રમાણ ગ્રંથની રચના થઈ.

પદ્મપુરાણ તથા લૈગેશિવાગમ તથા વસિષ્ટપુરાણ ૩-૬ માં વિશ્વકર્માના પાંચમુખના નામ અને તેમાંથી ઉત્પન્ન થયેલ પંચ શિલ્પીઓનાં નામ અને ગોત્ર કહ્યાં છે. તેમાં પાંચ શિલ્પીઓના (૧) મનુ લોહકર્મના. (૨) મય કાષ્ટ-કર્મના. (૩) ત્વષ્ટા કંસકાર. (૪) શિલ્પી શિલ્પકાર. (૫) દૈવજ્ઞ સુવર્ણકાર એમ પાંચ શિલ્પીઓના નામ અને કર્મ, સ્કંદપુરાણના નાગરખંડ અ. ૬-૧૩-૧૪ માં કહેલ છે.

શિલ્પીઓમાં સામાન્યરીતે એક મુખના વિશ્વકર્મા બ્રહ્મા સ્વરૂપ જેવા દાઢીવાળા, ત્રણ નેત્ર, ચાર ભૂજાના સૂત્ર-માપકરણનો ગજ, પુસ્તક અને કમંડળ એમ ચાર સૃષ્ટિમાર્ગે ધારણ કરેલ છે, હંસનું વાહન છે. તૈતિરીયશ્રુતિ પંચ બ્રહ્મોપનિષદમાં વિશ્વકર્માને પંચમુખી અને દશભૂજાના કહ્યા છે. તે પંચમુખ પૂર્વાદિ દિશાના ક્રમે, મનુ, મય, ત્વષ્ટા, શિલ્પી અને દૈવજ્ઞ (તક્ષ કહ્યા છે. તેમના દશ હાથના આયુધો સૌ પોતપોતાના કર્મ પ્રમાણે કલ્પે. શિલાકર્મ કરનારાઓ કમંડળ. સૂત્ર હથોડી, સાધણી (લેવલ) અને પુસ્તક જમણા હાથમાં અને ટાંકણું, ગજ, ચુનાલોઢું, માળા અને ઓળંભો એમ પાંચ ડાબા હાથમાં ધારણ કરેલા.

પદ્મપુરાણ ભૂખંડમાં પંચમુખને દશભૂજ વિશ્વકર્માના જમણા પાંચ-હાથમાં કોદાળી, પાવડો, તગારૂ (તાંસળી), ઘટિકાપાત્ર (ઘડો) અને સુવર્ણ કમંડળ છે અને ડાબા પાંચ હાથમાં કરવત, હથોડી, સાણસી, અલંકાર અને અગ્નિકુંડ ધારણ કરેલાં છે. આ સ્વરૂપ લોહકાર, સુવર્ણકાર, કાષ્ટકાર અને કંસકાર (કંસારા)ને પૂજ્ય છે.

સ્કંદપુરાણ નાગરખંડ અ. ૬ માં પાંચે શિલ્પીઓના કર્મ કહ્યા છેઃ—

अयस्कृतिर्मनूनां च मयानां दारुकर्म च ।
त्वष्टुणा ताम्रकर्माणि शिलाकर्म च शिल्पिनाम् ॥१३॥
सौवर्णं तक्षकाणां च पंचकर्माणि तानि वै ।
एतै पंचकरूपाश्च यज्ञकर्म पराः स्मृताः ॥१४॥

વિશ્વકર્માના પાંચ પુત્રોમાંના મનુએ લોહકર્મ મયે કાષ્ટકર્મ, ત્વષ્ટાએ તામ્રકર્મ (કંસારાનું) શિલ્પીએ પાષાણકર્મ અને તક્ષક દૈવજ્ઞે સુવર્ણ-ચાંદીનું કર્મ કર્યું તે પાંચે પ્રકારના કર્મો યજ્ઞકર્મો કહેવાય છે.

વસિષ્ઠપુરાણના પ્રવરાધ્યાયમાં ઉપરોકત પાંચે કર્મકારના ૨૫-૨૫ ગોત્રો કહ્યા છે. પરંતુ શિલ્પી સોમપુરાના-અઢાર ગોત્રો આથી ભિન્ન છે એટલે સોમપુરા શિલ્પીઓ વિશ્વકર્માના રૂપ હોઇ તેઓના ગોત્ર પૃથક છે.

વિશ્વકર્મા પૃથક પૃથક કાળમાં પ્રગટ થયા વેદો અને ઉપનિષદોમાં તેના ઉલ્લેખો છે. ઋગ્વેદ અને યજુર્વેદમાં ભૃગુકુલમાં વિશ્વકર્મા થયા. તે પછીના કાળમાં આંગીરસ કુળમાં ઉત્પન્ન થયા. અને ત્રીજો અવતાર બ્રહ્મ કુલોત્પન્ન પ્રભાસવસુના પુત્ર વિશ્વકર્મા પ્રગટ થયા. આંગીરસ વિશ્વકર્મા વિરાટ વિશ્વકર્માનો ચોથો અવતાર મનાય છે તેમ મહાભારતમાં તેનો ઉલ્લેખ છે. આચાર્ય વિશ્વકર્માનો પાંચમા અવતારનો ઉલ્લેખ વાયુપુરાણમાં છે. જગદ્દગુરુ વિશ્વ-કર્માના છઠ્ઠા અવતારનું વર્ણન સકલાધિકારમાં આપેલ છે. પ્રજાપતિ વિશ્વ-કર્માના સાતમા અવતારનો ઉલ્લેખ મૂલસ્તંભમાં આપેલ છે. કાશ્યપીય વિશ્વકર્માના આઠમા અવતારનું વર્ણન સ્કંદપુરાણમાં છે. શિષ્પાચાર્ય વિશ્વકર્મા અને બ્રહ્મકુલોત્પન્ન વિશ્વકર્માના નવમા અને દશમા અવતારનો ઉલ્લેખ બ્રહ્મવૈવર્તપુરાણમાં આપેલ છે. જુદા જુદા ગ્રંથો આપેલ વર્ણન અને અવતાર જુદા જુદા નામે કરેલ હોવાથી તે સમજવું કઠીન થઇ પડે છે.

યજુર્વેદ ૩૧-૧૧ તથા વસિષ્ઠપુરાણ અ. ૬ અને મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ-

॥ विश्वकर्मा कुले जाता गर्भब्राह्मण निश्चितां ॥

વિશ્વકર્મા કુળમાં જન્મેલા જન્મથીજ બ્રાહ્મણો છે. તેમાં શંકા નથી. પ્રાચીન કાળમાં આ સર્વ વર્ગ શુદ્ધ કર્મકાંડ ધર્મને આચરણને પાળનારા હતા. વ્યવસાયના કારણે અને ઉતરતા વર્ગના સંસર્ગથી તેઓ તે કર્મકાંડ વિસરતા ગયા તેમ તેઓને મૂળ કર્મકાંડી બ્રાહ્મણો પોતાનાથી ભિન્ન માનવા લાગ્યા. આથીજ તેઓની પૃથક વ્યવસાય પ્રમાણેના જ્ઞાતિઓ બંધાઇ.

ભારતમાં શિલ્પીઓની જાતિ જુદા જુદા પ્રાંતોમાં વસેલી છે. તેઓમાંના થોડા વર્ગની માહિતી મેળવવા પ્રયાસ કર્યો છે. ચારસો, પાંચ કે સાતસો વર્ષ પહેલાં તેઓ જે વ્યવસાય કરતા તેઓ વર્તમાનમાં બીજાજ વ્યવસાયમાં ધર્માંધતાથી કે વટાળ પ્રવૃત્તિમાં પડી ગયા છે તેથી શિલ્પીવર્ગની ચોક્કસ માહિતી મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે.

વિશ્વકર્મા અને તેના વંશજોના અઢારેક (૧૮) શિલ્પીઓની નોંધ આ નીચે આપું છું:—

(૧) વિશ્વજ્ઞ (દ્રવિડમાં શિલ્પકર્મ કર્તા) (૨) આચાર્ય (દ્રવિડમાં) (૩) પંચાલ (ગુર્જર મહારાષ્ટ્ર) (૪) દૈવજ્ઞ ( ) (૫) સ્થપતિ (પશ્ચિમ ભારતના સોમપુરા) (૬) રથાકાર (દ્રવિડ અને ગુર્જર આદિ પ્રદેશમાં) (૭) સૌધન્વ ( ) (૮) પૌરૂષેય ( ) (૯) નારાશંસ ( ) (૧૦) કંસાલી (કંસારા) (૧૧) કમાલિયન ( ) (૧૨) અર્કશાળી ( ) (૧૩) જાંગીડ (આંગીરસ બ્રાહ્મણનું અપભ્રંશ. આ લોક મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં વસે છે) (૧૪) ધીમાન (સોમપુરા) (૧૫) પંચ શિલ્પી ( ) (૧૬) કોકાસ ( ) (૧૭) તક્ષા (સુવર્ણકાર) (૧૮) કર્મકાર ઓઝા (કુંભકાર)
ઉપરોક્ત ૧૮ પ્રકારના શિલ્પ કર્મકારો પૃથક પૃથક વિભાગમાં વહેંચાયેલા છે.

વર્તમાન કાળમાં જે જે પ્રમુખ શિલ્પી જ્ઞાતિ વર્ગનનું સંશોધન કરતાં પ્રાપ્ત થયું તે આપીએ છીએ:—

૧. સોમપુરા—શિલ્પનો આ અભ્યાસી વર્ગ પશ્ચિમ ભારતમાં સોમપુરા શિલ્પીઓનો છે. સ્કંદપુરાણના પ્રભાસ ખંડમાં તેમની ઉત્પત્તિઓ પ્રભાસ-સોમનાથમાં થઇ તે રસિક ઇતિહાસ છે. તેઓ બ્રાહ્મણ તરીકે કર્મ કરે છે. પરંતુ દાન સ્વીકારતા નથી. સોમપુરાને પવિત્ર માનેલ છે, તેની ઉત્પત્તિ અને તેઓએ શિલ્પ વ્યવસાય કેમ સ્વિકાર્યો તે પુરાણમાં કહ્યું:—

प्रभासेहृत्पत्तिर्यस्य शिल्पकर्मं प्रदायिना ।
सोमपुरा ज्ञाति रुपोहि देहः श्री विश्वकर्मणः ॥१॥
सोमनाथाज्ञयाकेचित् सोमपरारिति स्मृताः ।
पाषाणकर्मकर्तारो विश्वकर्मानुगामिनः ॥२॥
चतुराशिति विज्ञेया ब्राह्मणा द्विजकर्मणि ।
धर्मशास्त्र गुणैर्युक्ता भोगैश्वर्यै विभूषिता ॥३॥

સૌરાષ્ટ્રના સોમનાથ–પ્રભાસક્ષેત્રમાં જેની ઉત્પત્તિ છે તેવા શિલ્પકર્મના જ્ઞાતા સોમપુરા વિશ્વકર્મા સ્વરૂપ છે. સોમનાથજીની આજ્ઞા વડે વિશ્વકર્માના અનુગામી પાષાણ કર્મના કર્તા, ચોરાશી કળાના જ્ઞાતા, ચોરાશી પ્રકારના બ્રાહ્મણોમાં ધર્મશાસ્ત્રના ગુણયુક્ત ભોગ અને ઐશ્વર્ય વડે શોભતા એવા દ્વિજ કર્મમાં અનુરક્ત સોમપુરા બ્રાહ્મણો થયા.

સોમપુરા શિલ્પીઓ મૂર્તિઓ ને મંદિરોનું નિર્માણ કરે છે તેઓ પાસે હસ્તલિખિત શિલ્પગ્રંથોનો સંગ્રહ હોય છે. યજ્ઞોપવિત ધારણ કરે છે. તેઓમાં ૧૮ ગોત્ર છે. તેથી પરસ્પર લગ્ન ગ્રંથીથી જોડાય છે. સગોત્ર લગ્ન કરતા નથી. પુનર્લગ્નની પ્રથા પાછળથી દાખલ થઈ. બ્રાહ્મણ સિવાય કોઈનું જમતા નથી.

આ સોમપુરા શિલ્પીઓ–ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને મેવાડમાં વસેલા છે એટલે તેઓએ પશ્ચિમ ભારતના સુપ્રસિદ્ધ શિલ્પ સ્થાપત્યોના તેઓએ નિર્માણ કરેલા છે. તેઓ બ્રાહ્મણ હોવાથી તેમણે યજમાન વૃત્તિ સ્વિકારી દાન ગ્રહણ કરવાની ના પાડી તેથી દેવોએ તેઓને આ પૃથ્વી પર વિશ્વકર્મા સ્વરૂપે પ્રવૃત્તિ કરાવી.

૨ મહાપાત્ર–મહારાણા પૂર્વ ભારતના ઓરીસ્સામાં વસે છે તેઓ શિલ્પના સુંદર મંદિરો શાસ્ત્રવિધિ પ્રમાણે બાંધે છે. તેઓ પાસે શિલ્પગ્રથો હસ્તલિખિત હોય છે. પુરી અને ભુવનેશ્વર તથા કોનાર્ડના મંદિરો તેઓના વડીલોના બાંધેલા છે. વિશ્વકર્મા મહારાણા અને મહાપાત્રની બે પદવીઓ ત્યાંના શિલ્પીઓ વિશેષ ધારણ કરે છે. પુરીમાં તેઓના ૩૦ કુટુંબો વસે છે. યાજપુરમાં બે કુટુંબ અને ભુવનેશ્વરમાં બે કુટુંબ વસે છે.

૩. પંચાનન જાતિના શિલ્પીઓ—કર્ણાટક, આંધ્ર ને મહારાષ્ટ્રના પ્રદેશોમાં વસે છે. વિશ્વકર્મા જાતિના પંચાનન નામની જાતિના શિલ્પીઓ પોતાને બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે. યજ્ઞોપવિત ધારણ કરે છે, વિશેષ ભાગના માંસાહાર કરતા નથી, થોડો વર્ગ અમુક પ્રદેશમાં રહે છે, ગાયત્રી પૂજાપાઠ કરે છે, સ્ત્રીઓ પુનર્લગ્ન કરતી નથી, તેઓ પાસે શિલ્પગ્રંથોનો સંગ્રહ હોય છે. આ પંચાનન શિલ્પીઓ એકજ જ્ઞાતિના છે અને તેઓ (૧) શિલ્પી (૨) સુવર્ણકાર (૩) કંસકાર (૪) કાષ્ટકર્મકાર અને (૫) લોહકાર એમ જુદા જુદા પાંચ વ્યવસાયના જુથોની એકજ જ્ઞાતિ છે—એકજ વ્યવસાય ધંધાદારીનું એક ગોત્ર છે તેથી તેઓ પોતાના ધંધાદાર ભાઈમાં સગોત્ર લગ્ન કરી શકે છે, તેઓ બ્રાહ્મણ સિવાય કોઈના હાથનું ભોજન લેતા નથી.

શિલ્પીઓ મંદિરો બાંધે છે, મૂર્તિઓ બનાવે છે, તેઓ પણ સગોત્રના છે કાષ્ટકાર્યો રથો બનાવે છે, તેને ચાંદી પણ ચડાવે છે. આ પંચાનન શિલ્પીઓમાં રોટી બેટી વ્યવહાર પરસ્પરમાં છે. તેઓનો વિસ્તાર પ્રદેશ આંધ્ર જીલ્લામાં બીજવાડા, કાકીવાડા, રાજમહેંદ્રી, ગુન્ટુર, તેમાલી. પૂર્વ-પશ્ચિમ ગોદાવરી તથા આંધ્રના ૧૧ જીલ્લા કર્નુલ. કડપ્પા, ચીતુર, અનંતપુર, મચ્છલીપટ્ટમ, બાલાજી (રેણુગુંટા) વિજયનગર એટલે ઉત્તરે વાડી જંકશન. દક્ષિણે બાલાજી (રેણુગુંટા) પશ્ચિમે કાવેરી મુચકુંદા નદી સુધી અને પૂર્વમાં બંગાળ ઉપસાગર સમુદ્રતટ સુધી છે. આ પંચાનન શિલ્પીઓ મહારાષ્ટ્રના વિસ્તારમાં છે.

વિશ્વકર્મા પંચાનન શિલ્પીઓમાં વિ. સં. ૧૨૩૫ ના સમયમાં સોમેશ્વર ગંગાધર કરીને સુપ્રસિદ્ધ વિદ્વાન લોહકર્મના જ્ઞાતા- ગુલબર્ગ જીલ્લામાં ગોનાલ ગામમાં થઇ ગયેલા. તેઓ અવતારી પુરુષ ગણાતા-વર્તમાન કાળમાં આ વર્ગના પણ ધારવાડ જીલ્લામાં દેવગિરિમાં અને ગુડી સંસ્થાનમાં પણ એવા ગૃહસ્થી છતાં આશ્રમ જીવન ગાળી રહ્યા છે. મૈસુરમાં સિદ્ધાલન સ્વામી શિલ્પના જ્ઞાતા હતા. તેમના બે પુત્રોમાંના નાગલિંગસ્વામી મંદિરો ને મૂર્તિઓ બનાવે છે. બીજા મહાદેવ સ્વામી રાજ્યાશ્રયે શિલ્પ વિદ્યાલય હાલ ચલાવે છે. તેઓ પંચાનના શિલ્પી જાતિના છે. તે કુટુંબને મૈસુર રાજ્યથી શિલ્પ પંડિત તરીકે વર્ષાસન હજુ મળે છે.

આ વિશ્વકર્મા પંચાનન પાંચ શિલ્પીઓના સ્વરૂપ-કર્મ-દેવ, ગોત્ર, તિલકચિહ્ન અને વેદ નીચેના કોષ્ટકથી જાણવા:—

૧	વિશ્વકર્માના પંચ	મનુ	મય	ત્વષ્ટા	શિલ્પી	દેવજ્ઞ વિશ્વજ્ઞ
	મુખથી ઉત્પત્તિ	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તરે	ઉર્ધ્વ
૨	”	સદ્યોજા	વામદેવ	અધોર	તત્પુરુપ	ઇશાન
૩	કર્મ	લોહકાર	કાષ્ટકાર	કંસકાર	શિલ્પકાર	સુવર્ણકાર
૪	ગોત્ર	સાનગ	સનાતન	અહભૂત	પ્રત્નસ	સુપર્ણ
૫	વેદ	ઋગ્વેદ	યજુર્વેદ	સામવેદ	અથર્વવેદ	ૐ સૂક્ષવેદ
૬	દેવ	રૂદ્ર	વિષ્ણુ	બ્રહ્મા	ઇંદ્ર	આદિત્ય
૭	તિલકચિહ્ન	ત્રિપૂંડ	ઊભું તિલક	ચાંદલો	ચોરસ	ઊભું ચોરસ

હળશાળ રાજ્યકુળે બંધાવેલ હલીબેડ– બેલુર અને સોમાનાથપુરમનાં સર્વોત્તમકૃતિનાં મંદિરો ઉપરોક્ત કુળના શિલ્પીઓના પૂર્વજોની રચના છે. ઇ. સ. ૧૧૧૭ માં ડંકનાચાર્ય નામે વિદ્વાન શિલ્પી તેમાં હતા. કર્ણાટક મૈસુર પ્રદેશમાં ગણાય છે અને તેની શિલ્પશૈલી વેઅર કે વિરાટ જાતિની દ્રવિડથી ઉત્તરે થતી.

૪ તૈલંગણુ પંચાનન વિશ્વકર્મા શિલ્પીઓ વર્ગઃ— આંધ્ર અને તૈલંગણુ પ્રદેશ મેળવીને હમણાની સરકારે આંધ્ર પ્રદેશની રચના કરી તેમાં તૈલંગણુ આવી જાય છે. તૈલંગણુના નવ જીલ્લામાં હૈદરાબાદ, નિઝામાબાદ, નાલગુંડા, વરંગુલ, મહેબુબનગર, કરીમનગર, આદિલાબાદ વગેરે છે. તેઓ તૈલંગણુના પંચાનન વિશ્વકર્મા વર્ગના છે. પરંતુ તેઓ ઉપરોક્ત આંધ્ર, કર્ણાટક કે મહારાષ્ટ્રના પંચાનનથી ભિન્ન જાતિના છે. તેઓની સાથે રોટી બેટી વ્યવહાર નથી. ત્રણસો વર્ષથી મુસ્લીમ પ્રદેશોમાં રહેવાથી માંસાહાર કરે છે. છતાં તેઓનું બ્રહ્મત્વ ઓછું નથી. ગાયત્રી પૂજાપાઠ કરે છે. યજ્ઞોપવિત ધારણ કરે છે. સ્ત્રીઓ પુનર્લગ્ન કરતી નથી. તેઓ બ્રાહ્મણ કે કોઇ ઉચ્ચ જાતિના હાથનું ભોજન લેતા નથી. તેઓમાં મરણ બાદ અગ્નિસંસ્કાર કે ભૂમિદાહની પ્રથા છે. તૈલંગણ શિલ્પીઓ મંદિરનું નિર્માણ કરે છે. મૂર્તિઓ પણ બનાવે છે. તેઓમાં રથ સોના ચાંદીને લુહાર, સુતારનું અને કંસારાના વ્યવસાય કરે છે. તેઓના શિલ્પીઓ પાસે હસ્ત લિખિત ગ્રંથોનો સંગ્રહ પણ હોય છે.

૫. વિરાટ વિશ્વ બ્રાહ્મણ આચાર્ય શિલ્પીઓ– દ્રવિડ પ્રદેશનાં મદ્રાસ, મદુરાઇ (જીલ્લો), દક્ષિણમાં રામેશ્વર, કુંભકોણમ, ત્રિવેંદ્રમ, કન્યાકુમારી, પશ્ચિમે કેરાલા (મલબાર), પૂર્વે ચિદમ્બર, કાંચી, શ્રીરંગમ અને ઉત્તરે બાલાજી સુધીમાં તેઓના જ્ઞાતિના શિલ્પીઓ તાલિમ અને મલયાલાય પ્રદેશોમાં છે. આ દ્રવિડ શિલ્પીઓ વિશ્વકર્મા વંશના બ્રાહ્મણ કુળના હોવાનો દાવો કરે છે. તેમના કેટલાક સિલોનમાં પણ વસે છે. કુંભકોણમ પાસે એક નાના ગામમાં ધાતુમૂર્તિઓમાં પ્રવિણ એવા શિલ્પીઓ વસે છે. આ વર્ગના શિલ્પીઓ માંસાહાર કરે છે. યજ્ઞોપવિત ધારણ કરે છે. સ્ત્રીઓ પુનર્લગ્ન કરતી નથી. વૃદ્ધ સ્ત્રીઓ મસ્તક મુંડાવે છે. તેઓ પાસે શિલ્પના હસ્ત લિખિત ગ્રંથોનો સંગ્રહ પણ હોય છે. તેઓમાં ત્રણ ગોત્ર છેઃ (૧) અગસ્ત (૨) રાજગુરુ (૩) સન્મુખ સરસ્વતી. તેઓ સગોત્ર લગ્ન કરતા નથી.

આ વિરાટ વિશ્વ બ્રાહ્મણ આચાર્ય શિલ્પીઓમાં મરણ બાદ કુંવાર સ્ત્રી, પુરુષોને નનામીમાં સુવાડીને સ્મશાન લઇ જાય છે. પરિણિતને પાલખીમાં બેસારીને સ્મશાન ભૂમિ લઇ જવાનો રિવાજ છે. તેઓમાં અગ્નિ સંસ્કારની પ્રથા નથી પરંતુ તેઓ ભૂમિદાહ દે છે. આ વિચિત્ર રિવાજ છે.

આ દ્રવિડ શિલ્પીઓ પાસે નાયકર, પીલ્લેવાલ, કૈન્ટર અને મુદલીયાર લોકો કારીગર તરીકે કામ કરે છે પરંતુ તે મૂળ શિલ્પી જાતિના નથી.

૬. **(૧) વૈશ્ય (૨) મેવાડા (૩) ગુર્જર (૪) પંચોળી**—આ ચારે અને પંચાળ એમ પાંચે જાતિના શિલ્પીઓ વિશ્વકર્માના પુત્રો હોવાનો દાવો કરે છે. આમાં વૈશ્યશિલ્પીઓ પોતાને સર્વથી ઊંચા માને છે. તેઓ બીજા કોઈનું-બ્રાહ્મણ સિવાયનું-જમતા નથી. વૈશ્ય, મેવાડા, ગુર્જર અને પંચોળી આ ચારે વર્ગ કાષ્ટ કાર્ય કરે છે. પંચાળ લોહ કર્મ કરે છે. વૈશ્ય અને મેવાડા દેવાંશી કામ એટલે મંદિરના રથ,- પાલખી, ભંડાર આદિ વિશેષ કરે છે. તેઓ ચાંદીનું કામ પણ કરે છે. વૈશ્ય ઊંચા છે. બાકીના ઉતરોત્તર છે. ગુર્જર સિવાય બધા યજ્ઞોપવિત ધારણ કરે છે જોકે હવે ગુર્જરો પણ જનોઈ પહેરે છે. સ્ત્રીઓ ભાગ્યે જ પુનર્લગ્ન કરે છે.

ગુર્જર અને પંચોળી ગામડામાં ખેતીના ઓજારોનું કામ કરતા. હવે તેઓ શહેરમાં મકાનોનું, ફર્નિચરનું વગેરે કામ સુંદર બનાવે છે. આ પાંચેમાં કોઇને રોટી બેટી વ્યવહાર નથી જોકે વૈશ્યનું બીજાઓ જમે છે. કાષ્ટકાર્ય કરનારાઓ ઇલોરગઢ યાત્રાએ જાય છે ત્યાં વિશ્વકર્માનું મંદિર હોવાનું માને છે. પરંતુ ખરી રીતે તો તે બૌધ મૂર્તિ વિશાળ છે પણ શ્રદ્ધાથી ત્યાં યાત્રા કરે છે.

પંચાળ શિલ્પીઓ—લોહ કર્મ કરે છે. વર્તમાનમાં તેઓ એન્જીનો અને મશીનરીનું ઢાળવા વગેરેનું વૈજ્ઞાનિક રીતે અજબ કામ કરે છે. આ પંચાળ ભાઇઓ ગામડાઓમાં ખેતીના ઓજારો કરી આપે છે. શહેરોમાં ફીટીંગ સામાન-વગેરેનું કામ કરે છે. તેઓમાંના ચાંદીના દાગીનાઓ પણ બનાવે છે અને વેપારી પણ છે. પંચાળભાઇઓમાં જ્ઞાતિ જાગૃતિ ઘણી છે તેથી તેઓમાં કેટલાક સુખી કુટુંબો પણ છે.

પંચાળ શિલ્પીઓ—આંધ્ર કર્ણાટકના પંચાનન શિલ્પીઓના માફક વિશ્વકર્માથી પોતાની ઉત્પત્તિ માને છે અને પંચાનનો પ્રમાણે કર્મ, ગોત્ર, વેદ, દેવ વગેરેને પ્રામાણિક રીતે માને છે.

૭ ગૌડ બ્રાહ્મણ શિલ્પીઓ—રાજસ્થાનના ઉત્તર ભાગમાં જયપુર, અલવર વગેરે આસપાસ અને ગામડામાં વસે છે. જયપુરમાં વિશેષ કરીને તેઓ મૂર્તિઓ બનાવવાનો વ્યવસાય કરે છે. જોકે તેઓ મંદિરોનું નિર્માણ પણ કરી શકે છે તેઓ પાસે શિલ્પના ગ્રંથો છે, બ્રાહ્મણ તરીકે વ્યવહાર રાખે છે, યજ્ઞોપવિત વિધિથી ધારણ કરે છે, પરંતુ શાકાહારી છે. આમાંના કેટલાક ગામડામાં વસનારા ખેતીનું પણ કામ કરે છે. પુનર્લગ્નની પ્રથા બહુ અલ્પ છે. આ વર્ગ ફકત પાષાણકર્મજ શિલ્પી તરીકે કરે છે. બહુ થોડા ધાતુમૂર્તિ ને ચિત્રકારીનું પણ કામ કરે છે.

૮. જાંગડ જાતિના શિલ્પી વર્ગ—મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં વિશેષ કરીને તેઓ આંગીરસના અપભ્રંશ જાંગડ કહેવાતા હોય તેમ કેટલાકની માન્યતા છે. તેઓ લોહકર્મ વિશેષ કરીને કરે છે ગુજરાતના પંચાળ ભાઈઓની જેમ તેઓ મશીનરી વગેરે બનાવે છે. અન્ય સ્થળે કાષ્ટકર્મ પણ કરે છે. ચિત્રકારીનું પણ કામ કેટલાક કરે છે, ગામડમાંના ખેતીનું કામ પણ કરે છે, કેટલાક સાદું પાષાણ કામ પણ કરે છે, તેઓ વિશ્વકર્માને પોતાના ઈષ્ટદેવ માને છે. ભોપાલમાં તે જ્ઞાતિના વિદ્વાન વિશ્વકર્મા નામનું માસિક કાઢે છે, તેઓ દિલ્હી સુધી પણ વસતા હોય તેમ લાગે છે.

કચ્છ, સૌરાષ્ટ્રમાં કુંભારિયા કડીયા પથ્થર અને ચણતરનું કામ કરે છે. સૌરાષ્ટ્રમાં પ્રભાસ, માંગરોળ, પોરબંદર, ઊના વગેરે તે પંથકમાં સલાટ નામે ઓળખાતી જ્ઞાતિ છે. તેઓ પોતાને સોમપુરાની જ્ઞાતિના કહે છે પરંતુ તેઓ માંસ દારૂનો ઉપયોગ કરે છે. તે સોમપુરા જ્ઞાતિના અરધી ગુજરાત, સૌરાષ્ટ્રમાં, કચ્છમાં વૈશ્ય, મેવાડા, ગુર્જર અને પંચોળી, સુતારો સિવાય સઇ સુતારના નામે ઓળખાતો વર્ગ છે. તેઓમાંના કેટલાક દરજીનું કામ કરે છે અને અમુક કાષ્ટકર્મ સુતારી કામ કરે છે.

પશ્ચિમ ભારતના ગુજરાત, સૌરાષ્ટ્ર રાજસ્થાન, મેવાડના સોમપુરા શિલ્પીઓ અને ગૌડ બ્રાહ્મણ રાજસ્થાનના ઉત્તરે જયપુર અલવરવાળા શિલ્પીઓ બ્રહ્મણકુળના શિલ્પી છે. હજુ તેઓમાં બ્રહ્મત્વ કાંઇક અંશે રહ્યું છે. પંચાનન શિલ્પીઓ વૈશ્યકુળના અને ઓરિસ્સાના મહામાત્ર મહારાણા ક્ષત્રિયકુળના શિલ્પીઓ હોય તેમ અનુમાન છે દ્રવિડના શિલ્પીઓ કયા વર્ગના છે તે જોવાનું છે. બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, સરહદપ્રાંત અને હિમાલયપ્રદેશના શિલ્પીકુળોનું સંશોધન કરવાની આવશ્યકતા છે.

ભારતના કેટલાક પ્રાંતોમાં ધર્માંધ રાજબળની વટાળ પ્રવૃત્તિથી ધર્મ-પરિવર્તનના કારણે કુળપરંપરાનો વ્યવસાયવાળો શિલ્પી વર્ગ નષ્ટ થયો. એવા લોકો શિલ્પના આજીવિકાના અભાવે અન્ય વ્યવસાયમાં પડી ગયેલા છે. કેટલાક હજુ મુસલમાન સલાટ તરીકે જીવે છે. તેઓ મૂળ તો ભારતીય શિલ્પીઓ છે.

કચ્છ પ્રદેશમાં સોમપુરા શિલ્પીઓને "ગઈધર" કહે છે તે ગજધરનું અપભ્રંશ છે. સૌરાષ્ટ્ર, ગુજરાત આદિ પશ્ચિમ ભારતના જૂના લેખો શિલ્પ-શાસ્ત્રને સૂત્રધારથી ઓળખાવેલ છે. સૂત્રધારનો અપભ્રંશ-"ઠાટ" શબ્દથી શિલ્પીઓ પરસ્પર સંબોધતા. અંગ્રેજી રાજ્ય શાસનમાં કારીગરોના સમુહના ઉપરીને મીસ્ત્રી શબ્દથી સંબોધે છે. તે શિલ્પીઓ માટે યોગ્ય સંબોધન નથી. "શિલાવટ"નું અપભ્રંશ સલાટ જેને ઉત્તર ભારતમાં શિલાવટ કહે છે.

દ્રવિડ-મય સ્થપતિની એક શાખા અમેરિકાના મેકસીકોના પ્રદેશમાં જઈ વસેલ. હાલ પણ તેઓ માયા નામથી પૃથક જાતિ તરીકે ઓળખાય છે. તેના રીતરિવાજો-ધર્મ જુદા છે. તેઓ અમેરિકામાં ઇજનેરી કળામાં કુશળમાં કુશળ આ જાતિ ગણાય છે.

મયશાસ્ત્રના ત્રીજા અધ્યાયમાં શિલ્પીની મહત્તા ઘણી કહી છેઃ –

शिल्पिमाता शिलापुत्रो दासत्वं सवपूजका ।
मातामह पिता शिल्पि पुत्रांश्च सर्वं दैवताः ॥६॥
शिल्पिपूजा शिलापूजा शिल्पिदुखें न दुखितं ।
शिल्पिनो कल्पितं देव शिल्पि ब्रह्ममयं जगत् ॥७॥
धेनुर्गजतुरङ्गाश्च ग्रामक्षेत्राणि छत्रयुत् ।
शिल्पिनो मनः संतुष्टं देव संतुष्टरेव च ॥८॥
शिल्पि नमस्कया पूर्वं पश्चात ब्राह्मणो राजा ॥

પ્રતિમાના શિલા પુત્ર રૂપ શિલ્પીરૂપ માતાથી જન્મ ધારણ કરે છે અને તેના પૂજનારા દાસ છે. સર્વ દેવ પુત્રરૂપ છે. અને શિલ્પી માતા અને પિતા રૂપ છે. શિલાનું અને શિલ્પીનું પૂજન કરવું શિલ્પીના દુઃખે દુઃખી થવું. શિલ્પીને દેવરૂપ કલ્પવા. શિલ્પી એ બ્રહ્મમય જગતમાં છે તેને ગાયો, હાથી, ઘોડા, ગામ, ખેતર, છત્ર, ચામર આદિ ભેટ કરવા. શિલ્પીનું મન સંતુષ્ટ કરવાથી દેવ સંતુષ્ટ થાય છે. પ્રતિમા પછી સર્વ પ્રથમ શિલ્પીને નમસ્કાર કરી પછી બ્રાહ્મણ આચાર્ય ન રાજાને નમસ્કાર કરવા.

આપણા મહર્ષિઓએ નીતિશાસ્ત્રના નિયમો નક્કી કરી વિરૂદ્ધ વર્તનારને પાતક લાગવાનું કહી સમાજને સચેત કરેલ છે અને રાજાઓને પણ આજ્ઞા કરી છે કે તેવા મનુષ્યોને શિક્ષા કરવી. પાતકનું ફળ તેને ભોગવવાનું રહે છે. એ રીતે સ્થાપત્યના નિયમો વિરૂદ્ધ થયેલ બાંધકામથી શિલ્પી અને ગૃહ-સ્વામી યજમાનને તેના દોષનું ફળ ભોગવવાનું કહેલ છે. વર્તમાન કાળમાં આવા વેધને વહેમ ગણી માનવાને તાત્કાલિક બુદ્ધિએ તૈયાર નથી હોતા, પરંતુ તેઓ ભૂલી જાય છે કે મહર્ષિઓએ રચેલા શાસ્ત્રોના નિયમો ઘણા ગહન અને ઊંડા વિચારને અંતે ઘડેલા છે. અને શાસ્ત્રીય નિયમો ખરેખર વ્યવહારૂ અને કેટલાક અગમ્ય છે તે જો વિજ્ઞાનની દૃષ્ટિએ બારીકાઈથી તપાસી ઘટાવવામાં આવે તો તેનું મહત્ત્વ જણાયા વગર ન રહે. પાશ્ચાત્ય કેળવણી પામેલાઓ ઉપરછલ્લી દૃષ્ટિએ આવી વાતોને હમ્બગ માને છે તે ખોટું છે.

દ્વાર સામે થાંભલો આવે કે દ્વાર સામે ખૂણો પડતો હોય તો તે દૃષ્ટિનેજ બરાબર નથી લાગતું. દ્વાર સામે દ્વાર કે બારી કે જાળી હોવા જોઈએ. તેમ ન હોય તો વેધ કહેલ છે. પરંતુ આરોગ્યની દૃષ્ટિએ તે જરૂરી છે. તેમ હોય તો હવાનો સંચાર થાય. શાસ્ત્રમાં કહેલા માન પ્રમાણથી ઓછું હોય તો તે કામ નબળું થાય છે; અધિક હોય તો વજન વધીને ભારરૂપ થાય; પ્રમાણથી પાયો ઓછો હોય, ચણતરમાં સાંધચાળો ન હોય, નીચે કરતાં ઉપર જાડું હોય, છંદભંગ કે થરભંગ હોય કે સમસૂત્ર (લેવલમાં) ન હોય, દ્વાર સામે પાણીનો સતત પ્રવાહ વ્હેતો હોય, દ્વાર સામે માર્ગ પડતો હોય, એકં કરે બે ઘર હોય, ઘરના કે પશ્ચિમે નજીક કૂવો હોય, જે ઘર જોતાંજ ભયાનક લાગતું હોય, ઘરના ઓરડાઓની ભૂમિતળ ઊંચા નીચું હોય, દ્વાર સામે પાટડો આવતો હોય, ઘરની નીચેની ભૂમિથી વિપરીત તેની ઉપરની ભૂમિના દ્વાર, સ્તંભ, પાટ કે ભીંત આઘા પાછા મૂકેલા હોય વગેરે અનેક દોષો કહ્યા છે.

ગૃહના પ્રાસાદના પ્રતિમાના નગર કે રાજગૃહમાં એમ અનેક વેધ દોષ કહ્યા છે. વાસ્તુશાસ્ત્રમાં મકાન કે મંદિરોમાં અમુક માપ મેળવીને તેના પરથી તેનાં આય, નક્ષત્ર, ચંદ્ર, ગણ, રાશી આદિ મેળવવાનું કહ્યું છે તે ખગોળ જ્યોતિષની દૃષ્ટિએ સરખાવીશું તો તેનું રહસ્ય વૈજ્ઞાનિક રીતે બરાબર યોગ્ય સમજાશે. ઘર કે મંદિરની ભૂમિ નીચે શલ્ય (હાડકા) હોય તો તે દોષ છે તેથી ભૂમિ શુદ્ધિ કરવી જરૂરી છે. આ વસ્તુ જો વૈજ્ઞાનિક રીતે

ઊંડેથી વિચારવામાં આવે તો તે સત્ય છે અમુક અમુક સ્થાન પર ઘર ન કરવું તે જો વિચારવામાં આવે તો સત્ય જણાયા વગર ન રહે શાસ્ત્રકારોએ વિવિધ વેધદોષ ઉપર પાપ અને મૃત્યુનો ભય બતાવેલ છે, તેવા અજ્ઞાની શિલ્પીને નર્કનો અધિકારી કહ્યો છે, જ્યારે સ્વામી નિર્ધન થવાનો ભય બતાવેલ છે. એ રીતે સમાજને સજાગ કરેલ છે તે યોગ્યજ છે. બાંધકામના કોઇ પણ નિયમથી વિરૂદ્ધ કરવાનું ફળ વેધદોષનું ફળ ગૃહસ્વામી અને તેના કુટુંબને ભોગવવું પડે છે. આથી જ્ઞાની સમજદાર શિલ્પીને કાર્ય સોંપવું.

ભૃગુ સંહિતામાં શિલ્પના વાસ્તુ દ્રવ્યોમાં પાષાણ, ઈંટ, ચુનો, લાકડું, માટી, અષ્ટલોહ (મિશ્રધાતુ), મુખ્યત્વે કહી છે વર્તમાન વૈજ્ઞાનિક કાળમાં બાંધકામના દ્રવ્યોમાં અનેક રીતે સંશોધનો થઇ રહ્યા છે. તેમાં જુદી જુદી જાતના વાસ્તુ દ્રવ્યો બનાવે છે. પરંતુ કેટલાક સ્થાને હવામાનને પ્રતિકૂળ દ્રવ્યો આરોગ્યની દૃષ્ટિએ નુકશાન કારક થઇ પડે તેથી તેવાનો શાસ્ત્રકારોએ નિષેધ કરેલ છે. વર્તમાનકાળના વિજ્ઞાનના વિકસિત સંશોધનના સામે (ધર્મ વિરૂદ્ધ હોય તે સિવાય) આપણે કશું ન કહી શકીએ.

એક વસ્તુ મારે દુઃખ સાથે જણાવવી પડે છે કે વર્તમાનકાળમાં પ્રગતિના નામે ભારતીય કળાનો નાશ થઈ રહ્યો છે. તે આપણા દેશના કેટલાક પાશ્ચાત્ય કેળવણીકારો તે નાશના કારણભૂત છે. ભારતની કળાકૃતિ કરતાં પશ્ચિમનું સારૂં છે તેવું તેઓ મનાવે છે. આપણા રોટલો દાળ કરતાં પાંઉ બ્રેડ સારાં છે, આપણા સસ્તા કડુ કરીયાતાની ઔષધિ કરતાં પશ્ચિમી ઢબના ઔષધિના બાટલા સારા છે, ભારતની સંસ્કારી પતિવ્રતા આર્યનારી કરતાં પશ્ચિમની લજ્જા મર્યાદા વગરની નારી શ્રેષ્ટ છે. આવી અધોગતિની માન્યતાવાળા ભારતના પશ્ચિમી પક્ષપાતીઓની વિકૃત દૃષ્ટિમાં તેઓને દેશના કળા કે સાદાઈના ગુણો પ્રત્યે અભાવ છે.

ભારતમાં વર્તમાનમાં હમણાં શિલ્પ, સ્થાપત્ય અને ચિત્ર એ ત્રણે કળામાં એવી વિકૃતિ પેઠી છે કે ભારતી કળાનો નાશ કરશે કે શું ? (૧) સ્થાપત્યમાં પશ્ચિમનું અનુકરણ કરી પશ્ચિમના માળા જેવા ઢંગધડા વગરના વિકૃત અને કળા વિહિન ભવનો ઉભાં થઈ રહ્યા છે. (૨) સુંદર મૂર્તિઓનું સર્જન આંખને આનંદ આપતું તેના સ્થાને એક સુકા લાકડાનું ઠુંઠું કે જેને કોઇ હાથ પગ મોં માથું નથી તેવા શિલ્પની પ્રશંસા થઈ રહી છે. (૩) ચિત્રો સુંદર થતાં જે પ્રેક્ષકોને આનંદથી સભર કરી દેતા તેના સ્થાને

કાંઇ સમજ ન પડે તેવા બાળકોએ કરેલા રંગના લપેડા કે ગુણપાટ કોથળા પર રંગના ઢંગધડા વગરના પીછામાં કલ્પના સર્જીને તેના ગુણગાન ગવાય છે. પ્રેક્ષકને સમજાવવું પડે છે કે આ શું છે? આવા આવા વિકૃત ચિત્રો કરી જગતને મૂર્ખ બનાવે. યુરોપનો આવો એક ચિત્રકાર પિકાસો કે જે લાખો પાઉંડ આવા વિકૃત ચિત્રોમાં કમાયો છે તે પોતેજ કહે છે કે મને પણ કાંઇ સમજ નથી પડતી તેવા આડા અવળા રંગના પીછાએ પ્રદર્શનોમાં સુવર્ણચંદ્રક અપાવ્યા છે. દુનિયા મૂર્ખ છે, તે બીજાને મૂર્ખ બનાવી રહ્યા નો ખુલ્લો એકરાર કહે છે. આવુંજ એક મહિલા ચિત્રકાર કહે છે કે મારા પાળેલા વાંદરાએ કરેલા આડા ઉભા પીછાએ જગતમાં સુવર્ણ ચંદ્રક અપાવ્યો. એજ મહિલાએ જગતને ઉલ્લુ બનાવતું નિવેદન કર્યું.

મોડર્ન આર્ટના નામે ભારતીય કળાનો નાશ થઇ રહ્યો છે. આ કાંઇ કળાનો વિકાસ નથી પણ ભારતીય કળાની હાંસી થઇ રહી છે.

વર્તમાન કાળમાં શિલ્પ સ્થાપત્ય કળાને પ્રોત્સાહન આપનાર વર્ગ, ધર્માધ્યક્ષો, ધનાઢયો અને રાજાઓ હવે રહ્યા નથી તેથી કળાને પ્રોત્સાહન મળતું નથી તેમજ આ વિદ્યાના ગ્રંથોના સંશોધન પણ હવે થતાં નથી. આથી વર્તમાન કાળની સરકારે આ કળાને સર્વ રીતે વિકસાવવી જોઇએ. વર્તમાન સરકાર તો નૃત્ય. ગીત, નાટકચેટક અને ફોક ચિત્ર જેવી અસ્થાયી કળાને પ્રોત્સાહન આપી રહી છે. જ્યારે સ્થાયી શિલ્પ સ્થાપત્ય કળાની ઉપેક્ષા થઇ રહી છે. સરકારની ઉદ્દાસીનતા છે.

સ્થાપત્યાધિકારી- વાસ્તુશાસ્ત્રમાં યજમાને શિલ્પીના ગુણદોષ તપાસીને શ્રેષ્ઠ શિલ્પીને સત્કારીને કાર્યધુરા સોંપવી. શાસ્ત્રકારોએ બાંધકામના અધિકારી પ્રમાણેમાં ચાર વર્ગ પાડેલ છે. (૧) સ્થપતિ-પ્રમુખ, ચીફ એંજીનીયર (૨) સૂત્રગ્રાહી-રેખા ચિત્ર દોરનારો, શિલ્પીઓની ભાષામાં "સૂત્રછોડો" આર્ચિટેકટ (૩) તક્ષક-સૂત્ર પ્રમાણને જાણનાર-પાષાણ કાર્યમાં નકશી રૂપ કરનારો- (૪) વર્ધકી-બે પ્રકારના કહ્યા છે. એકતો કાષ્ટ કર્મ કરનાર, અને બીજા માટી કાર્યમાં નિપુણ (મોડલીસ્ટ).

પ્રાસાદ શિલ્પની રચના ભારતના પ્રત્યેક પ્રાંતમાં કંઇક ભિન્ન ભિન્ન કહી છે. તેમાં મુખ્ય તો ઉત્તર ભારતની જુદી જુદી જાતો છે પરંતુ તે વિશેષ ભાગે નાગરાદિ જાતિની રચના છે. દક્ષિણ તરફની દ્રવિડ જાતિ અને ઉત્તર દક્ષિણ વચ્ચેની વેસર (યા વિરાટ ?) જાતિના પ્રાસાદો છે. શાસ્ત્રકારોએ

પ્રત્યેક પ્રાંતના ભિન્ન ભિન્ન તરીકે (૧) નાગર (૨) દ્રવિડ (૩) ભૂમિજ (૪) લતિન (૫) વિનાન (૬) મિશ્રક (૭) પુષ્પક (૮) સાવધારા એ મુખ્ય જાતિ કહી છે. ઉપરાંત બીજી પણ છ જાતિ કહી છે.

ઉત્તર ભારત કરતાં દ્રવિડના પ્રાસાદોની ભવ્ય અને વિશાળ વિસ્તારની રચના હોય છે. ઉત્તર ભારતમાં વિશેષ કરીને વિધર્મીઓની ધર્માંધતાના કારણે પ્રાસાદની રચના સંકુચિત થઈ હોય.

ભારતની પૂર્વે–સમુદ્રપાર હિન્દી ચીન, અનામ (ચંપા), કેંબોડીયા, સીયામ, થાઈલેંડ, જાવા, સુમાત્રાના ટાપુમાં ભારતીય સાહસિક પ્રજા દોઢ બે હજાર વર્ષથી વસીને ત્યાં ઘણાં જ ભવ્ય પ્રાસાદોની રચનાઓ આશ્ચર્ય મુગ્ધ કરે તેવી છે. તે ભારતનાજ શિલ્પીઓની કૃતિ છે.

ભિન્ન ભિન્ન કાળમાં જુદા જુદા પ્રાંતોમાં સુપ્રસિદ્ધ સ્થપતિઓ થઇ ગયા તેના ક્રમવાર ઉલ્લેખો મળવા દુર્લભ છે. જે કોઇ જાણમાં આવેલ તેની અહીં સંક્ષિપ્ત નોંધ આપેલ છે. સોમપુરા શિલ્પીઓ પશ્ચિમ ભારતમાં મુખ્યત્વે પાષાણનું કાર્ય કરે છે, તે ઉપરાંત ધાતુકામમાં પણ તેઓ પ્રવિણ હતા. તે પ્રાચીન પુરાવાઓ પરથી જાણી શકાય છે.

ગુપ્ત કાળમાં પાંચમી સદીના મરૂમંડપના શાર્ઙ્ગધર નામના શિલ્પી અને વિ. સં. ૭૪૪ માં ગુજરાતના શિલ્પી શિવનાગની બનાવેલ સુંદર ધાતુની મૂર્તિઓ મળે છે. બંગાળમાં પાલ રાજ્યકાળમાં નવમી સદીમાં ધાતુ કામના કુશળ કળાકાર ધીમન અને દીતપાલ હતા. તેના નમૂના નાલંદામાંથી મળેલ છે. વિ. સં. ૧૫૬૬ માં અચળગઢ આબુની ચતુર્મુખ મૂર્તિઓ શિલ્પી-વાચ્છાના પુત્ર દેવાના પુત્ર અર્બુદના પુત્ર હરદાસે બનાવેલ. ત્યાંની ૧૫૧૮ ની ધાતુ મૂર્તિ ડુંગરપુર નિવાસી સોમપુરા શિલ્પી લુંભા અને લાંપાએ ભરેલ છે. જોધપુરના કિલ્લાની તોપો સોમપુરા શિલ્પીએ સોળમી સદીમાં ભર્યાના તેના પર હજુ લેખો છે.

સાંચી સ્તૂપનો દક્ષિણનો કળામય દરવાજો ઇ. સ. પૂર્વની પહેલી સદીમાં પોતાના ખર્ચે બાંધનાર આંધ્રના શ્રી સાતપર્ણી રાજાના મુખ્ય સ્થપતિ આનંદ હતા. સારનાથ નામે શિલાલેખનો શિલ્પી વામન હતા. અર્જુનવર્માની ધારા પ્રશસ્તિના ઉત્કિર્ણક ઉત્તમ રૂપકાર સિંહાકના પુત્ર શિલ્પી રામદેવ હતા.

વિ. સં. ૯૯૯ પછી મુળરાજ સોલંકીના સ્થપતિ સોમપુરા ગંગાધરે રૂદ્રમહાલની રચના કરેલી. તે કાર્ય તેના પરિવારના પૌત્ર પ્રાણધરે સિદ્ધરાજના

કાળમાં પૂર્ણ કરેલ. વિ. સં. ૧૦૨૭ ના કાળમાં વિમળ મંત્રીના આબુના સુપ્રસિદ્ધ પ્રાસાદોના નિર્માતા **ગણધર** નામે સ્થપતિ હતા. ડભોઇના હીરાભાગોળના સ્થપતિ હીરાધર સોમપુરા હતા. તેની લોક વાર્તાઓ ગવાય છે. વિ. સં. ૧૨૮૫ ના કાળમાં વસ્તુપાળ તેજપાળના આબુના અદ્‌ભૂત મંદિરના સ્થપતિ શોભનદેવ વિશ્વકર્માના અવતાર રૂપ હતા અગ્યારમી સદીમાં પ્રમાણ મંજરી નામે કાષ્ટ શિલ્પગ્રંથના કર્તા નકુલના પુત્ર મલ્લદેવ હતા.

વિ. સં. ૧૪૯૫ ના અરસાના રાજસ્થાનના રાણકપુરના સુપ્રસિદ્ધ ચતુર્મુખ જૈન મહાપ્રાસાદની ધરણી વિહાર રચના દેપાક નામના સોમપુરા શિલ્પીએ કરેલ તેની લોક કથા ગવાય છે.

વિ. સં. ૧૧૭૩ માં દક્ષિણના કર્ણાટકના બેલુરના સુપ્રસિદ્ધ મંદિરના નિર્માતા પંચાનન શિલ્પી ડંકનાચાર્ય હતા. પંદરમી સદીમાં મેવાડના કુંભારાણાના રાજ્ય કાળમાં કેટલાક સ્થાપત્યોની રચના ભારદ્વાજ ગોત્રના સુપ્રસિદ્ધ સ્થપતિ મંડન સોમપુરા હતા. તેન ત્રણ પેઢીના પુત્ર પૌત્રોએ રાજ્યાશ્રયે કામો બાંધેલા અને તે પરિવાર શિલ્પના ગ્રંથોની રચના પણ કરેલી છે સૂ. મંડન વિશ્વકર્મા સ્વરૂપ હતા. સત્તરમી સદીમાં મેવાડના કાંકરોલી રાયનગર પાસેના રાયસાગરનો હજાર ફુટ લાંબો કાંઠો અને નવચોકીનું કાર્ય સોમપુરા શિલ્પીએ બાંધેલ તેને મેવાડના રાણાએ ગામ ગરાસ અને સત્તર હજાર રૂપ બક્ષિસમાં આપી સન્માન કર્યાનો લેખ છે.

વિ સં. ૧૮૯૦ માં પાલીતાણાના જૈનોના પવિત્ર શત્રુંજય પહાડની બે ભિન્ન ટેકરીઓ હતી. શેઠ મોતીશાહને મંદિરો માટે જોઇતી જમીન મેળવવા આ બે ટેકરી વચ્ચેનો ગાળો પૂરી વિશાળ ટૂંકો બાંધનાર એ યોજનાના સ્થપતિ શ્રી રામજી સાધારામ કુશળ સૂત્રધાર વિશ્વકર્મા સ્વરૂપ થઈ ગયા. અમૂલ્ય કળાનો વારસો મૂકનાર શિલ્પીઓના નામો મળતા નથી. એવા નિસ્પૃહ અજ્ઞાત સ્થપતિઓને અમારા શતશઃ વંદન છે.

આ ગ્રંથ દીપાર્ણવ ગ્રંથની પૂર્તિરૂપે સંગ્રહ કરેલ છે. જુદા જુદા ગ્રંથોમાં કહેલા વેધ દોષ સંગ્રહેલ છે તેમાં વિશેષ કરીને જ્ઞાનસાર અપરાજીત, નિર્દોષ વાસ્તુ, ગૃહપ્રકરણ, વિશ્વકર્મા પ્રકાશ (ના તેરમા અધ્યાયનો ૧૧૨ શ્લોક છે)નો વિશેષ આધાર લેવામાં આવેલ છે. અહીં અનેક વેધદોષોને બહુ સુંદર રીતે સમજાવેલ છે. ભૂમિ કેવી પસંદ કરવી, ભૂમિ પરીક્ષા, સ્થળની પસંદગી, કેવી ભૂમિમાં ઘર ન કરવું, ત્યાજ્ય ભૂમિ, ભૂમિમાંથી

શલ્ય-હાડકાનું સંશોધન, તલવેધ, તાલવેધ, તુલાવેધ, સ્વરવેધ, કોણવેધ, કૂપવેધ, છાયાવેધ, વૃક્ષવેધ આદિ ઘરોમાં અનેક વેધદોષો કહેલ છે. વિશ્વકર્મપ્રકાશમાં કહેલા ૧૬ અંતસ્થિત વેધ અને દશ બહિસ્થિત વેધ, ગૃહાદ્ભુત, અકસ્માત-વૃક્ષાદ્ભુત વેધ, વાસ્તુમર્મ વગેરે ચાર પ્રકારના વાસ્તુ દ્રવ્યના ગુણદોષ કહ્યા છે.

પ્રાસાદના વેધોમાં માનહીન, અધિકવેધ, છંદભેદ, શ્રેણીભંગ, જાતિભેદ, વિષમસ્તંભ, ભિન્નદોષ, ધ્વજહીન વગેરે તથા લિંગ અને પ્રતિમાના અનેક દોષો, દ્રવ્યદોષ, પ્રતિમાના ચેષ્ટા વેધ. ખંડિત પ્રતિમાનો નિર્ણય, જીર્ણોદ્ધાર વિધિ, તેના ગુણદોષો. વાસ્તુના ફરતા દેવોના કયા સ્થાનમાં દ્વાર સ્થાપનના ગુણદોષ, પ્રાસાદના દેવતાન્યાસ, શલ્યવિજ્ઞાન અને તેના સંશોધન અને અને તેનો મંત્ર.

ગૃહપ્રાસાદના પ્રારંભના શુભ મુહૂર્ત, વૃષચક્ર, દ્વારચક્ર, સ્તંભચક્ર, મોભપાટચક્ર, ઘંટા આમલસારાચક્ર, વાસ્તુ પુરુષોત્પત્તિ અને તેમાં અંગપરના દેવ દેવીઓના સ્થાપન, વજ્રલેપના બે પ્રકાર, પૂજાવિધિ, ગણપતિ વાસ્તુ દિગ્પાલ, પૂજામંત્રો, પૂજાદ્રવ્યોની યાદી, ગજપૂજન અને સૂત્રધાર પૂજનવિધિ આદિ.

આ સર્વ વિષયોનો સંગ્રહિત ગ્રંથ દીપાર્ણવ ગ્રંથની પૂર્તિ રૂપે આપેલ છે. પૂર્વાચાર્યોએ જે કહેલું છે તેજ મેં વ્યવસ્થિત રીતે આપવા પ્રયાસ કર્યો છે.

જ્ઞાનસાર અપરાજિતનો ૧૬ સોળ અધ્યાયમાંનો નિર્દોષ વાસ્તુ પહેલું પ્રકરણ છે. તે વૈક્ષ અને અપરાજિતના સંવાદ રૂપે છે. વિશ્વકર્મા પ્રકાશના તેરમા અધ્યાયની અક્ષરશઃ આવૃત્તિ "પ્રયોગ મંજરી" નામે સંક્ષિપ્ત ગ્રંથ પોતાના નામે ઉત્તર ભારતના કોઈ પંડિતે ચડાવ્યો છે.

આ ગ્રંથમાં આખા પાનાના બારેક આલેખન, ડ્રોઈંગ અને બીજા અરધા પાનાના પાંચેક આલેખનો છે.

આ ગ્રંથમાં અન્ય ગ્રંથોના પ્રમાણો લેવામાં આવ્યા છે. તેની જુદી નોંધ ૩૫ ગ્રંથોની આપવામાં આવી છે.

સૂત્રસંતાન,	પ્રાસાદમંજરી,	પ્રકીર્ણકવાસ્તુ,	ઇશ્વરસંહિતા,
અપરાજિતસૂત્ર,	પ્રાસાદમંડન,	આયતત્વ	પ્રતિષ્ઠામયુખ
જયગ્રંથ,	રૂપમંડન,	અગ્નિપુરાણ,	બૃહદ્દસંહિતા
દીપાર્ણવ,	દેવતામૂર્તિપ્રકરણમ્,	મત્સ્યપુરાણ,	શુક્રનીતિ
ક્ષીરાર્ણવ,	વાસ્તુરાજ,	ગરુડપુરાણ,	વિવેકવિલાસ,
વૃક્ષાર્ણવ,	કલાનિધિ,	મયમતમ,	આચારદિનકર,
જ્ઞાનરત્નકોશ,	પરિમાણમંજરી,	શિલ્પરત્નમ,	ગર્ગવાસ્તુ,
વિશ્વકર્મપ્રકાશ,	નિર્દોષવાસ્તુ,	વિષ્ણુસંહિતા,	ગૌતમીતંત્ર.
ઠક્કુરફેરુવાસ્તુસાર,	ગૃહપ્રકરણમ્,	વૈખાનાસાગમ્,	

પૃથક પૃથક પ્રાચીન શિલ્પગ્રંથોના આધારે સંગ્રહિત આ ગ્રંથ છે. આ ગ્રંથમાં સંસ્કૃત વ્યાકરણ શુદ્ધિ કે પ્રુફ શુદ્ધિની ક્ષતિ જણાય ત્યાં સુજ્ઞ વાચકો હંસવૃત્તિ ધારણ કરશે એવી આશા રાખું છું. શિલ્પના ગ્રંથો વ્યાકરણ દોષ રહિત છે તેવું નથી. એટલે આ તો શિલ્પીઓની ભાષા છે. તે રીતે તેને સ્વીકારવા વિનંતી છે. કવિની જીહ્વામાં સરસ્વતી વસે છે, જ્યારે શિલ્પીના કર-કમળમાં સરસ્વતી ને કળાદેવી વસેલા છે. એટલે શિલ્પીના સાહિત્ય અને કૃતિ તરફ વિશાળ દૃષ્ટિ રાખવી. એક વિદ્વાને કહ્યું છે:—

ज्योतिषे तंत्रशास्त्रे च विवादे वैद्यशिल्पके ।
अर्थमात्रं तु गृहणीयान्नात्र शब्दं विचारयेत् ॥

જ્યોતિષ, તંત્રશાસ્ત્ર, વિવાદગ્રંથ, આયુર્વેદ અને શિલ્પગ્રંથોમાં તેની ભાષાના શબ્દોનો બહુ વિચાર ન કરતાં તેનો ભાવાર્થજ ગ્રહણ કરવો.

અંગત નોંધ- શિલ્પ સ્થાપત્યનો અમારો વંશ પરંપરાનો કૌટુંબિક વ્યવસાય છે. ઉત્તરાવસ્થા થતાં પહેલાં મને ઘણા વખતથી હમેશાં એવું રહ્યા કરે કે શિલ્પગ્રંથોના લોકભોગ્ય ભાષામાં અનુવાદ તેના મર્મ અને આલેખનો સાથે પ્રકાશિત થાય તો પ્રાચીન ભારતીય વિદ્યાકળાને ઉત્તેજન મળે. જોકે ઘસાતી જતી સ્થિતિમાં જો તેવો પ્રયાસ થાય તો કંઇક જળવાય તેવો હું પ્રયાસ કરૂં તો મને આત્મસંતોષ થશે એવું હું માનુંછું.

આવા ગ્રંથોમાં દીપાર્ણવ-પ્રાસાદ મંજરી હિંદી અનુવાદ, પ્રાસાદ મંજરી ગુજરાતી અનુવાદ અને અંગ્રેજી અનુવાદ તથા વેધવાસ્તુ પ્રભાકર તેના હિંદી ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત થઇ રહ્યો છે તેથી મને આનંદ થાય છે. આ ઉપરાંત ક્ષીરાર્ણવ, વૃક્ષાર્ણવ અને એડીયા પ્રાસાદ તિલકના અનુવાદ

તૈયાર છે પણ પ્રકાશિત થાય તેમ ઈચ્છું છું પરંતુ હું અંગત રીતે આટલું બધું કાર્ય કઈ રીતે પ્રકાશિત કરી શકું? આર્થિક મુશ્કેલી છે. પ્રયાસ છે કે આ ત્રણ ગ્રંથો પણ પ્રકાશિત થાય.

આવા કાર્યમાં ક્ષતિઓ જાણે અજાણે થતી હોય એ સ્વાભાવિક છે. મારા વ્યવસાયના અંગે મારે પ્રવાસ રહેતો હોવાથી પ્રુફ રીડીંગમાં ક્ષતિઓ રહી જવા પામી હોય ત્યાં સુજ્ઞ વિદ્વાનો હંસવૃત્તિ ધારણ કરશે એવી આશા રાખું છું.

ગ્રંથના મૂળ શ્લોકનો આધાર રાખીને અનુવાદ કરવાનો પ્રયાસ કરેલ છે. કેટલીક વખત જુદો અર્થ કરી મતભેદ ઉભો થાય. કેટલીક વખત શાસ્ત્ર પ્રમાણ અને પ્રત્યક્ષ પ્રમાણની ભિન્નતાના કારણે આવા મતભેદો તીવ્ર બને છે. કેટલીક વખત અમુક પ્રાદેશિક શિલ્પીઓની કાર્ય પદ્ધતિ પરથી પણ મતભેદ ઉભો થાય છે. પરંતુ સુજ્ઞ વિદ્વાનોએ દુરાગ્રહ સેવવો ન જોઈએ. પૂર્ણ વિચાર કરીને અન્ય મતને નિષ્કારણ ઉતારી પાડવા ન જોઈએ. કારણો, સંજોગો તપાસવા જોઈએ.

કેટલાક વિદ્વાનોનો સમાગમ થાય છે. ત્યારે તેઓ પ્રાચીન વિદ્યા પ્રતિ આદર દર્શાવી ભલામણ કરે છે કે 'આપના સક્રિય અને સિદ્ધાંતિક જ્ઞાનનો વારસો બીજાને પાછલી પ્રજાને આપવો જોઈએ." જોકે તેઓનું આ સૂચન યોગ્ય છે પરંતુ વિદ્યાના પ્યાસી ઉત્કંઠિત ઉમેદવાર હોવો જોઈએ. વિદ્યા સોમપુરા યુવાનો ગ્રહણ કરે તેવા પ્રયાસે બે ત્રણ વખત કરેલા પરંતુ ઉપર જણાવ્યું તેમ પોતાની અંદરની ઉત્કંઠા જોઈએ. આથી મારા પ્રયાસો નિષ્ફળ ગયા તે કહેતાં મને દુ:ખ થાય છે.

ચાલુ ક્રિયા સાથે ગ્રહણ કરનારા મને બહુ અલ્પ મળ્યા છે. તેટલા પૂરતોય મને કંઈક સંતોષ માની લઉં છું. પરંતુ વિદ્યાના અનુવાદ તેના મર્મ અને આલેખન સાથે ગ્રંથોના પ્રકાશનથી વધુ સંતોષ માની લઉં છું તે પણ ઘણું છે.

શ્રી સોમનાથજીના સાંધર મહાપ્રાસાદનું નિર્માણ મારા હસ્તે થતાં તેમજ પાટણ, મુંબઈ, કલ્યાણ, અમદાવાદ, હૈદ્રાબાદ, કેરાલા (મલબાર), આગમ મંદિર પાલીતાણા, પ્રયાસપાટણ, જામનગર, રાજકોટ વગેરે અનેક સ્થળોએ પ્રાસાદોમાં નિર્માણ શિલ્પ ગ્રંથોના સૂત્રોનો સમન્વય કરી કરેલ અને તેમાં શ્રી સોમનાથજી જેવા સાંધાર મહાપ્રાસાદ ગુજરાતમાં આઠસો વર્ષે બંધાયો.

આથી આવા સાંધાર મહાપ્રાસાદોના યમ નિયમો બીજા સાધારણ નિરધાર પ્રાસાદથી ભિન્ન હોવાથી એ ભગિરથ કાર્ય કરવામાં બૌદ્ધિક શ્રમ લેવો પડે તેવું તે કાર્ય હતું. જોકે અમારા કુળના અભ્યાસ અને જૂના આલેખનોના આધારે મને ઘણા મદદરૂપ થયા. આથીજ હું આવું મહાકાર્ય પ્રભુ કૃપાએ કરવા સફળ થયો કોઇપણ વિદ્યાની સાધના વહેલા મોડી પણ ફળદાતા થાય છેજ તેવું મારા અંગત અનુભવોથી માનુંછું.

વેધદોષના વિશે વિવેક વિલાસમાં મુનિશ્રીએ ઘણી સુંદર ભાષામાં કહ્યું છેઃ—

ग दोषो यत्र वेधादि यत्र संमार्जनादिकम् ।
वहु द्वाराणि नो यत्र यत्र धान्यस्य संचय ॥१॥
पूज्यन्ते देवता यत्र यत्राभ्युत्थानमादरात् ।
यत्र ज्येष्ठ कनिष्ठादि–व्यवस्था सुप्रतिष्ठिता ॥२॥
भानवीया विशन्त्यन्त–र्भानवो यत्र नैव च ।
दीप्यते दीपको यत्र पालनं यत्ररोगिणाम् ॥३॥
श्रान्त संवाहना यत्र तत्रस्यात्कमल गृहे ।

જ્યાં વેધ આદિ દોષ નથી જ્યાં ઘણી ચોખ્ખાઇ છે. જ્યાં પેસવા નીકળવાના બહુ દ્વારો નથી. જ્યાં ધાન્યનો સંગ્રહ ઘણો છે જ્યાં દેવતા પૂજાય છે. જ્યાં અતિથિનો આદર થાય છે. જ્યાં નાના મોટાની મર્યાદા જળવાય છે. જ્યાં સૂર્યના કિરણો છાપરામાંથી અંદર પેસતા નથી. જ્યાં દીપક સારીપેઠે પ્રકાશ આપે છે. જ્યાં રોગી લોકોનું રક્ષણ થાય છે. અને જ્યાં થાકેલા મનુષ્યને આરામ મળે છે એવા પ્રકારના ઘરમાં હંમેશા લક્ષ્મી વાસ કરે છે.

वृक्ष गुणदोष—खर्जुरी दाडिमी रम्भा कर्कन्धूर्बीजपूरका ।
उत्पद्यन्ते गृहे यत्र तन्निकृतानि मूलतः ॥१॥
प्लक्षाद्रोगोदयं विद्या–दश्वत्थात्तु सदाभयम् ।
नृपपीडा वटानेत्र व्याधि मुदुम्बरात् ॥२॥

ખજુરી, દાડમી, કેળ, બોરડી અને બીજોરૂના વૃક્ષ જો ઘર આગળ ઉગે ત્યાં ઘરનો સમુળગો નાશ થાય. ઘર નજીક પીપરનું વૃક્ષ હોય તો રોગ થાય. પીપળો હોય તો સદા કાળ ભય ઉત્પન્ન થાય. વડ હોય તો રાજાનો ઉપદ્રવ થાય અને ઉંબરો હોય તો નેત્રનો વ્યાધિ થાય.

लक्ष्मी नाशकरः क्षीरी कण्टकी शत्रुभीप्रदः ।
अपत्यघ्नः फली तस्मा–देषां काष्टमपि त्यजेत् ॥३॥

દૂધ નીકળે તેવા વૃક્ષો જો ઘર સમીપ હોય તો લક્ષ્મીનો નાશ થાય. કાંટાળા વૃક્ષથી શત્રુનો ભય ઉપજે. ફળવાળા વૃક્ષથી સંતતિનો નાશ થાય. તેમ એ વૃક્ષનું લાકડું પણ તજી દેવું.

कश्चिदूचे पुरो भागे वटाश्लाघ्य उदुम्बरः ।
उपर्युपरिभूमिषु द्वादशांश विवर्जयेत् ।
समवेध भवेत्तत्र समस्त कुलजः क्षयः ॥ १८५ ॥ समराङ्गण सूत्रधार

ભવનની નીચેની ભૂમિમાં જ્યાં ભીંતો, દ્વાર, સ્તંભ કે પાટ આવતા હોય ત્યાંજ ઉપરના માળે મૂકવા. ભીંત પર ભીંત, દ્વાર પર ગર્ભદ્વાર તેમજ પાટડા ઉપર પાટ આવે. પરંતુ પાટ ઉપર થાંભલો કે ભીંતો ઉપરના માળે ન મૂકવા. તેવું વિપરિત કામ ન કરવું. વળી નીચેના મજલાની ઉભણી ઉદયથી ઉપરના મજલાની ઉભણી બારમો અંશ ઓછો રાખવી. પરંતુ તેમ ન કરતાં નીચે પ્રમાણે જેટલી જ ઉભણી ઉપરના માળની રાખે તો આખા કુટુંબનો નાશ કરનાર એવો સમવેધ ઉત્પન્ન થાય. ૧૮૪–૮૫

भवनकी नीचेकी भूमिमें जहां दीवार द्वार, स्तंभ, पाट रखे हो इस तरह उपरकी भूमिमें वहां भी रखना. दीवार पर दीवार, द्वार पर गर्भद्वार, पाट पर पाट (बीम) स्तंभके पर स्तंभ रखना. किन्तु बीम=धरन=पाटके उपर खंभा या दीवार नहीं रखना । अैसा विपरीत कार्य न करना । नीचेकी भूमिकी उंचाइ (उदय) से बारहवां अंश घटाकर उपरकी भूमिका उदयमान रखना. एसा न करनेसे=उपर नीचेका उदय सरखा रखनेसे सारे परिवारका नाश करनेवाले समवेध उत्पन्न होतो हैं । १८४–८५

सुर्पाकारं गृहं कार्यं विकर्णं नैव कारयेत् ।
अग्रतश्च भवेच्छ्रेष्ठं पृष्ठितं परिवर्जयेत् ॥ १८६ ॥ निर्दोषवास्तु

१७
સુપડાની જેમ આગળનો ભાગ પહોળો અને પાછળનો ભાગ સાંકડો હોય તેવી કે વાંકી ન હોય તેવી જમીન કે ઘર ન કરવું. પરંતુ આગળનો ભાગ સાંકડો હોય કે પાછળ પહોળું હોય તેવી જમીન કે ઘર સારૂં જાણવું. પણ પાછલો ભાગ સાંકડો હોય તેવું તજી દેવું. ૧૮૬

---

१७ સુપડાના આકારનું ઘર કે જમીન માટે વાસ્તુસારમાં ઠક્કરફેરૂએ દુકાન કે હાટ માટે સારૂં કહ્યું છે. પરંતુ ઘરને માટે આગળ સાંકડું અને પાછળ પહોળું રાખવાનું તે ગ્રંથકાર કહે છે.

सुपडे के आकार के घर या जमीन के बारेमें वास्तुसार ग्रंथमें ठक्कर फेरुने दुकान या हाट के लीये अच्छा कहा है। मगर घर के लीये आगे संकडा ओर पीछे चौडा रखनेका ग्रंथकारने कहा है।

सुप जेसी आगेसें चौडी और पीछे संकडी हो या समकोण (गुनीये) में न हो एसी जमीन या घर नहीं करना. किन्तु आगेका भाग सांकडा हो एसे घर श्रेष्ठ जानना. पीछेका भाग संकडा हो ऐसा घर वर्जना । १८६

द्वार मध्येस्तुला स्तंभो नागदंतश्च भित्तिका ।
द्वार मध्ये समाश्रेष्ठा न चैते विषमा स्थिता ॥१८७॥ प्रकीर्णक वास्तु

ઘર કે પ્રાસાદના દ્વાર સામે પાટડો, થાંભલો કે નાગદંત (ઘોડાં) કે ભીંત આવે તો તે નેષ્ઠ જાણવું. જો એકી હોય તો દોષ છે, પરંતુ તે જો બેકી (બે) હોય તો શ્રેષ્ઠ જાણવું. ૧૮૭

घर या प्रासादके द्वारके सामने बीम=पाट, स्तंभ, नागदंत (घोडा) या आडी भीत्त=दीवार हो तो वह नेष्ट है । विषममें दोष है. किन्तु सम (द्वय) में दोष नहीं हे । १८७

पार्श्वाधिकं पृष्ठहीनं समुलो वेधदायकम् ।
कुंडीं भित्वा नकुर्वीत द्वारं तत्र सुखमीप्सुधीः ॥१८८॥ समराङ्गण सूत्रधार

જે ઘરનો કરો અધિક લાંબો હોય અને પછીત ઓછી હોય તો નળાંગ ઘરનો સમુલા નામનો વેધ કહેવો. સુખના અભિલાષી મનુષ્યે ભીંતો ખોદીને દ્વાર ન મૂકવું. ૧૮૮

जिस घरका पार्श्व (करा) अधिक लंबा हो और पछीत कम हो तो वह नलांग घरको समुलवेध कहता है । सुखके अभिलाषी मनुष्यको दीवार खोद कर द्वार मुकना उचित नहीं है । १८८

अथ प्रवेश—

उत्संगो हीन बाहुश्च पूर्णबाहुस्तथा परः ।
प्रत्यकायश्चतुर्थश्च निवेशः परिकीर्तितः ॥ १८९ ॥ समराङ्गण सूत्रधार

ઘર કે નગર કે પ્રાસાદના ચાર પ્રકારના પ્રવેશ કહ્યા છે (૧) ઉત્સંગ (૨) હીનબાહુ (૩) પૂર્ણબાહુ અને (૪) પ્રત્યક્ષાય. ૧૮૯

प्रासाद, घर या नगरके चार प्रकारके प्रवेश कहै हैं (१) उत्संग (२) हीनबाहु (३) पूर्णबाहु (४) प्रत्यक्षाय । १८९

उत्संगे एकदिकाभ्यं द्वाराभ्यां वास्तुवेश्मनोः ।
स सौभाग्य प्रजावृद्धि धनधान्य जयप्रदा ॥ १९० ॥

વાસ્તુગૃહના ઘરમાં સન્મુખ એકજ દિશામાંથી પ્રવેશ થાય તે ઉત્સંગ નામનો શ્રેષ્ઠ પ્રવેશ જાણુવો તે સૌભાગ્ય, પ્રજાવૃદ્ધિ, ધનધાન્ય અને વિજયને દેનારો ઉત્તમ પ્રવેશ જાણુવો. ૧૯૦

वास्तुगृहके द्वारमें सन्मुख एकही दिशामेंसे सामनेसे प्रवेश हो वह उत्संग प्रयेश कहलाता है । और वह सौभाग्य, प्रजावृद्धि, धनधान्य और विजय देनेवाला हे । १९०

यदि प्रवेशो हि वास्तु गृहाद् दक्षिणतां भवेत् ।
प्रदक्षिणा प्रवेशाद्धि भवेत् पूर्णबाहुकः ।
तत्रपुत्राश्च पौत्राश्च धनधान्य सुखानि च ॥ १९१ ॥

જે વાસ્તુ ઘરમાં ઘરની જમણી તરફ થઈને પ્રવેશ થાય તે પ્રદક્ષિણાથી પ્રવેશ થાય તે પૂર્ણબાહુ પ્રવેશ જાણુવો. તે પુત્ર, પૌત્ર, ધનધાન્ય અને સુખને દેનાર પ્રવેશ જાણુવો. ૧૯૧

जिस वास्तु गृहमें दाहिनी ओरसे प्रवेश हो सकता हो प्रदक्षिणासे प्रवेश हो वह पूर्णबाहु प्रवेश है । यह पुत्र, पौत्र, धमधान्य और सुख देनेवाला है । १९१

यत्र प्रवेशतो वास्तुगृहे भवति वामत् ।
तद्दहिनबाहुकं वास्तुगृहं निंदितं वास्तु चिन्तकैः ॥ १९२ ॥

જે વાસ્તુગૃહમાં ડાબી તરફ થઈને (અપસવ્ય) પ્રવેશ થાય તે હીનબાહુ નામનો નિંદિત પ્રવેશ થાય તેમ વાસ્તુશાસ્ત્રના આચાર્યો કહે છે તે નેષ્ટ પ્રવેશ જાણુવો. ૧૯૨

जिस वास्तुगृहमें बायीं ओरसे (अपसव्य) प्रवेश हो, वह हीनबाहु प्रवेश कहलाता है और वह निंद्य–नेष्ट है। १९२

गृहपृष्ठं समाश्रित्य वास्तुद्वारं यथाभवेत् ।
१८प्रत्यक्षायत्वसौ निंद्यो वाम वर्तः प्रवेशस्ततः ॥१९३॥ समराङ्गण सूत्रधार

વાસ્તુઘરની પછીતે થઈને ઘરની ડાબી બાજુથી જે પ્રવેશ થાય તે પ્રત્યક્ષાય અગર પૃષ્ઠભંગ પ્રવેશ નિંદિત–નેષ્ઠ જાણવો. ૧૯૩

घरकी पछीत (पृष्ठ दिवार) से बायी ओरसे जो प्रवेश होता ही उस प्रत्यक्षाय या पृष्ठ भंग प्रवेश कहेते है और वह निंद्य और नेष्ठ है। १९३

उच्चायाद्द्विगुणाभूमि वेधदोषो न जायते ।
यदा भित्यंतरेवानि प्राकारा राजमार्गौ हि ॥ १९४ ॥

---

१८ (१) ઉત્સંગ પ્રવેશ સન્મુખ થાય. (૨) પૃષ્ઠભંગ–ઘરની પછીતે થઈ પ્રવેશ થાય તે. (૩) અપસવ્ય પ્રવેશ– પ્રથમ ઘરમાં પ્રવેશ કર્યા જમણી તરફ નમીને વાસ્તુઘરમાં પ્રવેશ થાય તે. (૪) સવ્યપ્રવેશ–પ્રથમ ઘરમાં પ્રવેશ કર્યા પછી ડાબી તરફ નમીને વાસ્તુઘરમાં પ્રવેશ થાય તે. (૫) પ્રતિક્ષય– જે ઘરનું મુખ પશ્ચિમ સામે હોય તેમાં પૂર્વ સામે પ્રવેશ કર્યા પછી પશ્ચિમમાં વાસ્તુઘરમાં પ્રવેશ થાય તે. (૬) હીનબાહુ– જે ઘરનું મુખ દક્ષિણ સામે હોય તેમાં પ્રવેશ કર્યા પછી ડાબી બાજૂ તરફ નમીને વાસ્તુઘરમાં પ્રવેશ થાય તે –આમ પંડિતોમાં મતમતાન્તર કહેલા છે

(૭) ઉત્સંગ પ્રવેશ– જે ઘરનું મુખ ઉત્તરમાં હોય તે ઘરમાં સૃષ્ટિમાર્ગે થઈને વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય તે. (૮) પૂર્ણબાહુ પ્રવેશ–જે ઘરનું મુખ પૂર્વમાં હોય તેમાં પ્રવેશ કર્યા પછી વાસ્તુઘરની સન્મુખ પ્રવેશ કરવામાં આવે તે.

१८ (१) उत्संग सन्मुख प्रवेश होता हो। (२) पृष्टभंग घरकी पछीतसे होकर जो प्रवेश होता हो। (३) अपसव्य– पहेले द्वारमें दाखिल होकर दाहिनी औरसे प्रवेश हो वह। (४) सव्यप्रवेश– पहेले द्वारमें दाखिल होकर बांयी औरसे प्रवेश हो वह। (५) प्रतिक्षय– जिस घरका मुख पश्चिमें हो उसमें पूर्वमें दाखिल होकर फिर पश्चिममें जाकर घरमें प्रवेश हो वह। (६) हिनबाहु– जिस घरका मुख पश्चिममें हो उसमें प्रवेशके बाद बांयीं और जाकर प्रवेश हो एसे पंडितोमें मतभेद है। (७) उत्संग प्रवेश–जिस घरकी मुख उत्तरमे हो और सृष्टिमार्गसे वास्तुगृहमें प्रवेश होता हो। (८) पूर्णबाहु–जीस घरका मुख पूर्वमें हो, उसमें दाखिल होकर वास्तु-गृहमें सन्मुख प्रवेश हाता हो॥

अदर्शने नदीपारे दूरे या समभूमिषु ।
विदिक् स्थं न दोषा ये नवेघोन्दूरतः सदा ॥ १९५ ॥

न दोषो नीच जातेषु न दोषा भग्नमंदिरे ।
चतुष्पथां तेन भवेत्वेधो न च जीर्ण गृहान्तरे ।
न तत्रवेध दोष स्यात्सत्यं ब्रह्ममुखाच्छ्रुतम् ॥१९६॥ विश्वकर्म प्रकाश

શ્રી વિશ્વકર્મા કહે છે કે દોષ કયાં કયાં ન લાગે:- ઘરની ઊંચાઇથી બમણી ભૂમિ તજીને વેધદોષ હોય તો દોષ લાગતો નથી અગર જો ઘર અને વેધ વચ્ચે ભીંતનું અંતર હોય, ગઢ, કિલ્લો કે વંડી કે રાજમાર્ગ હોય તો દોષ લાગતો નથી.

અગર દેખાય નહિ તેવું હોય કે નદીના સામે કાંઠે પાર વેધ હોય તો કે દૂર સરખી ભૂમિમાં હોય કે ત્રિકોણ, ત્રાંસું કે છેટે હોય તો તે દોષ લાગતો નથી. નીચ જાતિના લોકોને દોષ લાગતો નથી. જીર્ણ મંદિર માં દોષ નહિ. ચોરામાં વેધ દોષ નહીં. જૂના મકાનમાં વેધ દોષ નહિ. તેવા વેધદોષોની સત્ય વાત બ્રહ્માના મુખેથી મેં સાંભળી છે. ૧૯૪-૯૫-૯૬

श्री विश्वकर्मा कहेते हैं कि कहां नहीं दोष लगताः—घरकी उंचाइसे दोगुनी भूमि छोडनेसे दोष नहीं; घर और वेधके बीच दीवारका अंतर हो, गढ, किल्ला या राजमार्ग होनेसे दोष लगता नहीं ।

अगर देख न सके इतना दूर हो, नदीके सामनेके तट पर हो या दूरि सम भूमिमें हो या विकर्ण (त्र्यास्र) दूर हो तो दोष लगता नहीं । नीच जातीको दोष नहीं लगता. जीर्णमंदिर, चौपालमें—पुराने मकानमें वेधदोष नहीं. एसी वेधदोषोंकी सत्य वार्ता मैंने श्री ब्रह्माजीके मुखसें सुनी है । १९४—९५—९६

षड् वर्षे म्रियते स्वामि गत श्रीर्नवमे भवेत् ।
चतुर्थे पुत्र नाशः स्यात्सर्व नाशस्तथाष्टमे ॥ १९७ ॥ विश्वकर्म प्रकाश

વેધ દોષનું ફળ (છઠ્ઠા વર્ષે સ્વામિનું મૃત્યુ પામે કે નવમેં વર્ષે લક્ષ્મી જાય અગર ચોથા વર્ષે પુત્રનો નાશ થાય અગર આઠમેં વર્ષે સર્વ નાશ" થાય. ૧૯૭

वेधदोषका फल—छठवें वर्षें स्वामीकी मृत्यु हो। नौवे साल लक्ष्मी नाश हो या चौथे वर्षें पुत्र नाश हो आठवें वर्षें सर्व नाश होता है। १९७

१९
पर्वताग्रे नदीतीरे चत्वरे गोष्ठ भूमिषु।
समुद्रकूले वाऽरण्ये मानहीनं न दूषितम् ॥ १९८ ॥ गौतमी तंत्रे

ગૌતમ ઋષિ કહે છે કે પર્વત ઉપર કે આગળ નદીના કાંઠે કે ચોરા પાસે, ગાયના ગોંદરે, સમુદ્ર કાંઠે કે અરણ્યમાં માનહીન વસ્તુનો દોષ લાગતો નથી. ૧૯૮

श्री गौतम ऋषि कहेते हैं कि पहाडके उपर या आगे, नदीके तीरपर चौपाल—गोष्ठ भूमिमें समंदरतीर पर, जंगलमें अगर वास्तु मानहीन हो तो भी दोषकर्ता नहीं। १९८

मनसश्चक्षुषोर्यत्र संतापो जायते हृदि।
तथा कार्यं गृहं सैवरिति गर्गस्य भाषिते ॥ १९९ ॥ गर्गतंत्रे
बृहद्संहिता

મન અને ચક્ષુને જે કાર્ય જોઈને સંતોષ થાય તેવાં કાર્યો હમેશાં નિર્દોષ જાણવા એમ ગર્ગ ઋષિએ કહ્યું છે. ૧૯૯

गर्गऋषि कहते हैं कि जिनको देख मन और चक्षु प्रसन्न संतुष्ट होते है वह कार्य हमेश निर्दोष है। १९९

वास्तु लक्षण हीनेपि यत्र वैराज्यते मनः।
तत्र दोषो न विन्द्याच्च धर्मकामार्थ मोक्षदे ॥ २०० ॥ वास्तुकौतुक

---

१९ શ્લોક ૨૦૨ થી ૨૦૫ આ ચાર શ્લોકનો વિવેકબુદ્ધિથી ઉપયોગ કરવો. જ્યાં ત્યાં ન કરવો.

१९ २०२ से २०५ श्लोक-आ चार श्लोक का उपयोग विवेकबुद्धिसे करना. जहां तहां न करना।

જે વાસ્તુ લક્ષણુથી હીન હોય પરંતુ જ્યાં મનની રુચિ વધે તેવું સારૂં લાગે ત્યાં દોષ ન જાણુવો. તેવા વાસ્તુ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને દેનારા જાણુવા. ૨૦૦

जो वास्तु लक्षणसे हीन हो फिर भी जहां मन प्रसन्न होता हो वहां दोष न जानना. अैसे वास्तु धर्म, अर्थ, काम और मोक्ष देने-वाले जानना । २००

शास्त्रमान विहिनं यद् रम्यं तद्विवि पश्चितम् ।
एकेषामेव तद्रम्यं लग्नं यत्र च यस्य हृद् ॥ २०१ ॥ शुक्रनीति

શુક્રાચાર્ય કહે છે કે શાસ્ત્રમાનથી રહિત હોય તે વિદ્વાનોને રમ્ય લાગતું નથી પરંતુ કેટલાકનો એવો મત છે કે જ્યાં જેનું મન લાગ્યું-રુચ્યું હોય તે તેને પ્રિય લાગે છે. (તેમાં દોષ ન જાણુવો) ૨૦૧

शुक्राचार्यजी कहते है कि शास्त्र मानसे रहित विद्वानोंको रम्य लगता नहीं फिर भी कितनोंका मंतव्य है कि जहां जिसका मन लगता हो वह उसे प्रिय लगता है । (उसमें दोष नहीं) २०१

॥ अथ भवने द्वार स्थापन ॥

एकाशीति पदे वास्तौ द्वांत्रिशद् देवता पदे ।
पूर्वा पर याम्योत्तरे वच्मि द्वाराणि वै क्रमात् ॥ २०२ ॥

पूर्वे जयेंद्र सूर्य तथा सत्य भृशाकाशे पदे ।
यमे गृहक्षते गंधर्व भृंगे पदे द्वार स्थितः ॥ २०३ ॥

अपरा नंदी सुग्रीवे च तथा पुष्पदंत वारुणे ।
सोम्ये कुबेर भल्लाटो दितिऽदिति द्वार स्थापन ॥ २०४ ॥

એકાશી પદના વાસ્તુ મંડળમાં ફરતા બત્રીશ પદોમાં દેવતાઓ પૂર્વ દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરે સ્થાપન થયેલ છે. તેમાં પૂર્વાદિ દિશામાં શુભ સ્થાનો દ્વાર સ્થાપનના અનુક્રમે કહે છેઃ-

પૂર્વમાં -જયંત-ઇન્દ્ર, સૂર્ય, સત્ય, ભૃશ અને આકાશના પદમાં દ્વાર મૂકવું.

દક્ષિણમાં-ગૃહક્ષત, ગંધર્વ અને ભૃંગરાજના પદમાં દ્વાર મૂકવું.

પશ્ચિમમાં-દૌવારિકા (નંદી), સુગ્રીવ, પુષ્પદંત અને વરુણના પદમાં દ્વાર મૂકવું

ઉત્તરમાં- કુબેર, ભલ્લાટ, દિતિ અને અદિતિના પદમાં દ્વાર મૂકવું.

૨૦૨-૨૦૩-૨૦૪

एकाशी पदका वास्तुमंडलमें चारो दिशाका बत्रीस पदमें देवताओ पूर्व, दक्षिण, पश्चिम और उत्तर स्थापीत है. वही पदमें द्वार स्थापन करनेसें शुभाशुभ फल कहा है. उसमें शुभ फल दाता पदका स्थान संक्षिप्तमें बताता हूं :—

पूर्वमें—जयका स्थानमें—इंद्रका स्थानमें, सूर्यका स्थानमें, सत्य, भृश और आकाशका पद स्थानमें द्वार मुकनेसें शुभ फलदाता हे. अन्य पद अशुभ फलदाता हे.

दक्षिणमे—गृहक्षतका स्थानमें गंधर्व और मृगका स्थान-प्रदमें द्वार मुकना.

पश्चिममें—नंदी, सुग्रीव पुष्पदंत और वरुणका पद स्थानमें द्वार मुकना.

उत्तरमें—मुख्य-भल्लाट-कुबेर, अदिति, दिति । २०२-२०३-२०५

द्वाराणि तु प्रवक्ष्यामि प्रशस्तानीह यानि तु ।
पूर्वेणेंद्रं जयंतं च द्वारं सर्वत्र प्रशस्यते ॥ २०५ ॥

याम्यं च वितथं चैव दक्षिणे न विदुर्बुधाः ।
पश्चिमे पुष्पदंतं च वरुणं च प्रशस्यते ।
उत्तरेण तु भल्लाटं सोम्यं तु शुभदं भवेत् ॥ २०६ ॥ मत्स्यपुराण

મત્સ્યપુરાણકાર એકાદશી પદના વાસ્તુમંડળમાં શુભ એવા દ્વાર મૂકવાના સ્થાન કહે છેઃ- પૂર્વમાં ઇંદ્રિ જયંતના પદમાં, દક્ષિણમાં વિતથ (ગૃહક્ષત) ના પદમાં, પશ્ચિમમાં પુષ્પદંત ને વરુણના પદમાં અને ઉત્તરમાં ભલ્લાટ અને સોમ (કુબેર) ના પદમાં દ્વાર મૂકવાથી તે શુભ ફળદાતા જાણવું. ૨૦૫-૨૦૬

मत्स्यपुराणमें बहुत संक्षिप्तमें कहते हैं कि पूर्वमें इंद्रके स्थानमें, दक्षिणमें गृहक्षतको पदमें, पश्चिममें पुष्पदंतका पद स्थानमें, और उत्तरमें भल्लाटका पद स्थानमें द्वार रखनेसे शोभा और शुभफलदाता है । २०५-२०६

वास्तोश्च परिधावुक्ता द्वात्रिंशदमराः क्रमात् ।
शुभद्वारं तु गृह्णयादशुभं नैव गृह्यते ॥ २०७ ॥
दिशा भागेषु च तथा द्वारं शोभन मण्डितम् ।
इंद्र गृहक्षत पुष्पदन्त भल्लाट चिह्नतः ॥ २०८ ॥ अपराजित सूत्र

એ રીતે વાસ્તુના ફરતા ચારે દિશાના ફરતા બત્રીશ પદમાં દ્વાર સ્થાનના શુભાશુભ ફળો અનુક્રમે કહ્યા તેમાં શુભ દ્વાર સ્થાન કહ્યા હોય ત્યાં દ્વાર મૂકવા અને અશુભ સ્થાન ન લેવું. ચારે દિશાના વિભાગે પૂર્વમાં ઇંદ્રના સ્થાને, દક્ષિણમાં ગૃહક્ષતના સ્થાને અને પશ્ચિમમાં પુષ્પદંતના સ્થાને તથા ઉત્તરમાં ભલ્લાટના સ્થાને દ્વાર મૂકવાથી શોભાને આપે છે અને તે શુભ ફળદાતા જાણવા. ૨૦૭-૨૦૮

अिस रितसे वास्तुके चारों ओर घूमते, बत्रीस पदोंमें द्वार स्थानके शुभाशुभ फल अनुक्रम कहे, अिसमें शुभद्वार स्थान जहां कहे हो वहां रखना और अशुभ स्थान न लेना ।

चारों दिशाओंके विभागमें पूर्वमें इंद्रके स्थानमें, दक्षिणमें गृहक्षत स्थानमें और पश्चिममें पुष्पदंतके स्थानमें तथा उत्तरमें भल्लाट स्थानमें द्वार रखनेसे शोभा बढती है और उसे शुभफल दाता समझें। २०७–२०८

पूर्वतोऽभिमुखं वेश्म ध्वजे चाये तु शान्तिदम् ।
याम्यतोऽभिमुखं गेहं सदा कल्याणकारकम् ॥ २०९ ॥

गृहं च वारुणे शस्तं धनधान्यादिकं भवेत् ।
कौबेरी मुखगेहं च शान्ति पुष्टि सुखावहम् ॥२१०॥ अपराजितसूत्र

પૂર્વ મુખનું ઘર શાંતિ અને કીર્તિ દેનારૂં જાણવું, દક્ષિણ મુખનું ઘર હમેશાં કલ્યાણકારી જાણવું, પશ્ચિમાભિમુખ ઘર ધન ધાન્યાદિ દેનારૂં જાણવું અને ઉત્તર મુખનું ઘર શાંતિ, પુષ્ટિ અને સુખને દેનારૂં જાણવું. ૨૦૯-૧૦

अपराजित सूत्र संतान अ० १०१ का १४–१५ श्लोकमें कहेते हैं कि शहरमें चारों ओरका भवन शुभ जानना. पूर्वमूखका गृह शान्ति और कीर्ति देता है. दक्षिणाभिमूख गृह हमेंशा कल्याणदाता समजना. पश्चिमाभिमूखका गृह धनधान्य दाता है. और उत्तराभिमूख गृह शान्ति पुष्टि और सुखको देता है एसे चारों दीशाका गृह उत्तम कहा है। कोइ दिशा निषिध नहीं कही। २०९–२१०

एक चण्ड्या रवे सप्त तिस्रोदद्याद्विनायके ।
चतरस्रो विष्णु देवस्य शिवस्याद्ध प्रदक्षिणा ॥ २११ ॥ सूत्रसंतान

દેવ પ્રદક્ષિણાનો પ્રકાર એવો છે કે ચંડીને એક, સૂર્યને સાત, વિનાયક–ગણપતિને ત્રણ, વિષ્ણુને ચાર, અને શિવજીને અરધી પ્રદક્ષિણા કરવી. (કારણ કે શિવ પ્રનાલ ઓળંગાય નહિ.) ૨૧૧

चंडीदेवी मंदिरमें एक, सूर्यको सात, गणेशको तीन, विष्णुको चार और शिवमंदिरमें आधी प्रदक्षणा करनी। (क्योकीं शिवप्रनाल उल्लंघन नहीं होते) २११

पूर्वापर यदाद्वारं प्रणालं चोत्तरे शुभम् ।
प्रशस्तं शिवलिङ्गनामिति शास्त्रार्थं निश्चलं ॥ २१२ ॥ सूत्रसंतान

પૂર્વ અને પશ્ચિમ મુખ દ્વારવાળા પ્રસાદને ઉત્તર દિશામાં પ્રનાલ (પાણીવાહની) રાખવી તે શિવજીના માટે વિશેષ પ્રશસ્ત છે. ઉત્તર-દક્ષિણ મુખના પ્રાસાદને પૂર્વમાં પ્રનાલ રાખવી એમ શાસ્ત્ર નિશ્ચય જાણવો. ૨૧૨

पूर्व पश्चिम मुखवाला प्रासादको प्रनाल उत्तर और रखनी. शिवलिङ्गके लिये यह प्रशस्त है । उत्तर दक्षिण मुखके प्रासादको प्रनाल पूर्वमें रखनी एसे शास्त्रार्थ निश्चित है । २१२

स्तंभवेधैर्यथा वास्तु वास्तुवेधैस्तथा सुराः ।
देववेधै भवेन्मृत्युः शिल्पिकारावरादिषु ॥ २१३ ॥

સ્તંભવેધવાળું ભવન કે વાસ્તુવેધવાળું દેવમંદિર કે દેવપ્રતિમા વેધ હોય તો શિલ્પી અને કરાવનાર બન્નેનું મૃત્યુ થાય. ૨૧૩

स्तंभवेधवाला भवन या वास्तुवेधवाला देवमंदिर देवप्रतिमावेधसें शिल्प और स्वामीकी मृत्यु होती है । २१३

गृहे देव गृहे वापि जीर्णे चोद्धर्तुमीप्सिते ।
प्राग्वदद्वारं प्रमाणं च—वास्तुत्यादोऽन्यथा कृते ॥ २१४ ॥

ઘર કે મંદિરનો જીર્ણોદ્ધાર કરતા જો દ્વાર પ્રમાણ ફેરફાર કરે તો વાસ્તુનું નવીન પૂજન કરવું. ૨૧૪

घर या मंदिरका जीर्णोद्धार करते वकत अगर द्वार—प्रमाणमें फर्क करें तो वास्तुका नया पूजन करें । २१४

स्थपति लक्षण—


सुशीलश्चातुरो दक्ष शास्त्रज्ञो लोभ वर्जित् ।
क्षमावान्नुद्विजश्चैव सूत्रधार स उच्यते ॥ २१५ ॥

સ્થપતિ લક્ષણ કહે છે.—

સુશીલ, ચતુર, કુશળ, શાસ્ત્રોના જ્ઞાતા, ચારિત્રવાન, નિર્લોભી, ક્ષમાવંત એવા દ્વીજબ્રાહ્મણકુળનો સૂત્રધાર=સ્થપતિ=ગજધર જાણવો. ૨૧૫



शिखरका शुकनास उदयेश्वरमंदिर उदयपुर (मध्यप्रदेश)



[illegible] आबू (राजस्थान)



स्तम्भमें इन्द्र प्रतिमा

सुशील चतुर इल्मी चारित्रवान शास्त्रोमें प्रविण, निर्लोभी और क्षमावान एसो द्विज=ब्राह्मण कुलका सूत्रधार=स्थपति गजधर जानना । २१५

सोमपुराणां सुहस्तेस्तु सचरे देवभुवनानि वै ।
शिल्पिहस्ते कृते सौख्यं अन्यवर्णान्विवर्जयेत् ॥ २१६ ॥

બ્રાહ્મણકુળના એવા સોમપુરા શિલ્પીના હાથથી દેવમંદિર કે રાજભવનનાં કાર્યોના નિર્માણ કરાવવા. તેઓના હાથથી થએલા કાર્યો સુખ અને સિદ્ધિને દેનાર જાણવું. ૨૧૬

ब्राह्मण कुलके सोमपुरा शिल्पीके हाथसे देवमंदिर या भवनके कार्य निर्माण कराना. उनसे सुख संपत्ति पैदा होती है । अन्यवर्णोका त्याग करना । २१६

एकहस्ते तु कल्याणं द्विहस्ते मृत्युरेव च ।
गृहादियैक शिल्पिना भाषितं विश्वकर्मणा ॥ २१७ ॥

ભવન કે મંદિર કરાવનાર યજમાને પરીક્ષા કરીને વિદ્વાન શિલ્પીને પોતાનું કાર્ય સોંપવું. શાસ્ત્રકાર કહે છે કે જે કાર્ય એકજ શિલ્પીના હાથે થયેલું હોય તે કલ્યાણકારી જાણવું. પરંતુ ચાલુ કામે બીજા શિલ્પીને બદલવાથી બે હાથથી થયેલું કાર્ય સ્વામીને મૃત્યુ દેનારૂં જાણવું તેમ વિશ્વકર્માએ કહેલું છે. ૨૧૭

भवन या मंदिर बनवानेवाले यजमाने जांचके बाद विद्वान स्थपतिका कार्य सोंपना चाहिये. शास्त्रकार कहते है कि जो कार्य एक शिल्पीसे हुआ हो वह कल्याणकारी है । किन्तु—चालु कार्यमें शिल्पि बदलनेसे दो हाथोंसे बनाहुआ कार्य मृत्युदाता जानना एसा विश्वकर्माका विधान है । २१७

गुणाश्च बहवो यत्र दोषमेकं भवेद्यदि ।
गुणाधिक्य अल्पदोषं कर्तव्यं नात्र संशय ॥ २१८ ॥

થયેલાં ભવન કે પ્રાસાદ–દેવમંદિરમાં ઘણા ગુણો હોય અને એકાદ દોષ દેખાતો હોય તોપણ તેનો દોષ નથી. જેમાં ઘણા ગુણો હોય અને થોડા દોષવાળું કાર્ય શ્રેષ્ઠ જાણવું, તેમાં જરાપણ સંશય કરવો નહિ. જેમ

અગ્નિમાં પાણીના બિંદુઓથી અગ્નિ ઓલવાતો નથી તેમ ઘણા ગુણો પણ ફળદાતા જ જાણવા. ૨૧૮

किये हुए भवन या देवमंदिरमें अनेक गुण हों और एकाद दोष हो तो भी यह दोष लगता नहीं। अनेक गुणवाला और थोडे दोषवाला कार्य श्रेष्ठ ही है। ईसमें किंचित संशय रखना नहीं। जिस तरह शुद्ध अग्निमें थोडे जलबिंदुओंसे अग्नि बुझाता नहीं ईसी तरह अनेक गुण फलदायी होता हैं। २१८

अल्पदोषं गुणाधिक्यं दोषायन भवेद्गृहम्।
दोषाधिक्यं गुणाल्पत्वं गृहमन्ते विवर्जयेत्॥ २१९॥

જે ગૃહકાર્ય થોડા દોષવાળું અને ઘણા ગુણોવાળું હોય તે ઘર દોષવાળું ગણાતું નથી પરંતુ જેમાં ઘણા દોષો હોય અને ગુણો ઓછા હોય તેવું ઘર અંતે પ્રયત્નથી તજી દેવું. ૨૧૯

जो गृहकार्य कमदोषवाला और ज्यादा गुणवाला हों वह दोष वाला नहीं है। किन्तु गुणसे दोष अधिक हो तो यह भवन आखिरमे छोडदेना चाहिये। २१९

गुणदोषौ च विज्ञाय शिल्पिकुर्वीत बुद्धिमान।
अन्यथा यदि कुर्यान्तु कर्त्ता भर्त्ता विनश्यति॥ २२०॥ मयमतम्

મયઋષિ કહે છે કે શિલ્પીએ ગુણદોષ વિચારીને જ કાર્ય કરવું. એથી ઊલટું બીજા કરે તો વાસ્તુ કરનાર અને કરાવનાર બન્નેનો નાશ થાય છે. ૨૨૦

मयऋषि कहते है कि शिल्पिको गुणदोषका विचार करके कार्य करना चाहिये—अन्यथा करनेसे स्वामि और शिल्पि दोनोंका नाश होता है। २२०

अथ प्रासाद देवतान्यास

विश्वकर्मा उवाच—

प्रासादे देवतान्यासं स्थापयेच्च समस्ततः ।
तदनुक्रमतो वक्ष्ये श्रुणुचैकाग्र मानसः ॥ २२१ ॥

पादे पराक्रमंदेवं प्रतिष्ठाप्य भूमध्यतः ।
प्राग्भारोद्भवं देवं शिलायां च तदूर्ध्वतः ॥ २२२ ॥

शिलोद्भवोध्धृता चादौ दंष्ट्र्या भूः समस्तिका ।
वराहरुपेण खरशिलायां धरणीधरः ॥ २२३ ॥

सूत्रपातं समासार्यं स्थाप्यश्चिन्तामणिस्तथा ।
आद्यस्तरोर्ध्वदेशे च तत्र नागकुलानि च ॥ २२४ ॥

प्रतिष्ठाप्याः पन्नगाश्च स्थाने पोत्यभिधानके ।
तदूर्ध्वे कुम्भकाख्ये च संस्थाप्या जलदेवताः ॥ २२५ ॥

पुष्पकं च तदूर्ध्वे तु चिप्पिका पुष्पकान्विता ।
संस्थाप्याः किन्नरास्तत्र चिप्पिका पुष्पकाकुला ॥ २२६ ॥

जाड्यकुम्भे स्थितो नन्दी कर्णाल्यां च ततो हरिः ।
गजपीठे गणेशश्च अश्वपीठे तथाऽश्विनौ ॥ २२७ ॥

नरपीठे नरांश्चैव स्थापयेत् क्रमयोगतः ।
क्षमां देवीं च खुरके स्रष्टारं कुम्भके तथा ॥ २२८ ॥

निर्गमोद्गम सीमायां ततः सृष्टिर्विनिर्मिता ।
संध्यात्रयं प्रतिष्ठाप्यं क्रमतो भद्रकत्रये ॥ २२९ ॥

कलशे च स्थितादेवी पार्वती तु हरप्रिया ।
धनदोऽन्तरपत्रे प्रतिष्ठाप्यो यथाक्रमम् ॥ २३० ॥

શ્રી વિશ્વકર્મા કહે છેઃ પ્રાસાદના સમસ્ત થરમાં દેવતા ન્યાસ સ્થાપન આહ્વાહન તેના ક્રમથી હું કહું છું તે એક ચિત્તે સાંભળોઃ—પાયાની ભૂમિમાં પરાક્રમદેવની સ્થાપના કરવી. તે ઉપરની શિલાઓમાં પ્રગટનાર દેવ ભૂમિ

ઉપરથી પહેલા ખર શિલાના થરમાં વરાહરૂપે ધરણીધરનું સ્થાપન કરવું. સૂત્રપાત નોંધમાં ચિંતામણી નીચે ઉપરના થરોમાં નાગકુળોનું–આહ્વાહન કરવું. ખડશીલાના વારિમાર્ગમાં નાગદેવનું. તે પર કુંભિકાના થરમાં જળદેવતા. પુષ્પકંઠામાં કિન્નર અને અંતરાળના થરમાં પુષ્પકકુલ; જાંડબામાં નંદી; કણીમાં હરિ, ગજપીઠમાં ગણેશ, અશ્વપીઠમાં અશ્વિનીકુમાર, નરપીઠમાં નરદેવ, એમ ક્રમયોગે કરીને મહાપીઠમાં દેવોનું આહ્વાહન કરવું. ખરાના થરમાં ક્ષમાદેવી (પૃથ્વી)નું આહ્વાહન કરવું. કુંભમાં તેના સૃષ્ટિમાર્ગ નિકળાના ત્રણ ભદ્રમાં ત્રણ સંધ્યાનું સ્થાપન કરવું, કળશાના થરમાં શિવને પ્રિય એવા પાર્વતી દેવીનું આહ્વાહન કરવું, અંતરપત્રમાં કુબેરનું આહ્વાહન કરવું. એમ યથાક્રમે કરીને દેવોની પ્રતિષ્ઠા કરવી. ૨૨૪ થી ૨૩૦

विश्वकर्मा कहते हैं : प्रासादके समस्त घरमें देवता न्यास, स्थापन, आवाहन उसके क्रमसे मैं कहता हूं उसे एक चित्तसे सुनिये । बुनीयादकी भूमिमें पराक्रम देवकी स्थापन करें, उसके उपरकी शीलाओंमें प्राग्भार देव, भूमि परसे पहले खरशीलाके घरमें तराहके रुपमें धरणीधरकी स्थापना करे । सुत्रपात नोंधमें चिंतामणी, नीचे उपरके घरमें नागकुलोंका आव्हाहन करे । खडशीलाके वारिमार्गमें नागदेवका, उस पर कुंभीकाके घरमें जलदेवता, पुष्पकंठामें किन्नर, अंतरालके घरमें पुष्पकुल, जाडंबामें नंदी, कणीमें हरि, गजपीठमें गणेश, अश्वपीठमें अश्विनीकुमार, नरपीठमें नरदेव, अैसे कर्मयोगसे महापीठमें देवोंका आवाहन करे । खराके घरमें क्षमादेवी (पृथ्वी) का आवाहन करे । कुम्भमें उसके सृष्टि मार्गसे निकलते तीन भद्रमें तीन संध्याकी स्थापन करे । कलशेके घरमें शंकरके प्रीय पार्वती देवीका आवाहन करे । अंतर पत्रमें कुबेरका आवाहन करे. अैसे यथाकर्म करके देवोंकी प्रतिष्ठा करनी चाहिये । २२१–२३०

कपोताभ्यां गन्धर्वा अन्तःपत्रं च किन्नरा ।
शारदा मंचिकायां च जंघायां मेरूरेव च ॥ २३१ ॥
लोकपालाश्च दिक्पालाः सुराश्चाथ गणेश्वराः ।
उदीच्यामिंद्रदेवश्च सावित्री भरणे स्थिता ॥ २३२ ॥
भारधराः शिरावट्यां पट्टदेव्यश्च संस्थिताः ।
विद्याधराः कपोताभ्या मन्त्रःपत्रे सुरास्तथा ॥ २३३ ॥

पर्जन्यः कूटछाद्यैतु छाद्यनिर्गम संयुते ।
तदनंतरतो देवान् स्थापयेद् गर्भमध्यतः ॥ २३४ ॥

शाखयोश्चंद्रसूर्यौ तु त्रिमूर्तीश्चोत्तरङ्गके ।
उदुम्बरे स्थिता यक्षा अश्विना वर्धचंद्रकं ॥ २३५ ॥

कोलिकायां धराधारः क्षितिश्चोत्तानपट्टके ।
स्तंभेषु पर्वताः प्रोक्ता आकाशं च करोटके ॥ २३६ ॥

મંડોવરના થરવાળાના કેવળના થરમાં ગંધર્વનું આહ્વાહન કરવું, અંતરપત્રમાં કિન્નરનું, માચીના થરમાં શારદા=સરસ્વતીનું આહ્વાહન કરવું, જંઘા મેરુરૂપ છે તેમાં લોકપાલ, દિગ્પાલ, ગણેશ્વર આદિ દેવોનું આહ્વાહન કરવું, ઉદ્‌ગમ=દોઢીયામાં ઈંદ્રનું, ભરણીમાં સાવિત્રિનું, શીરાવટીમાં દેવીનું ઉપલા કુવાળમાં વિદ્યાધરનું, અંતરપત્રમાં સુરનું, કૂટછાદ્યમાં પર્જન્ય (વરુણ)નું છાજાના નિકાળા સાથે તેમાં સંસ્થાપના કરવી, ગર્ભગૃહમાં મૂળનાયક દેવની સ્થાપના કરવી, બેઉ શાખામાં સૂર્ય અને ચંદ્રની, ઉતરંગમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશની, ઉંબરમા યક્ષની, અર્ધચંદ્રમાં અશ્વિનીકુમારની, કોપીમાં ધરાધાર-(   ) ની, ઉત્તાનપટ=ભારવટમાં પૃથ્વી ક્ષિતિજની, સ્તંભમાં પર્વત=શૈલની અને ઘુમટમાં આકાશ દેવોની સ્થાપના કરવી. ૨૩૧ થી ૨૩૬

मंडोवरके घरवालोके कवालके घरमें गंधर्वका आवाहन करें । अंतर पत्रमें किन्नरका, माचीके थरमें शारदा सरस्वतीका, जंघा मेरुरुप है उसमें लोकपाल, दिग्पाल, गणेश्वर आदि देवोंका आवाहन करें । उदगम् दोढियेमें इंद्रका, भरणीमें सावित्रिका, शीरावटीमें देवीका, उपलेकीवाळमें विद्याधरका, अंतरपात्रयें सुरका, कूट छाद्यमें पर्जन्य (वरुता) के छालेके निकालेके साथ उसमें संस्थापना करवी, गर्भगृहमें मूलनायक देवकी स्थापना करें । दोनों शाखोमें सूर्य और चंद्रकी, उतरंगमें ब्रह्मा, विश्णु, महेशकी, उंबरमें यक्षकी, अर्धचंद्रमें अश्विनीकुमारकी, कोळीमें धराधारकी, उत्तानपट=भारवटमें पृथ्वी क्षितिजको, स्तंभमें पर्वत शैलकी और गुम्बजमें आकाश देवोंकी स्थापना करनी चाहिये । २३१-२३६

जालके ऋषि संध्याश्च सुरा मध्ये प्रतिष्ठिताः ।
मकर जान्हवी गंगा चंडेशो गोमती तथा ॥ २३७ ॥

ब्रह्मा विष्णुस्तथा सूर्य ईश्वरी च सदाशिवः ।
ऊरुश्रृंगे तथा पंच भद्रभद्रेष्वयं विधिः ॥ २३८ ॥

शिखरे चेश्वरं विद्याच्छिखायां तु सुराधिपम् ।
ग्रीवायां त्वम्बरं देवमंडके च निशाचराम् ॥ २३९ ॥

पद्माक्षे पत्रपत्रे चाऽमलकमामल सारके ।
कलशे च स्थितोरुद्रो व्योम व्यापी सदाशिव ॥ २४० ॥

सद्यो वामस्तथा घोरस्तत्पुरुष ईश एव च ।
कर्णे प्रतिरथे चैवरथे पंजरभद्रयोः ॥ २४१ ॥

पंचवक्त्राणि पंचाग संख्या भद्रान्तगा भवेत् ।
इत्येते च समाख्याताः प्रासादे त्रिदशाः खलु ॥ २४२ ॥

न्यूनाधिकं स्थिता यहै देवास्तत्रैव ते पुनः ।
हीनेहीनाः प्रतिष्ठाप्या अधिके चाधिकाः श्रुता ॥ २४३ ॥

જાલીમાં ઋષિ સંઘ દેવા સાથે પ્રતિષ્ઠિત કરવા; પ્રનાલની મકર મુખે ગંગાજમના અને ચંડેશમાં ગોમતીનું આહ્વાહન કરવું; શિખરના ભદ્રપરના પાંચ ઉરૂશૃંગો બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય ઇશ્વર એ સદાશિવનું આહ્વાહન કરવું. શિખરમાં ઇશ્વર, કળશમાં ઇંદ્રિ, આમલસારાના ગળામાં અંબર દેવ, અંડક વચલા ગોળ આમલસારામાં નિશાચર, ચંદ્રસમાં પદ્માક્ષ, એમ આમલસારામાં આહ્વાહન કરવું. કળશમાં રુદ્ર અને ગોળ અંડકમાં સદાશિવનું આહ્વાહન કરવું. પ્રાસાદના ઉપાંગોમાં કર્ણ–પ્રતિરથ, રથ, નંદી અને ભદ્રશાં અનુક્રમે, સદ્યો, વામ, અઘોરે, તત્પુરુષ અને પાંચમાં અંગમાં ઇશનું આહ્વાહન કરવું. એમ પાંચ મુખના પાંચ અંગો ભદ્ર સુધીના જાણવા. એ રીતે પ્રાસાદની ત્રણુ બાજુનાં અંગોનું જાણવું. ઓછા કે વત્તા થરો પ્રમાણે દેવોનું સ્થાન જાણવું. જો થરોની હીન પ્રતિષ્ઠા કરે તો હીન ફળદાતા અને અધિક હોય તો તે અધિક શુભકારક જાણવું. ૨૩૭-૨૪૩

जालीमें ऋषि संघ देवोके साथ प्रतिष्ठित करे । परनालके मकर मुखको गंगाजल, और चंडेशमें गोमतीका आव्हाहन करे । शिखरके भद्र परके पांच उरु श्रंग ब्रह्मा, विष्णु, सूर्य, ईश्वर, और सदाशीवका आव्हाहन करे । शिखरमें इश्वर, कलशमें इन्द्र, आमलसाराके गलेमें अंबरदेव, बीचके आमलसारमें निशाचर, चंद्रसमें पद्माक्ष, अिस तरह आमलसारमें आव्हाहन करे । कलशमें रुद्र और गोल एडकमें सदाशीवका आव्हाहन करे । प्रासादके ऊपांगोंमें कर्ण प्रतिरथ, रथ, नंदी और भद्रमें अनुक्रमसे सद्यो, वाम, अघोर, तत्पुरुष और पांचमें अंगमें इशका आव्हाहन करना चाहिये । अिस तरह पांच मुखके पांच अंगोमय तकके जानने चाहिये । वैसे प्रासादके तीनों ओरके अंगोका जाने । कम या ज्यादा थरोंके मुताबीक देवोंका स्थान जाने । अगर थरोंकी हीन प्रतिष्ठा करें तो हीन फलदाता, और अधिक हो तो अधिक शुभ कारक समझे । २४०–२४३

अर्चाजुक्सि थर स्तंभ पीठ मंडोवरेषु च ।
पुजनं लोपयेद्यत्र निष्फलं तत्प्रजायते ॥ २४४ ॥

દેવની પૂજા, પ્રાસાદના થરો, સ્તંભ, પીઠ અને મંડોવર આદિમાં દેવતાઓનું પૂજન કરવું. જો જેમાં લોપ થાય તો પ્રાસાદનું પુણ્ય ફળ નિષ્ફળ જાય છે, ૨૪૪

देवकी पूजा, प्रासादके थर, स्तंभ, पीठ और चंडोवर आदिमें देवताओंका पूजन करें । अगर उसमें लोप होगा तो प्रासादका पुण्य-फल निष्फल जायेगा । २४४

श्री विश्वकर्मा कहते है कि प्रासादका समस्त अंङ्गमे देवतां न्यास=आव्हाहन क्रमसे कहते है :—

नीवेमे	पराक्रमदेव	अंतरपत्र	सुरदेव
नीमकीशिला	प्राग्भारदेव	कूटछाद्य	पर्जन्य
शिलामें	वराह	गर्भगृहमे	मूलनायकदेव
सूत्रपातरोध——चिन्तामणि		हरिशाखा	सूर्य चंद्र
नीचे परकाथरमें	नागकुल	उत्तरंग	त्रिमूर्ति
पाणिनारमें	नागदेव	उदंबरमे	यक्ष
कुभीस्तरमे	जलदेव	अर्धचंद्र	अश्वीनीकुमार
पुष्पकंठमे	किन्नर	कोली	पृथ्वी
चिप्यिकामे	पुष्पकाकुल	स्तंभमे	पर्वतदेव
जाडंबामे	नंदी	धुमटमे	आकाश
कर्णिकामे	हरि	तालिमे	ऋषिसध
गजपीठमे	गणेश	प्रनाल	गंगा यमुना
अश्वपीठमे	अश्विनी	चंडेश	गोमती
नरपीठमे	नरदेव	शीखरका पांच शुडश्रृंगमें	ब्रह्मा, विष्णु, सूर्य इश्वर, सदाशिव
खरामे	पृथ्वी=क्षमा		
कुंभामे	त्रियसंध्या	शीखरमे	इश्वर
कळशमे	पार्वती	कलश	इंद्र
अंतरपत्र	कुबेर	आमलासगला	अम्बरदेव
केवाल	गंधर्व	गोलअंड	निशाचर
अंतरपत्र	किन्नर	चंद्रस	पद्माक्ष
मंचिका	शारदादेवी	कलशमे रुद्र-सदाशिव	
जंघामे	लोकपालदिग्पाल	प्रासादउपा कर्ण सद्यो	
उमद्गम	गणेश्वरदेव	प्रतिरथ	वाम
भरणमे	सावित्रि	रथ	अघोर
शीरावटी	देवी	नंदी	तत्पुरुष
केवाल	विद्याधर	भद्र	इश

उपरोक्त प्रासादके अंगमें देवताओंके आव्हाहेन करनार देवपूजा— प्रासादके थर, स्तंभ, पीठ और मंडोवर आदिमे देवताओंका आव्हाहेन करके पूजाकरवा. इसका लोप होवे तो प्रासादका पुण्यफल निष्फल होता है।

वास्तुद्रव्यानुसार वास्तुनामाभिधान

पाषाणैं निर्मितं यत्तुतत्गृहस्य ।
पक्केष्टकं वास्तुनाम भवनाह्नमुत्तमम् ।
आमेष्टकैः सुमनन्तु सुधारं कर्दमेनतु ॥ २४५ ॥

मानस्य वद्धि तं काष्टैर्यत्रश्च चन्दनं स्मृतम् ।
वस्त्रैश्च विजय प्रोक्तं राज्ञां शिल्पि विकल्पितम् ॥ २४६ ॥

कालमेति च विज्ञेय मष्टमंतृण जातिभिः ।
उत्तमा मिच चत्वारि गृहाणि गृहमेधिनाम् ॥ २४७ ॥

વાસ્તુદ્રવ્યના ઉપયોગ પરથી નામાભિધાન કહે છેઃ- પથ્થરોથી બનાવેલ ભવનને ઉત્તમમંદિર કહે છે, પાકી ઈંટથી બનાવેલ ભવનને ભુવન કહે છે, કાચીઈંટથીના ઘરને સુમન, ગારા માટીના ઘરને સુધાર, કાષ્ટ-લાકડુથી બનાવેલ ઘરને માનસ્ય, વેતથી બનાબેલ ઘરને ચંદન, રાજાઓના વસ્ત્ર તંબુને વિજય, તૃણ=ઘાસનાને કાલમ. હવે ઉત્તમ એવા ચાર દ્રવ્યના ગૃહના નામ કહે છે. ૨૪૫-૪૬-૪૭

वास्तु द्रव्योंके उपयोगसे नामाभिधान कहते हैं । पत्थरसे बने भवनको उत्तम मंदिर कहते हैं । पक्की इंटसे बने मकानको भुवग कहते हैं । कची इंटसे बने घरको सुमन, मिट्टीसे बनेको सुधार, काष्टसे बनेको भानस्य, बेतसे बनेको चंदन, राजाओंके वस्त्र तंबुको विजय, तीन घासवालेको कालम, अब उत्तमसे चार द्रव्यके गृहके नाम कहते हैं । २४५–४६–४७

सौवर्ण राजसं ताम्र मायसं च प्राकीर्तितम् ।
सौवर्णन्तुकरनाम राजतं श्रीभवन्तथा ॥ २४८ ॥

ताम्रेण सूर्यमंत्रन्तु चंडनाम तथा यसम् ।
देव दानव गंधर्व यक्ष राक्षस पन्नगाः ॥ २४९ ॥

द्वादशै ते प्रकारास्तु गृहाणां नियताः स्मृता ।
जातुषं त्वनिलं नाम प्रायुवं वारिबन्धकम् ॥२५०॥ विश्वकर्म प्रकाश

સુવર્ણ, ચાંદી, તાંબુ અને અષ્ટલોહ એ ચારોના ગૃહોના નામ કહે છેઃ- સુવર્ણના ભવનને કર, ચાંદીના ભવનને વિભવ, ત્રાંબાના ભવનને સૂર્યમંત્ર,

અને લોહ અષ્ટલોહના ભવનને ચંડ નામથી ઓળખાય છે. દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને પન્નગ (નાગ) એ પૂર્વોક્ત બાર પ્રકારના ગૃહો નિયમથી કહ્યા– લાખના ઘરને "અનિલ" કહે છે. નદીના બંધને "પ્રાયુવ" કહે છે. ૨૪૮–૪૯–૫૦

सुवर्ण, चांदी, तांबा और अष्टलोह–वे चारोंके गृहोंके नाम कहते हैं । सुवर्णके भुवनको कर, चांदीके भवनको विभव, तांबेके भवनको सूर्यमंत्र और लोह अष्टके भवनको चंड नामसे जानते हैं । देव, दानव, गंधर्व, यक्ष, राक्षस और नाग सब लोगोंने पूर्वोक्त बार प्रकारके गृह नीयमीसे कहे । लाखसे वने घरको 'अनिल' कहते हैं और नदीके बांधको 'प्रायुव' कहेते है । २४८–४९–५०

पाषाणभवन	पकीईंटकाभवन	कचीईंटका	मीट्टी	काष्ट
मंदिर	भवन	सुमन	सुधार	मानस
बेत	राजाकावस्रका	तृण–धास	सुवर्ण	चांदी
चंदन	विजय	कालम्	कर	श्रीभव
त्रांबेकाभवन	अष्टलोह	लाख	जलबंध	
सूर्यमंत्र	चंद्र	अनिल	प्रायुव	कहेते हैं ।

अथ शल्य विज्ञान

जलान्तं प्रस्तरां तं वा पुरुषान्तमथोपि वा ।
क्षेत्रसंशोद्धये चोध्धृत्य शल्यं सदनमारभेत् ॥ २५१ ॥

केशाः कपालमस्यास्थि भस्मलोहे च मृत्यवे ।
शल्यानेकविधाः प्रोक्ता धातुकाष्टास्थि संभवा ॥ २५२ ॥

तान्परिक्ष्य प्रकर्तव्यो गृहारंभो द्विजोत्तम ।
नवकोष्टी कृते भूमि भागे प्राच्यादितो लिखेद् ।
अक चट तप यशान्क्रमाद्वर्णा निमानि च ॥२५३॥ 'विश्वकर्म प्रकाश

मंत्रश्च—

ॐ ह्रीं कुष्मांडि कौमारि ममहृदये कथय कथय ह्रीं स्वाहा ।
एक विंशति वारमनेन मंत्रेणाभि मंत्र प्रश्ना मानयेत् ॥ २५४ ॥

પ્રાસાદને રાજભવનમાં પાણી કે પથ્થર આવે ત્યાં સુધી અને અન્ય ગૃહોને માણસના માથોડા જેટલું ઊંડું ખોદવું ને ક્ષેત્ર (ઘરની ભૂમિ)નો સારી રીતે શોધ કરીને શલ્યનો ઉદ્ધાર કરીને ગૃહારંભ કરવો. વાળ, ખોપરી, શીંગડા, હાડકાં, ભસ્મ=રાખ, ચામડું, કોલસા, લોઢું, કાષ્ટ, ધાતુ, દ્રવ્ય, ધાન્ય, એમ અનેક પ્રકારના શલ્ય કહ્યા છે. તે ઘરની ભૂમિમાં હોય તો મૃત્યુકર્તા જાણવા. ધાતુ, ધાન્યને દ્રવ્ય શલ્યમાં ગણેલા છે.

ઘરના આરંભ કરતાં પહેલાં, દ્વીજમાં ઉત્તમ એવા શિલ્પીએ તેની પરીક્ષા કરવી. ઘરની ભૂમિના નવ કોઠા=ભાગ પૂર્વાદિ દિશામાં અનુક્રમ પાડી તેમાં अ, क, च, ट, त, प, य, श–એમ ફરતા આઠ કોઠામાં પૂર્વાદિ સૃષ્ટિ માર્ગ અક્ષરો લખવા.

સ્વામીએ એક કુમારિકાના હાથમાં ફળ આપીને આ મંત્ર એકવીશવાર ભણવો, ॥ ॐ ह्रीं कूष्मांडि कौमारि मम हृदये कथय कथय ह्रीं स्वाहा ॥ એકવીશ વાર મંત્ર ભણીને પ્રશ્ન કરી ઉપરોકત કોઠામાં ફળ મૂકવું અને તે જે કોઠામાં ફળ મૂકે તેનું નીચે પ્રમાણે શલ્ય જાણવું. અને તે કાઢીને ભૂમિશુદ્ધિ કરવી. ૨૫૧-૨૫૪

प्रासादमें या राजभवनमें पानी या पत्थर आ जावे वांहतक और अन्य गृहको आदमीकी उंचाईं तक गहेरा खोदना चाहिये । और क्षेत्र (धसीभूमि) की अच्छी तरहं शोधकरके शल्यका उद्धारकरके गृहारंभ करे । बाल, खोपडी, सींग, हड्डियें, भस्म, चमडा, कोयला, लोह, काष्ट, धातु द्रव्य धान्य वैसे अनेक प्रकारके शल्य कहे हैं । वे घरकी भूमिमें हो तो मृत्युकर्ता जाने । धातु धान्यको द्रव्य शल्यमें गीने हैं वे उत्तम हैं लेकिन ले लेना चाहिये ।

घरका आरंभ करते पहले द्वीजमें उत्तम हो वैसे शिल्पी उसकी परिक्षा करे । घरकी भूमिके नव कोठे=भाग पूर्वादि दिशासे अनुक्रमे बनाकर उसमें अ–क–च–ट–त–थ–य–श अिस प्रकार ओर आठ कोठेमें पूर्वादि सृष्टि मार्ग अक्षर लिखे । गृह स्वामी कुमारिकाके हाथमें फल देकर अिक्कीस बा यह मंत्रको पढे ह्रीं कूष्मांडि कौमारि ममहृदये कथय कथय ह्रीं स्वाहा । मंत्र बोलके प्रश्न करके कोठेमें फल रखें जो कोठेमें फल रखें उसका नीम्न शल्य जाने और उसे निकालकर भूमि शुद्ध करे । २५१–२५४

प्रारंभः स्याद्यदि प्राच्यां नरशल्यं तदाभवेत् ।
सार्द्धहस्त प्रमाणेन तच्चमानुष्यमृत्यवे ॥ २५५ ॥
अग्नेर्दिशि चकः प्रश्ने खरशल्यं करद्वयो ।
याम्यादिशि च कृते प्रश्ने नरशल्य मधोभवेत् ॥ २५६ ॥
नैॠत्यान्दिशितः प्रश्ने सार्द्धहस्ते श्वानास्थित ।
पश्चिमायान्तु शिशुशल्यं सार्द्धहस्तरधानीत् ॥ २५७ ॥
वायव्यां दिशि तु प्रश्ने नराणां वा चतुष्करे ।
उत्तरस्यां दिशि प्रश्ने विप्रशल्यं कटेरधः ॥ २५८ ॥
ईशानदिशि यः प्रश्नो गोशल्यं सार्द्धहस्ततः ।
मध्य कोष्टे च यः प्रश्नो वक्षो मात्रादधस्तदा ॥ २५९ ॥

शल्य दर्शक यंत्र

डेढ हस्ते
बालकका शल्य

नैऋत्य		पश्चिम		वायव्य
डेढ हस्ते श्वान शल्य	ट	त	प	चार हस्ते नर शल्य
दक्षिण कटिपुर विप्रशल्य	च	मध्य छातीपुर नर शल्य	य	उत्तर कटिपुर विप्रशल्य
दो हस्ते गद्धाकाशल्य	क	अ	श	डेढ हस्ते गो शल्य
अग्नि		पूर्व		इशान

डेढ हस्ते
नर शल्य

પ્રશ્ન કરતાં પૂર્વ અ ખંડ કોઠામાં દોઢ હાથ નીચે મનુષ્યના હાડકા નીકળે તે ઘરધણીનું મૃત્યુ કરાવે. અગ્નિ દિશાના ક કોઠામાં બે હાથ નીચે ગધેડાના હાડકા નીકળે, દક્ષિણ દિશાના ચ કોઠામાં કેડ નીચેથી મનુષ્યના હાડકા નીકળે, નૈઋત્ય કોણના ટ કોઠામાં કુતરાના હાડકા નીકળે, પશ્ચિમ દિશામાં ત કોઠામાં દોઢહાથ નીચે બાળકના હાડકાં નીકળે, વાયવ્ય કોણના પ કોઠામાં ચાર હાથ નીચે મનુષ્યના હાડકા નીકળે. ઉત્તર દિશાના ય કોઠામાં બ્રાહ્મણના હાડકા કેડ નીચે ઊંડે નીકળે, ઈશાનકોણના શ કોઠામાં દોઢ હાથ નીચે ગાયના હાડકાં નીકળે, મધ્યના કોઠામાં છાતી જેટલે ઊંડે મનુષ્યના વાળ, ખોપરી, લોહભસ્મ આદિ નરશલ્ય નીકળે, તે શલ્ય કાઢીને વાસ્તુ પૂજન કરી ભૂમિની શુદ્ધિ કરવાથી સ્વામી સુખ વૈભવથી રહે છે. ૨૫૫ થી ૨૫૯

प्रश्नकरनेके पूर्व अ खं कोठेमें डेढ हाथ नीचे मानवकी हड्डियां नीकले तो गृहस्वामीकी मृत्यु हो। अग्निकोणके क कोठेमें दो हाथ नीचे गधेकी हड्डियां नीकले, दक्षिण दिशाके च कोठेमें कमरके नीचे से आदमीकी हड्डियां नीकले, पश्चिम दिशामें त कोठेमें डेढ हाथ नीचे बच्चोंकी हड्डियां नीकले, वायव्य कोणके प कोठेमें चार हाथ नीचे आदमीकी हड्डियां नीकले, उत्तर दिशाके य कोठेमें ब्राह्मणकी हड्डियां कमरतक नीचे से नीकले, इशानकोनेमें श कोठेमें डेढ हाथ नीचे गायकी हड्डियां नीकले, मध्यके कोठेमें छातीकी गहराई से मनुष्यके बाल, खोपरी, लोहभस्म आदि नर शल्य नीकले तो वैसे शल्यको नीकाल कर वास्तु पुजन करके भूमिको शुद्ध करनेसे स्वामी सुख वैभवसे रहते है। २५५–२५९

इति शल्य विज्ञान

ગૃહ કે પ્રાસાદના પ્રારંભ માટે શુભ મુહૂર્તો વિદ્વાન જ્યોતિષ પાસે કઢાવવા. પ્રથમ માસ શુદ્ધિમાં વૈશાખ, શ્રાવણ, માગશીર્ષ, પોષ અને ફાગણ એ પાંચ માસ ઉત્તમ ખાત માટે છે. પ્રતિષ્ઠા માટે મહા અને જેઠ માસ પણ લેવાય છે. શુભ દિવસ ચંદ્રબળ નિષિદ્ધ કાળ છોડીને પ્રત્યેક મુહૂર્તો કરવા. પ્રથમ-ખનન મુહૂર્ત, બીજું ખાત શિલારોપણ વિધિ જ્યાંથી પાયો પૂરવાનો પ્રારંભ થાય. ભૂમિ ઉપરથી નોંધ કરવાનું, કણપીઠ અને ઉપરની

નોંધ–આ માટે સારા દિવસો જોવા. ત્રીજું સ્તંભનું, ચોથું દ્વારનું, પાંચમું પાટનું, છઠ્ઠું પદ્મશિલા અથવા છત, આચ્છાદન વચ્ચે શિખરના પ્રારંભ અને શુકનાસ, સાતમું આમલસાળાનું. આ સાતે મુહૂર્તો તેના ચક્રાદિ જોઈને ખૂબ ઉત્સાહથી અને ઉદારતાથી કરતાં વાસ્તુ પૂજન કરવું. છેલ્લે મૂર્તિ પ્રતિષ્ઠા જેમાં કળશ અને ધ્વજદંડ સ્થાપન સાથેજ મૂર્તિ પ્રતિષ્ઠાદિ ખૂબ ધામધૂમથી કરવો.

गृह या प्रासादके प्रारंभके लिये शुभमुहुर्त विद्वान जयोतिषिके पास निकलवाये. प्रथम मास शुद्धिमें बैसाख, सावन, मगशीर्ष, पुस और फाल्गुन पांच मास उत्तम खातके लिये हैं। प्रतिष्ठाके लिये महा और ज्येष्ठ भी लेते हैं। शुभदिन चंदबल निषिद्ध काळको छोडकर प्रत्येक मुहुर्त करे। प्रथम खनन मुहुर्त–दूसरा खात शिलारोपण विधि जहांसे नींव पूरनेका प्रारंभ हो वही भूमि परसे नौध करे। कणपीठ और उपरका नौध भिसलिये शुभदिन देखे। तीसरा स्तंभका चौथा द्वारका, पांचवा पाटका, छट्ठा पद्मशिला या छत आच्छादनका। बीचमें शीखरका प्रारंभ और शुकनाथ, सातवां आमलसाखका। सातों मुहुर्त शकादि देखकर बडे उत्साहसे उदारतासे करके वास्तु पूजन करे। अंतमें मूर्त्ति प्रतिष्ठा जिसमें कळश, ध्वज दण्ड स्थापनके साथ मूर्ति प्रतिष्ठादि बडी धामधूमसे मनाये।

મુહૂર્ત જોતાં–પ્રારંભમાં વૃષચક્ર પૃથ્વી સૂતી, બેઠી કે ઉભી જોવાય છે. શિલારોપણ પર દ્વારચક્ર તેમાં વત્સ દોષ અને રાહુ દોષ જોવા. સ્તંભચક્ર, પાટચક્ર અને આમલસલા ચક્ર જોઈ મુહૂર્તો કરવા. છેલ્લા પ્રતિષ્ઠામાં પ્રતિમા સ્થાપન–પ્રાસાદાભિષેક, ધ્વજદંડ અને કળશ સ્થાપના ઘણા મહોત્સવપૂર્વક કરવા. તે સમયે સ્થપતિ–સૂત્રધાર અને અન્ય શિલ્પીગણ તથા બીજા શ્રમજીવીઓને ધન, વસ્ત્ર, સુવર્ણ, આભૂષણાદિથી સંતુષ્ટ કરી શુભાશિષ પ્રાપ્ત કરવા.

मुहुर्त देखते वक्त प्रारंभमें वृषचक्र पृथ्वी खडी या सोती देखते है। शिलारोपण पर द्वारचक्र, भिसमें वत्स शेष और राहु देखे। स्तंभचक्र, पाटचक्र और आमलसला चक्र देखे। मुहुर्त करने अंतमें प्रतिष्ठामें प्रतिमा–स्थापना प्रासाशभिषेक ध्वजदंड और कलश स्थापना

बडे महोत्सवके साथ करते वक्त स्थपति, सुत्रधार, अन्यशिल्पिगण और मजदरोंको धन वस्त्र सुवर्ण आभुषण आदिसे संतुष्ठ करे। और स्थपतिके शुभाशिष प्राप्त करे ।

પ્રાસાદ નિર્માણના પાંચ કે સાત મુહૂર્તો સમયે સ્થપતિ-સૂત્રધારપૂજન કરી સુવર્ણદ્રવ્ય વડે ગજપૂજન આદિ આઠ સૂત્રધારનું પૂજન યજમાને કરવું.

प्रासाद निर्माणके पांचके सात मुहुर्तके समय स्थपति=सूत्रधार पूजन करके सुवर्ण द्रव्यके साथ गणपूजन आदि अष्ट सुत्रोंका पूजन यजमानको करना चाहिये ।

मुहुर्त चक्रादि

गृहारंभकाले वृषचक्र ।
गृहारंभेऽर्कं भाद्राभैः शीर्षैस्थैदहि ईरितः ।
अग्रपाद स्थितेर्वेदैः शुन्यं स्याद्वृषचक्रके ॥ २६० ॥

स्थिरता पृष्ठपादस्थैर्वेदैः पृष्ठे श्रियस्त्रिभिः ।
लाभोवेदैर्दक्षकुक्षौ रामैः पुच्छ पतिक्षति ।
कुक्षौ वामेऽब्धिभिर्नैस्वं मुखे पीडा त्रिभिश्च भैः ॥ २६१ ॥

ગૃહના આરંભમાં સૂર્યનક્ષત્રથી દિનિયા નક્ષત્ર સુધી ગણતાં નક્ષત્રો જુદા જુદા અંગ પર મૂકતાં તેનું શ્રેષ્ઠ નેષ્ટ ફળ કહે છે. પ્રથમના ત્રણ નક્ષત્રો વૃષના માથાપર. તેનું ફળ દાહ તે પછીના ચાર નક્ષત્રો આગલા પગે-તેનું ફળ શૂન્ય. પછીના ચાર નક્ષત્રો પાછલા પગે સ્થાપવા-તેનું ફળ સ્થિરતા. પછીના ત્રણ નક્ષત્ર પીઠ પર-લક્ષ્મીપ્રાપ્તિ. પછીના ચાર નક્ષત્રો જમણી કુખે-તે લાભ કર્તા. પછીના ત્રણ નક્ષત્ર પુછડે-તેનાથી સ્વામીનો નાશ. પછીના ચાર નક્ષત્રો ડાબી કુખે-તેનાથી નિર્ધનતા. પછીના ત્રણ નક્ષત્રો મુખમાં સ્થાપવા-તેનું ફળ 'પીડાકારક જાણવું. ૨૬૦-૨૬૧

गृहके आरंभमें सूर्य नक्षत्रसे दिनिया नक्षत्र तक गीनते गीनते नक्षत्रोको अलग अलग अंग पर रखे तो श्रेष्ठ या नेष्ठ फल कहे जाते हैं। प्रथमके तीन नक्षत्र वृषके सीरपर उसका फलदाह उसके बादके चार नक्षत्र पीछले पैर पर उसका फल शून्य। बादके चार नक्षत्र पीछले

पैर पर उसका फल स्थिरता, उसके बादके तीन नक्षत्र पीठ पर, लक्ष्मी प्राप्ति, और चार नक्षत्र दायीं करवट पर वही लाभकर्ता, और तीन नक्षत्र पूंछ पर फल निर्धनता, बादके तीन नक्षत्रकी स्थापना मुखमें और उसका फल पीडाजनक जानें । २६०-२६१

વૃષચક્રનું ઓડ

(૧)	૩	નક્ષત્ર	નેષ્ટ
(૨)	૪	,,	નેષ્ટ
(૩)	૪	,,	શ્રેષ્ઠ
(૪)	૩	,,	લક્ષ્મીપ્રાપ્ત
(૫)	૪	,,	શ્રેષ્ઠ
(૬)	૩	,,	નેષ્ટ
(૭)	૪	,,	નેષ્ટ
(૮)	૩	,,	નેષ્ટ
	૨૮	નક્ષત્ર	

ખાત વખતે પૃથ્વી સૂતી-બેઠી જોવાની રીતઃ- શુદ ૧ થી તિથિ, વાર રવિવાર અને અશ્વિનીથી નક્ષત્રથી નક્ષત્ર, એ રીતે જે દિવસે મુહૂર્ત જોવું હોય તે દિવસની તિથિ, વાર કે નક્ષત્રની સંખ્યાનો સરવાળો કરીને ચારે ભાંગતાં જે શેષ રહે તે તેનું ફળ જાણવું. શેષ ૧ વધે તો પૃથ્વી ઉભી. તેથી ઘર કરતાં ક્લેશ થાય. બે વધે તો પૃથ્વી બેઠી તે શુભ. ત્રણ શેષ રહેતો તે પણ શુભ. અને શૂન્ય રહે તો જાગતી તે નેષ્ટ જાણવી.


खातके वक्त पृथ्वी सोती या खडी देखनकी विधि । सुद १ से तिथि, रविवार से वार, अश्विनी से नक्षत्र-नक्षत्र । जिस प्रकार जिस दिनसे मुहुर्त देखना हो उस दिनकी तिथि वार या नक्षत्रको कुल मिलाकर चार के अंक से विभाजित करके जो शेष संख्या बाकी बचे वही उसका फल जाने । शेष १ बचे तो पृथ्वी खडी, उससे गृह बनाते कलेश होवे, दो की संख्या शेष बचे तो पृथ्वी बैठी, वेही शुभ । तीन शेष बचे तो वह भी शुभ । और शेष ४ बचे तो जागती वही नेष्ट समझें ।

अथ द्वार चक्रम्

अर्काच्चत्वारि ऋक्षाणि ऊर्ध्वे चैव प्रदापयेत् ।
द्वौद्वौ दद्याच्च कोणेषु शाखायाच्च चतुःश्चतुः ॥ २६२ ॥
अधश्चत्वारि देवानि मध्ये त्रीणि प्रदापयेत् ।
ऊर्ध्वे तु लभते राज्यमुद्वेगः कोणकेषु च ॥ २६३ ॥
शाखायां लभते लक्ष्मीर्मध्ये राज्यप्रदं तथा ।
अधस्ते मरणं प्रोक्तं द्वारचक्रं प्रकीर्तितम् ॥ २६४ ॥

સૂર્યનક્ષત્રથી દિનિયા નક્ષત્ર સુધી ગુણી પહેલા ચાર નક્ષત્રો ઉતરંગે રાજ્ય પ્રાપ્તિ પછીના ચાર ખૂણાના બબ્બે નક્ષત્રો મળી આઠ નક્ષત્રો ઉદ્વેગ કરાવે, પછીના ચચ્ચાર નક્ષત્રો બેઉ શાખામાં તે લક્ષ્મીપ્રાપ્તિ કરાવે, પછીના ચાર નક્ષત્રો નીચે ઉંબરામાં તેનું મૃત્યુ ફળ, પછીના બ કીના છેલ્લા ત્રણ નક્ષત્રો દ્વારની મધ્યમાં રાજ્યપ્રાપ્તિ-આ રીતે દ્વારચક્રનું શુભાશુભ ફળ કહ્યું. તેમાં શુભ ફળ દેનાર નક્ષત્રોમાં દ્વાર સ્થાપન કરવું. ૨૬૨-૬૩-૬૪

सुर्य नक्षत्रसे दिनिया नक्षत्र तक गीनकर पहले चार नक्षत्र उतरंगसे राज्य प्राप्ति, बादके चार कोनेके दो दो नक्षत्र सब मिलकर उद्वेग करावे— बादके चार चार नक्षत्र दोनों शाखामें हैं वे लक्ष्मो प्राप्ति करावे. बादके बाद चार नक्षत्रसे नीचे देहली में मृत्युफल बताता है । बादके अंतीम तीन नक्षत्र द्वारकी मध्यमें राजप्राप्ति । अिस तरह द्वार चक्रका शुभाशुभ फल कहा हैं । शुभफल दीखते हो वैसे नक्षत्रों में द्वार स्थापन करें । २६२–६३–६४



		नक्षત્ર
(૧)	ઉતરંગ	૪ રાજપ્રાપ્તિ
(૨)	ચારખૂણાના	૮ નેષ્ઠ
(૩)	શાખા	૮ શ્રેષ્ઠ
(૪)	ઉંબરા	૪ નેષ્ટ
(૫)	મધ્ય	૩ શ્રેષ્ઠ
		૨૮

द्वार स्थापनमां वत्स—

कन्यादीना त्रिके सूर्ये द्वारं पूर्वादिषु त्यजेत् ।
यत्र वत्समुखं तत्र स्वामिनो हादं कृनिते ॥ २६५ ॥

કન્યાદિ ત્રણ ત્રણ રાશિનો સૂર્ય હોય ત્યારે પૂર્વાદિ વગેરે દિશાઓમાં દ્વાર ન મૂકવું.

કન્યા, તુલને વૃશ્ચિક એ ત્રણ રાશિ સૂર્યમાં પૂર્વ દિશાનું દ્વાર ન મૂકવું.
ધન, મકર, કુંભ એ ત્રણ રાશિ સૂર્યમાં દક્ષિણ દિશાનું દ્વાર ન મૂકવું.
મીન, મેષને વૃષભ એ ત્રણ રાશિ સૂર્યમા દક્ષિણ દિશાનું ,, ,,
મિથુન, કર્ક, સિંહ ,, ,, ,, ઉત્તરે ,, ,, ,,
કારણ કે તે દિશાઓમાં દ્વાર મૂકવાથી વત્સ મુખ સામું હોય છે. તેમાં મૂકવાથી સ્વામીને નુકશાન થાય છે. ૨૬૫


कन्यादि तीन तीन राशिका सूर्य होवे तब पूर्वादि दिशाओमें द्वार न रखे । कन्या तुला और वृषिक यह तीन राशीमें सूर्यमें पूर्व दिशामें द्वार खडा न करें । धन, मकर, कुंभ वे तीन राशीमें सूर्य आवे तो दक्षिण दिशामें द्वार न करे । मीन, मेघ और वृषम वे तीन राशिके सूर्यमें पश्चिम दिशामें द्वार न करे । मीथुन, कर्क, सिंह यह तीन राशिमें उत्तरमें द्वार न करे । क्योंकि उन दिशाओंमें द्वार रखनेसे वत्सका विरुद्ध मुख होता है । और स्वामीको नुकसान पहुंचता है । २६५

सिंहे चैव तथा कुंभे वृश्चिके वृषभे तथा ।
नैव दोषो भवेत्तत्र कुर्याच्चतुर्दिशामुखम् ॥ २६६ ॥

સિંહ, કુંભ, વૃશ્ચિક તથા વૃષભ રાશિના સૂર્યમાં ચારે દિશા તરફ દ્વાર મૂકવામાં આવે તો પણ વત્સના દોષ લાગતો નથી, કેમકે તે સમયે વત્સનું મુખ કોણાઓ તરફ હોય છે. ૨૬૬

सिंह कुंभ, वृश्चिक और वृषम राशिके सूर्यमें चारों दिशाकी ओर द्वार करें तो भी वत्सका दोष छूना नहीं । क्योंकि उस वक्त वत्सेका मुख कोणोंकी तरफ होता है । २६६

वत्सचक्र



ઉપરોકત કહેલી દિશામાં અને કહેલા રાશિમાં તે દિશામાં દ્વાર ન મૂકવું. પરંતુ વત્સએ આકાશમાં સૃષ્ટિક્રમે ફરે છે તેથી તે રાશિના મધ્યના ૩૦ દિવસોમાં અને તેની સામેની દિશામાં વત્સ હોય છે તેથી તે વિભાગમાં દ્વાર મૂકવું નહિ.


વત્સચક્રમાં ભવનની ચારે દિશાઓમાં સાત સાત વિભાગો કરવા:— પહેલા વિભાગમાં પાંચ દિવસ વત્સ રહે છે; બીજામાં દશ દિવસ, ત્રીજામાં પંદર દિવસ, મધ્યમાં ત્રીશ દિવસ વત્સ રહે છે; પાંચમામાં પંદર દિવસ, છઠ્ઠામાં દશ દિવસ અને સાતમામાં પાંચ દિવસ વત્સ રહે છે, આ રીતે પ્રત્યેક દિશામાં વત્સ રહે છે,પરંતુ જે વિભાગમાં વત્સ સામે કે પૃષ્ઠે હોય તે દિવસોમાં દ્વાર ન મૂકવું, બાકીના વિભાગમાં વત્સ ન હોય ત્યારે દ્વાર શુભ મુહૂર્તે મૂકવું. વત્સ એક દિશાણું ત્રણ માસ રહે છે તેમ સામાન્ય રીતે કહ્યું, પરંતુ તે દિશામાં ૯૦ દિવસ વહેંચી વિભાગ કહ્યા.

उपरोक्त बतायी दिशामें और कही राशिमें उसी दिशामें द्वार न करे । लेकिन वत्स वही आकाशमें सृष्टि क्रमके मुताबीक फिरता है । अिससे उस राशिके मध्यके १० दिवसोंमें और उसकी सामनेकी दिशामें वत्स होता है अिसलिये उस विभागमें द्वार न करे ।


वत्स चक्रमें भवनकी चारों दिशाओंमें सात सात विभाग करें । पहले विभागमें पांच दिन तक वत्स रहेता है । दूसरेमें दस दिन तक तीसरेमें पंदर दिन और मध्यमें तीस दिन तक वत्स रहता है । बादके पांचवेमें पंद्रह दिन, छट्ठवेमें दस दिन, और सातमे विभागमें पांच दिन तक वत्स रहता है । अिस तरह प्रत्येक दिशामें वत्स रहता है । लेकिन जिस विभागमें वत्स होवे, सामने हो के पृष्ठमें हो उन दिनोंमें द्वार न खडा करे । बाकीके विभागोमें वत्स होवे तब द्वार शुभ मुहुर्तमें खडा करे । वत्स एक ही दिशामें तीन माह रहता है वैसा बताया लेकिन उस दिशाके ९० दिनोंका बंटवारा करके विभाग करे ।

अथ स्तंभ चक्र

सुर्याधिष्ठि त भात्रयं प्रथमतो मध्ये तथा विंशति ।
स्तंभाग्रे शर संख्यया मुनिवरैरुक्तानि धिष्ण्यानि च ॥ २६७ ॥
स्तंभाग्रे मरणं भवेद् गृहपतेर्मूले धनार्थ क्षय ।
मध्ये चैव सुखार्थं कीर्तिमतुलां प्राप्नोति कर्ता सदा ॥ २६८ ॥



સૂર્યના મહાનક્ષત્રથી દિનિયા નક્ષત્ર સુધી ગણત્રી કરી પ્રથમના ત્રણ નક્ષત્રો સ્તંભના અગ્ર ભાગમાં મૂકવા, ત્રણથી તે ત્રેવીશ સુધીના અર્થાત્ વીશ નક્ષત્રો મધ્ય વિભાગમાં મૂકવા અને ૨૩ થી તે અભિજિત સહિત એકવીશ સુધીના એટલે પાંચ નક્ષત્રો સ્તંભના મૂળ ભાગમાં મૂકવા એમ મુનિવરોએ કહ્યું છે. સ્તંભના ઉપલા માત્ર ભાગના ત્રણ નક્ષત્રોથી સ્વામીનું મૃત્યુ થાય અને નીચે મૂળના પાંચ નક્ષત્રોમાં ધન અને મનોરથો ફળતા નથી. પરંતુ વચલા ભાગના વીશ નક્ષત્રોમાં મુહૂર્ત કરવાથી સ્વામીને સુખ, લક્ષ્મી અને અતુલ કીર્તિ મળે છે. ૨૬૭–૨૬૮



सूर्यके महा नक्षत्रसे दिनीया नक्षत्र तक गीनती करके प्रथमसे तीन नक्षत्र स्तंभके अग्र भागमें रखे । तीने से तेईस तकके अर्थात् बीस नक्षत्र मध्य विभागमें रखे । और २३ से लेकर अभिजित सह २८ तकके नक्षत्र अर्थात् पांच नक्षत्र स्तंभके मूल भागमें रखे । वैसा मुनिवरोंने बताया ।

स्तंभके उपरके अग्रभागमें तीन नक्षत्रसे स्वामीकी मृत्यु होवे और नीचे मूलके पांच नक्षत्रोंमें धन और मनोरथका फलता नहीं मिलता । लेकिन बीचके बीस नक्षत्रोंमें मुहूर्त करनेसे स्वामीको सुख, लक्ष्मी और अतुल किर्ति मिलती है । २६७–२६८

मोभचक्र वा पाटचक्र

मूले मोमे त्रिऋक्षे गृहपति मरणं पंचगर्भे सुखं स्यात् ।
मध्ये चैवाष्ट ऋक्षं धनसुत सुखदं पुच्छके चाष्ट हानिः ॥ २६९ ॥

पश्चादग्रे त्रिभाति गृहपति सुखदं भाग्यपुत्रार्थदं स्यात् ।
सूर्यादिनं च ऋक्षं यदि विधुदिनभं मोभचक्रं विलोक्यम् ॥२७०॥

સૂર્યના મહા નક્ષત્રથી તે દિનીયા નક્ષત્ર સુધી ગણતાં પહેલાં ત્રણ નક્ષત્રો મોભ કે પાટ મૂળમાં મૂકવા તે અશુભ છે–સ્વામીનું મૃત્યુ નીપજાવે, ગર્ભમાં પાંચ મૂકવા તે સુખ કર્તા છે મધ્યમાં આઠ નક્ષત્રો મૂકવા તે ધન, પુત્ર અને સુખ આપનારા છે. પુછડે આઠ નક્ષત્રો મૂકવા તે હાનિકર્તા છે, પાછળના ભાગે અગ્ર ભાગે ત્રણ નક્ષત્રો મૂકવા તે ઘરના સ્વામીને સુખ આપનાર તથા ભાગ્ય અને ઘણા પુત્રો આપનાર જાણવા, આ પ્રમાણે મોભ તથા પાટડા (ભારવટ)નુ ચક્ર એકજ જાણવું. ૨૬૯–૨૭૦

३	५	८	८	३
नेष्ट	श्रेष्ठ	श्रेष्ठ	नेष्ट	श्रेष्ठ

सूर्यके महा नक्षत्रसे लेकर दीनाया नक्षत्र तक गीनते पहले तीन नक्षत्रोंमें मोभको पाट मूलमें रखे वही अशुभ है। स्वामीकी मृत्यु हो। गर्भमें पांच रखे वही सुखकर्ता है। मध्यमें आठ नक्षत्र रखेतो अिससे धन, पुत्र और सुख प्राप्त हो। पूंछ पर आठ नक्षत्र रखेतो हानिकर्ता है। पीछेके भाग पर, अग्र भाग पर तीन नक्षत्र रखेतो वे घरके स्वामीको सुख देनेवाले, सुभाग्य और बहुत पुत्रोंको देनेवाले समझे। अिस तरह मोभ और पाटडा (भारवट)का चक्र एकही जाने। २६९-२७०


अथ आमलसारा घंटा चक्रम् ॥

घंटा चक्रं विधायैवा मध्ये पूर्वादिशाक्रमात् ।
त्रीणि त्रीणि प्रदेयानि सृष्टि मार्गेण क्रामके ॥ २७१ ॥

मध्ये चैव स्मृतो लाभो पूर्वं भागे जमा रयो ।
आग्नेयाश्चैव हानिः स्याद् दक्षिणे पतिनाशनम् ॥ २७२ ॥

नैऋत्ये पारणालाभः पश्चिमे सर्वदा सुखम् ।
वायव्यां मश्वलाभः स्यादुत्तरे व्याधिसंभवः ।
ईशाने वस्त्रलाभश्च घण्टा चक्रफल स्मृतम् ॥ २७३ ॥

આમલસારનું મુહૂર્ત કરવામાં ઘંટાચક્ર અવશ્ય જોવું, મધ્યમાં ત્રણ અને પૂર્વાદિ દિશા વિદિશાક્રમથી આઠ સ્થાનમાં ત્રણ ત્રણ મળીને ૨૭ નક્ષત્રો વહેંચવા, મધ્યના ત્રણ નક્ષત્ર લાભદાયક, પછી પૂર્વના ત્રણ નક્ષત્ર રણસંગ્રામમાં વિજય અપાવે, પછીના ત્રણ નક્ષત્રો પછીના અગ્નિ કોણમાં હાનિકારક, પછીના દક્ષિણના ત્રણ પ્રતિનાશ, પછીના ત્રણ નૈરૂત્યના ત્રણ પુત્રલાભ પછીના પશ્ચિમના ત્રણ હમેશા સુખ આપનાર, પછીના વાયવ્યના ત્રણ વાહનનો લાભ અપાવે, પછીના ઉત્તરના ત્રણ વ્યાધિનો સંભવ, અને છેલ્લા ત્રણ નક્ષત્રો ઇશાનના વસ્ત્ર લાભ અપાવે, આ રીતે ઘંટાચક્રનું ફળ જાણવું. ૨૭૧-૭૨-૭૩



अमलसाराके मुहुर्त करनेमें घंटाचक्र अवश्य देखे. मध्यमें तीन और पूर्वादि दिशा विदिशाके क्रमसे आठ स्थानमें तीन तीन कुल मिलाकर २७ नक्षत्रोंमें बांटे । पहले मध्यके तीन लाभकर्ता, बादके तीन रणसंग्राममें विजय देनेवाले, बादके तीन संधीनाम, बादके अग्निकोणके हानिकारक, बादके दक्षिणके तीन प्रतिनाश, नैऋत्यके तीन पुत्र लाभ, पश्चिम के तीन हमेशा सुख देनेवाले, वायव्यके तीन यातायातके वाहनका लाभ देनेवाले, उत्तरके तीनमें व्याधिका संभव, और अंतके ईशानके तीन वस्त्र लाभ देनेवाले । यही घंटा चक्रका फल समझे । २७१–७२–७३

રાહુ સન્મુખ હોવા છતાં દ્વાર મૂકવાનું વિધાન.

राहु सन्मुख होवे फिर भी द्वार रखनेका विधान :–

सन्मुखो राहु पृष्ठे वा द्वारश्च स्थापयेत्सुधीः ।
सूर्यांगुला शलाकाया विस्तारेणांगुलिका तथा ॥२७४॥

द्विशलाका द्विकोणे स्यात्ताम्रशुद्धा च तत्र वै ।
स्थापिते वदने धीमान्तरिक्षः प्रजायते ॥२७५॥

રાહુ સન્મુખ હોય કે પછવાડે હોય તેવા સમયમાં દ્વાર મૂકવાની અગત્ય હોય તો બુદ્ધિમાન શિલ્પીએ નીચે બતાવેલ વિધિ અનુસાર દ્વાર સ્થાપન કરવું.

બાર આંગળ લાંબી અને એક આંગળ પહોળી એવી શુદ્ધ ત્રાંબાની બે શલાકાઓ (પટ્ટીઓ) કરાવી દ્વારના નીચેના બન્ને ખૂણાઓ નીચે મૂકી તે પર દ્વાર સ્થાપન કરવું. આ પ્રમાણે દ્વાર સ્થાપન કર્યાથી અંતરિક્ષ દ્વાર થાય છે તેથી રાહુનો દોષ લાગતો નથી. ૨૭૪-૭૫

राहु सन्मुख होवे या पीछे होवे उस वकत द्वार रखनेकी अगत्य होवे तो बुद्धिमान शिल्पी निम्न विधिसे स्थापन करना बताते हैं ।

बार अंगुल लंबी और एक अंगुल चौडी वैसी शुद्ध त्रांबली दो सलाकाओ कराके द्वारके नीचेके दोनो कोनोंके नीचे रख, उस पर द्वार स्थापन करें । वैसे द्वार स्थापन करनेसे अंतरिक्ष द्वार होता है और उससे राहूका दोष लगता नहीं । २७४–२७५

पुनः शुद्धदिशाकाले तिर्यगृक्षे सुशोभने ।
द्वारचक्रं शुभस्थाने बलिपूजाविधानकै ॥२७६॥
खातयेत् कूच्छ्रितं द्वारभित्तिकायाश्च बुद्धिमान ।
नीत्वा तदा शलाकाश्च द्वारं वै स्थापयेतथा ॥२७७॥

ફરી જ્યારે રાહુ શુદ્ધ દિશામાં આવે ત્યારે તિર્યગૂતિના શુભ નક્ષત્રના દિવસે પોતાના મૂળ સ્થાપનમાં દ્વાર ચક્રને દ્વાર પ્રતિષ્ઠાની બલિપૂજાના વિધાનપૂર્વક નીચે બતાવેલી વિધિ પ્રમાણે સ્થાપવું. બુદ્ધિમાન શિલ્પીએ દ્વારના નીચેના ખૂણાએ (શલાકાની જગ્યાએ ભીંતમાં દિવાલ કોચી બાંકુ પાડવું શલાકા ખેંચી કાઢવી અને પછી દ્વાર સ્થાપી દિવાલમાં પાડેલ બાંકુ ચણી લેવું) આ પ્રમ.ણે દ્વાર સ્થાપન વિધિ જાણવી. ૨૭૬-૬૭

फिर जब राहु शुद्ध दिशामें आवे तब तिर्यग्गतिके शुभ नक्षत्र के दिन अपने मूल स्थानमें द्वार चक्रको द्वार प्रतिष्ठाकी बलिपूजाके विधानपूर्वक निम्न विधिसे स्थापित करें । बुद्धिमान शिल्पी द्वारके नीचेके कोने में (सलाकाकी जगह पर भित्तिमें दिवाल कुरेदके बील बनाके शलाका खींच निकाले और फिर द्वारकी स्थापना करके दिवालका बील पूरा भरले) वैसे द्वारकी विधि जानें । २७६–२७७

॥ पुष्य नक्षत्रनी प्रशंसा ॥

पापैर्विद्धेयुते हीने चन्द्रताराबलेऽपि च ।
पुष्ये सिद्ध्यन्ति सर्वाणि कार्याणि मंगलानि च ॥२७८॥

ચંદ્રમા અને તારા બલહીન હોય, પાપગ્રહોથી વિંધાયલ હોય અથવા પાપ-ગ્રહોથી યુકત હોય તોપણ પુષ્યનક્ષત્રમાં સર્વમાંગલિક કાર્યો સિદ્ધ થાય છે. ૨૭૮

चंद्र और तारें बलहीन होवे, पाप ग्रहोसे विधालय होवे और पाप ग्रहोंसे युक्त होवे फिर भी पुष्य नक्षत्रमें सर्वमांगलिक कार्य सिद्ध होते हैं । २७८

॥ वत्सदोष उत्पन्न न थवा विषयमां ॥

भारद्वाज वशिष्ठानां वंश ज्ञातीन् विशेषतः ।
प्रासादे च चतुर्द्वारे पुरे च नगरायणे ॥२७९॥

कूपे कुंडे तडागे वा वत्सदोषो न विद्यते ।
द्वारस्याभ्यन्तरे द्वारे मध्ये भौमं चतुर्मुखम् ॥२८०॥

प्रतिष्ठा मंडपे चैव होम स्थाने विशेषतः ।
वत्सदोषो न कर्तव्यश्चाथ सौभाग्यदायकाः ॥२८१॥

ભારદ્વાજ ગોત્ર અને વસિષ્ઠ ગોત્રના વંશજો કે જ્ઞાતિવાળાઓને વિશેષ કરીને વત્સદોષ લાગતો નથી. તેમજ ચતુર્મુખ પ્રાસાદ, પુર, નગર, કૂવા, કુંડ કે તળાવ. પ્રતિષ્ઠા મંડપ કે હોમશાલા. ચતુમુખ ભૂમિ કે દ્વારની અંદરના ભાગે બીજું દ્વાર મૂકવામાં. આ સર્વમાં વત્સદોષ લાગતો નથી. વત્સદોષ હોય તોપણ તે સર્વ સુખ ભાગ્યને દેનાર જાણવું. ૨૭૯-૮૦-૮૧

